શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ



શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું
પારિવારીક સામાયિક

કિંમત ₹ ૨૦/-

# જ્ઞાતિસેતુ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા • વર્ષ -૧૧ • અંક-૩ • ડિસેમ્બર ૧૫ - જાન્યુઆરી ૧૬



## સંકલ્પ શક્તિનું અડગ પ્રતિબિંબ
## નારી તારા નવલા રૂપ

Sureshbhai Soni
94269 15921

Amit Soni
90337 57701



# M/s Soni Parshottam Lakhamshi & Co.

(BABUBHAI MANFARAWALA)

## Suresh & Co.

**Manufacturers & Dealers of Gold and Silver Ornaments**

Ganga Bazar. Anjar, (Kachchh) 370 110
Tel : +91 2836 243342

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

**વર્ષ : ૧૧ ● અંક : ૩**

**ડિસેમ્બર'૧૫ – જાન્યુઆરી'૧૬**

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઇન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઇટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

**● અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

**● ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

**● અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

**● નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

**● માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂ. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦/-



**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**


## તંત્રી સ્થાનેથી

નૂતન વર્ષ ૨૦૧૬ 'જ્ઞાતિસેતુ'ના સર્વે વાંચકોને તથા જ્ઞાતિજનો માટે મંગલકારી બની રહે તેવી શુભ કામના સાથે આ વર્ષનો પ્રથમ અંક વાંચકો સમક્ષ પ્રસ્તુત કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. 'જ્ઞાતિસેતુ'ના અગિયાર વર્ષના અનુભવના ભાથા સાથે પ્રસિધ્ધ થયેલ 'વિરાસત વિશેષાંક'ને જ્ઞાતિના અગ્રણીઓ, સેતુના સુજ્ઞ વાંચકો અને સમસ્ત સમાજમાંથી આવકાર મળેલ છે, તે માટે સૌનો વિનમ્રભાવે આભારી છું. આપના પ્રોત્સાહન અને હૂંફથી 'જ્ઞાતિસેતુ'ની સફરને વેગ મળેલ છે.

'જ્ઞાતિસેતુ'નો અભિગમ હંમેશાં મહિલા સશક્તિકરણ તરફી રહેલ છે. આપણા સમાજની મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં સિધ્ધિ હાંસલ કરી રહેલ છે, જે ગૌરવની વાત છે. તાજેતરમાં યોજાયેલ સ્થાનીય નગરપાલિકાઓની ચૂંટણીમાં આપણી જ્ઞાતિની ત્રણ મહિલા ઉમેદવારો શાનદાર દેખાવ સાથે વિજયી થયા. રાજકારણ જેવા મુશ્કેલ ક્ષેત્રમાં તેમનું પદાર્પણ સમગ્ર જ્ઞાતિ માટે ગૌરવરૂપ બીના છે. આ સેવાક્ષેત્રમાં તેમનું યોગદાન અન્યો માટે પ્રેરણારૂપ બની રહેશે.

આપણા સમાજના યુવાવર્ગ વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ પ્રતિભા ધરાવે છે. તેમની પ્રતિભાને બહાર લાવવા ભુજ જ્ઞાતિ દ્વારા ટેલેન્ટ સર્ચ પ્રોજેક્ટનું આયોજન પ્રસંશનીય પહેલ છે.

'જ્ઞાતિસેતુ'ના આ અંકથી બે નવા વિભાગો શરૂ કરવામાં આવેલ છે. "નારી તારાં નવલાં રૂપ"માં સમાજની મહિલાઓએ વિવિધ ક્ષેત્રમાં પ્રાપ્ત કરેલ સિધ્ધિ તેમજ તેમના યોગદાનની વિગત હશે. વિદ્યાર્થીઓ માટે "સામાન્ય જ્ઞાન" વિભાગ ઉપયોગી રહેશે તેવી આશા છે.

વિશેષમાં આ નૂતન વર્ષના પ્રારંભે અંજાર અને અમદાવાદ જ્ઞાતિનું સુકાન યુવા નેતૃત્વએ સંભાળેલ છે. તેમને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક શુભકામના.

અસ્તુ.

**– અતુલ સોની**

# જીવને શિવત્વ બક્ષનાર : ધ્યાની સ્વામિજી

પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ

## સ્વામિનારાયણ સંપ્રદાયના સંતની ચિર વિદાય

કોઈ પણ મનુષ્ય ધ્યાની સ્વામિજીની સંપર્કમાં જ્યારે પણ આવે ત્યારે તેમને હાલતી ચાલતી શિક્ષાપત્રીનાં દર્શન થાય – શ્રી હરિએ રચેલ શિક્ષાપત્રીનું અક્ષરસઃ પાલન કરનાર કોઈ નિહાળવા મળે તો તે ધ્યાની સ્વામિજી.



પ.પૂ. ધ્યાની સ્વામિજી

સ્વામિજીની વચન સિધ્ધિના દર્શન તો લાખો લોકોને થયા છે. ત્વરીત વ્યસન મુક્તિ, ત્વરીત રોગમુક્તિ જેવી અગાધ સિધ્ધિ કે ઐશ્વર્યોના દર્શન પણ અસંખ્યાત લોકોને થયેલા છે.

પરિણામે કોઈ સ્વામિજીને નંદકોટીના સંત કહે, કોઈ વળી અનાદ મુક્ત, મહામુક્ત પણ કહે. એ વાત નિશ્ચિત છે કે તેઓ શ્રીજી મહારાજના સાધર્મપણાને પામેલા સંત હતા. શ્રી હરિ કાયમ તેમના હૃદયમાં જ રહેતા. આજે પણ તેઓશ્રીના દિવ્યાત્માના અનેક ભક્તો અનુભવ કરી રહ્યા છે.

તકલીફો તો આપણા આ માનવજીવનમાં લખાયલી જ છે. પરંતુ ડૉક્ટરો નિદાન કરે, સારવાર આપે કે ઑપરેશનની વાત કરે તે પહેલાં જ જો પૂજ્ય ધ્યાની સ્વામિજીના શરણે રોગી આવી જાય તો તેમની શારીરિક પીડાઓ નષ્ટ થઈ જતી મેં જોઈ છે. આવા સંતવર્ય પોતાના અમાપ - અપાર સામર્થ્ય વડે કોઈ પણ વિટંબણા ટાળી શકવા સમર્થ હોય છે.

શાસ્ત્રો સૂચવે છે કે, “આવા સંતને વૃધ્ધાવસ્થા, રોગ કે વિપત્તિ હોતા જ નથી. તેઓનું દેવ જેવું દિવ્ય શરીર - દિવ્ય દેહ જ હોય છે. “न तस्य ज्ञरा न रोगो, प्राप्तस्य योगाग्निमय शरीरम् ॥” માણસની ગમે તેવી વિકટ સમસ્યા હોય તે સ્વામિને જણાવે કે તરત જ સમસ્યાનું નિવારણ થઈ જ જાય.

અડધી રાત્રિએ પણ કોઈનો ફોન આવે તો પોતાને અવશ્ય જગાડવો એવી સુચના સ્વામિજીએ સેવકોને આપી રાખીને તેઓ સમજાવે કે લોકો દુઃખી હોય ત્યારે જ અડધી રાતે ફોન કરે ને? એ બિચારા કોને કહેવા જાય?

સ્વામિશ્રી અવારનવાર સલાહ આપતા કે માત્ર અમે ધ્યાનમાં ભગવાનને નિરખીએ છીએ એવું નથી. તમો પણ પ્રયત્ન કરો તો એવું શું છે કે જે ન થાય? તમને પણ ભગવાન જરૂર ધ્યાનમાં દર્શન આપે.

*પારસ ઔર ગુરૂદેવમેં ઐસા અંતર જાન*
*પારસ લોહ કંચન કરે ઔર ગુરૂ કરે આપ સમાન.*

એક સમયે અમેરિકામાં શ્રીજી મહારાજાની શોભાયાત્રાની પૂર્ણ તૈયારી સમયે એક અમેરિકાના હરિ ભક્તે કહ્યું કે સ્વામિ, હમણાં જ ટી.વી. પર વેધરના ન્યુઝ છે કે બરફનું તોફાન બે કલાકમાં અહીં ફરી વળશે. માટે આ તૈયારીનો હવે કોઈ અર્થ નથી. અમારે ત્યાં અમેરિકાની વેધશાળાની આગાહીઓ અતિ ચોક્કસ હોય છે. સ્વામિશ્રીએ ઉત્તરમાં કહ્યું, “ભગવાનને ચિંતા છે ને? ભગવાનને પ્રાર્થના કરું છું - ભગવાનને કરતાં આવડે છે તેવું કોઈનેય કરતાં આવડતું નથી.” બરફનું તોફાન અધવચ્ચેથી વિખરાઈ ગયું.

કચ્છમાં ઇ.સ. ૧૯૭૨થી ૧૯૭૫ લાગલગાટ ત્રણ વર્ષ સૂકો દુષ્કાળ પડ્યો. પાણીનું ટીપું પણ ન પડ્યું. ઘાસનું કોઈ તણખલું ના ઉગ્યું. તે સમયે સ્વામિશ્રીએ “શ્રી સ્વામિનારાયણ દુષ્કાળ રાહત ફંડ” અને “શ્રી સ્વામિનારાયણ સત્સંગ સેવા સંચય” નામની સંસ્થા રચેલી. એ સમયે કચ્છના કલેક્ટર શ્રી ની. ગોપાલાસ્વામિ (આઈ.એ.એસ.) હતા. સ્વામિશ્રી કહે, ‘કલેક્ટરને અમારી પાસે બોલાવી લાવો.’ સ્વામિજીની સંકલ્પ શક્તિથી પુરવઠા અધિકારીઓની મિટીંગ છોડી કલેક્ટરશ્રી મારી સાથે મંદિરે પધાર્યા.

સ્વામિશ્રી કહે, “તમો બાલકૃષ્ણજીની પૂજા કરો છો તે ભગવાન સ્વયં અંગીકાર કરે છે.” અમારા દુષ્કાળ રાહત કાર્યમાં તમો શું યોગદાન આપી શકશો? કલેક્ટરશ્રીએ વાહનોની મદદ પણ કરી. અવારનવાર સ્વામિજી પાસે આવે - આશીર્વાદ માંગ્યા. સ્વામિશ્રી કહે, ‘ભગવાન તમને ભારતમાં સારા હોદ્દા પર મૂકશે.’ તેઓ ભારતના ચૂંટણી કમિશ્નર બનેલા.

પૂજ્ય ધ્યાની સ્વામિના શિષ્યવૃંદમાં હાલે તો દેશ-વિદેશમાંથી મળી કુલ ૧૫ લાખથી વધુ બુધ્ધિજીવી શિષ્યો અર્થાત્ વકીલો, ડૉક્ટરો, ઉદ્યોગપતિઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ વિ. છે. સૌ ભક્તોના ત્રિવિધ તાપ સ્વામિશ્રીએ હર્યા છે.

*સંત બડે પરમારથી શીતલ જાકો અંગ*
*તપન બુઝાવે ઔર કી ઔર દેહે અપના રંગ.*

સ્વામિજીના નાડી પ્રાણ તેમના હાથમાં હતા. સ્વામિશ્રી મને અનેક વખત કહેતા કે, ***“અમને કોઈ પ્રશ્ન હોય તો મોટેભાગે અમે ભગવાનને તકલીફ આપતા જ નથી. અમે આજે પણ અમારા ગુરૂને પૂછીએ છીએ. તમો પણ નિયમ, ધર્મ દ્રઢપણે***

*પાડશો તો અમે ધ્યાનમાં ગયા હોઈશું તો પણ દર્શન આપીશું."*

શિક્ષાપત્રીના ૧૧૧મા શ્લોકમાં શ્રીજી મહારાજે લખ્યું છે કે, "ક્યારેક અધાદિક ભક્ત શ્રીકૃષ્ણના અંગમાં રહે છે ત્યારે તો શ્રીકૃષ્ણ ભગવાન એકલા હોય તેમ જાણવા." પૂજ્ય ધ્યાની સ્વામિજીની સંકલ્પ શક્તિ અમાપ હોવાથી તેઓ દિવ્યરૂપે શક્તિપાત કરી શકતા.

Teleportation - ટેલીપોર્ટેશનની ક્રિયા તો સ્વામિજી માટે સહજ હતી. સ્વામિશ્રી ક્યારેક મને કહેતા કે, "એવા કોઈ શક્તિશાળી સંત હોય તે લાખો માઈલ દૂર જોઈ શકે, લાખો માઈલ દૂરનું સાંભળી શકે, લાખો માઈલ દૂરથી વસ્તુ લાવી શકે. અમે એવા નથી. વાસ્તવમાં આવી તમામ શક્તિ તેઓશ્રીની હતી. જેનો મને અનુભવ કરાવ્યો છે."

સ્વામિશ્રીએ એવું પણ કહેલું કે કોઈ મનુષ્યને કોઈ તકલીફ હોય અને ભગવાનને, નંદ સંતોને, અમને યાદ કરી પ્રાર્થના કરતા હોય ત્યારે અમને અમારા જમણા પગના અંગુઠામાં કરંટ જેવું લાગે કે તરત કોણ કરગરે છે તે ખ્યાલ આવી જાય અને ઈશ્વરને પ્રાર્થના કરીએ તેનું દુઃખ દૂર કરવા.

પૂજ્ય સ્વામિજીએ અક્ષરધામમાં જવાનું નિશ્ચિત કરી લીધેલું. તેઓએ છેલ્લા બે-ત્રણ માસથી માંદગી ગ્રહણ કરી તે પણ એવી કે ડૉક્ટરો તેનું ચોક્કસ નિદાન કરવામાં પાછા પડી જાય.

ત્યારે સ્વામિશ્રી સ્વયં જણાવે કે મારા શ્વેત કણો વધી ગયા છે. ક્યારેક ઑક્સિજન વિશે કહે તો ક્યારેક કિડનીની તકલીફની સારવાર વિશે જણાવે. તેઓ સૂચવે તે પ્રમાણે તકલીફ દેખાય. એમ પણ કહેલું કે મારે મશીન પર છેલ્લે રહેવું પડશે. ડાયાલિસિસ કરાવવું પડેલું - વેન્ટીલેટર પર પણ રાખવા પડેલા. તેમના શબ્દો સાચા ઠર્યા.

તા. ૧૯-૧૨-૨૦૧૫ના રોજ દેશ વિદેશના શિષ્ય ભક્તોને તેમણે બોલાવી સભા ભરી. ગુરૂકુળના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે રાજીનામું આપી, કાયમ માટે સાહિત્ય ચર્ચા, સંત શિષ્ય, શાસ્ત્રી સ્વામિશ્રી સત્સંગભૂષણદાસજીની તેઓશ્રીએ સ્વ-સ્થાને નિમ્યા. તેઓશ્રીએ નાનામાં નાની બાબતોનો ખ્યાલ રાખી વિગતો જાતે લખાવી. જે ડૉક્ટરોએ સેવા કરી છે તેમનો સન્માન



સમારોહ યોજવાનું કહેતા ગયા. તા. ૨૬-૧૨-૨૦૧૫ના સ્વધામ સિધાવ્યા.

શનિવાર, તા. ૯-૧-૨૦૧૬ના કણભા મધ્યે તથા રવિવાર તા. ૧૦-૧-૨૦૧૬ના વડતાલધામ મધ્યે હજારો સંતો ભક્તોની સભામાં તેઓશ્રીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. પૂજ્ય ધ્યાની સ્વામિજી દેહાતીત વર્તતા હતા. આવા સત્ પુરૂષ દિવ્ય દેહે, ભાગવતી તનુએ આજે પણ આપણી સમીપે છે. ■

## ભારી હૃદય - અશ્રુભીની આંખે ધ્યાની સ્વામીને વિદાય

કચ્છમાં જન્મેલા વયોવૃદ્ધ તપોનિષ્ઠ સંત ધ્યાની સ્વામી - હરિસ્વરુપદાસજી (૯૩ વર્ષ) ટૂંકી બીમારી બાદ અક્ષરવાસી થતાં રવિવાર, તા. ૨૭-૧૨ના સાંજે સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા અનુસાર હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં અંતિમવિધિ કરાઈ હતી. હજારોની સંખ્યામાં ઉમટેલા ભાવિકોએ ભારી હૃદયે અને અશ્રુભીની આંખે સ્વામીને અંતિમ વિદાય આપી હતી.

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના કણભા ખાતે સર્વજીવ હિતાવહ સ્વામિનારાયણ ગુરુકુળના સ્થાપક સંત અક્ષરવાસી થયા હોવાના સમાચારને પગલે ગત રાત્રિથી જ કણભા તરફ ભક્તોનો પ્રવાહ વધ્યો હતો. તેમના અંતિમ દર્શન માટે રાજ્યના કાયદા મંત્રી પ્રદીપસિંહ જાડેજા, પુરુષોત્તમ રૂપાલા, દસક્રોઈના ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ, પૂર્વ મંત્રી બિમલભાઈ, અમદાવાદના મેયર હિંમતસિંહ પટેલ સહિતના અનેક ધારાસભ્યો, ભાજપના અગ્રણીઓ ઉપરાંત અમેરિકા, કેનેડા, યુ.કે. સહિત દેશ-વિદેશથી ૧૫૦થી વધુ વરિષ્ઠ હરિભક્તો, કચ્છ - વાગડ - સૌરાષ્ટ્ર - મુંબઈ - વડતાલ લક્ષ્મીનારાયણ દેવ, દેવકૃષ્ણ સ્વામી, કોઠારી સ્વામી શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશ સ્વામી, કુંડળ ધામના જ્ઞાનજીવન સ્વામી, છારોડી ગુરુકુળના માધવપ્રિય સ્વામી, રાજકોટ ગુરુકુળના દેવકૃષ્ણ સ્વામી, સારંગપુર કષ્ટભંજન હનુમાનજીના કોઠારી વિષ્ણુપ્રસાદ સ્વામી, મણિનગર પુરુષોત્તમપ્રિયદાસજીના સંતો ઉપરાંત સંત સમાજ પ્રમુખ નૌતમ સ્વામી સહિત ૩૦૦થી વધુ સંપ્રદાયના સંતો, મહંતો, કોઠારી તેમજ યશવંતભાઈ સોની, ગોવિંદભાઈ, નીતિન ભટ્ટ, સૂર્યકાંત ભટ્ટ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અંતિમવિધિ સ્વામીના શિષ્ય સમુદાયે કરી હતી.

ગત રાત્રિથી સાંજ સુધી હજારો હરિભક્તોએ ઉપવાસ કર્યા હતા. ધ્યાની સ્વામીને શ્રદ્ધાંજલિ અર્પવા તા. ૧૦-૧-૧૬ના વડતાલ ખાતે સભા મળી હતી.

હજારોની સંખ્યામાં ઉમટેલા હરિભક્તોએ સવારથી બપોર સુધી સ્વામીના અંતિમ દર્શન કર્યા હતા. ભચાઉ ખાતે લોહાણા વેપારીઓએ પોતાના કામ-ધંધા બંધ રાખ્યા હતા.

***સૌજન્ય : "કચ્છમિત્ર"***

# હરિ અમારા આંગણે

સુરેશ પ્રાગજી સોની - માંડવી

માંડવી-ભુજ હાઈવે પર માંડવીથી ૨ કિ.મી.નાં અંતરે વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટીટ્યુટ (V.R.T.I.) નામે સંસ્થા આવેલી છે. આ સંસ્થાની બરાબર સામે અમારૂં એટલે કે સુરેશભાઈ પ્રાગજીભાઈ સોનીનું પાર્ટીપ્લોટ - વૃંદાવન પાર્ટી પ્લોટ - આશરે ૨૦,૦૦૦ ફૂટ વિસ્તારમાં બનાવાયેલ છે. આ જગ્યા પર જયારથી પાર્ટીપ્લોટ બનાવવાનું વિચાર્યું હતું ત્યારથી જ નામ 'વૃંદાવન' પાર્ટી પ્લોટ રાખવું તેવું અમે નક્કી કર્યું. તેમજ આ જગ્યા વિકસ્યા બાદ સૌપ્રથમ તે કોઈપણ ધાર્મિક શુભકાર્ય માટે નિઃશુલ્ક આપવી એવી અમારી ઈચ્છા હતી.

હવે બીજી તરફ વાત કરીએ તો એ છે બ્રહ્મચારી સંત શ્રી કૌશલેન્દ્રજીની. સંત શ્રી કૌશલેન્દ્રજી શ્રી સચ્ચા અધ્યાત્મ શક્તિપીઠ, બહાદુરગઢ, હરિયાણાના બ્રહ્મચારી સંત છે. જગન્નાથપુરી, કેદારનાથ, રામેશ્વરમ, હરિયાણા, પ્રયાગ, હરિદ્વાર તેમજ દ્વારકા જેવી અનેક દેવભૂમિ પર યજ્ઞો કરેલ તે આ મહાત્મા. આગામી બહુમંડપીય યજ્ઞ તેઓની માંડવીથી ૮ કિમીના અંતરે આવેલ પ્રબુડી તીર્થધામ ખાતે કરવાની અદમ્ય ઈચ્છા હતી. યજ્ઞનો મુખ્ય હેતુ સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય તેવો હતો. બહુમંડપીય યજ્ઞ કરવાનો હોઈ યજ્ઞના યજમાન તરીકે ભગવાન દ્વારિકાધીશજી અને માતા રૂક્ષ્મણીજીને નિર્ધારવામાં આવ્યા. ભગવાનની સુંદર મૂર્તિ ઘડાવી. તેની પ્રાણપ્રતિષ્ઠા દ્વારકા મધ્યે કરવામાં આવી. એક સુંદર ચંદનનો રથ બનાવડાવવામાં આવ્યો. આ રથમાં ભગવાનને રૂક્ષ્મણીજી સાથે પધરાવી, રથ લોકો દ્વારા ચલાવડાવીને દ્વારકાથી માંડવી ખેંચી જવો અને યજ્ઞની તૈયારીનું અન્ય કાર્ય સંપન્ન થાય ત્યાં સુધી ભગવાનને માંડવી મધ્યે બિરાજાવવા એવો નિર્ણય કરવામાં આવ્યો. જેના પરિણામ સ્વરૂપ શ્રી ગુરૂજી ભગવાનને પધરાવવા માટે જગ્યા નક્કી કરવા માંડવી મધ્યે પધાર્યા હતા. અમારા નસીબજોગે તેઓ અમને મળ્યા. ગુરૂજી અને તેમનાં કાર્યકરો સાથે થયેલી પ્રથમ મીટિંગમાં મને જાણવા મળ્યું કે આટલું ભવ્ય આયોજન થઈ રહ્યું છે ત્યારે મારી પાસે પ્રભુકૃપાથી રહેલી આ વિશાળ જગ્યા વિશે મેં તેઓને વાત કરી અને જગ્યાને કાંઈ પણ ઉપયોગમાં લેવા જણાવ્યું. ગુરૂજી તરત જ અમારી સાથે જગ્યા જોવા માટે પધાર્યા અને જોઈને ખૂબ જ ખુશ થયા. અંતે તેઓએ શ્રી દ્વારિકાધીશજી અને માતા રૂક્ષ્મણીને રથ સાથે અહીં આ મુકામે – વૃંદાવન પાર્ટીપ્લોટ મધ્યે પધરાવવા તેવું નક્કી કર્યું. આ સાંભળતા જ કે સૌપ્રથમ પ્રભુ અમારે આંગણે પધારશે, જે અમારા હૃદયની લાગણી હતી તેનું વર્ણન કદાચ શબ્દોમાં કહી શકાય તેમ નથી. ત્યારબાદ સહપરિવાર અમે દ્વારકા પ્રસ્થાન કર્યું અને દ્વારિકાધીશજીને પધારવા માટે વિનંતી કરી - આમંત્રણ આપ્યું.



તારીખ ૨૭-૪-૨૦૧૪ના રોજ દ્વારિકા મધ્યે મુખ્યમંદિરથી પ્રાણપ્રતિષ્ઠિત સ્વરૂપને રથમાં પધરાવી ધામધૂમથી શોભાયાત્રા કાઢીને રથને દોરડાથી ખેંચીને ત્યાંથી રથયાત્રાની શરૂઆત કરવામાં આવી. અંદાજે એક માસ બાદ લગભગ ૫૦૦ કિ.મી.નું અંતર કાપીને ભગવાનના રથનું દ્વારિકાથી માંડવી આગમન થયું. અનેક પ્રભુભક્તોએ રથને અહીં આ મુકામે (વૃંદાવન પાર્ટી પ્લોટ મધ્યે) પહોંચાડવાનો અને ભગવાનની સેવા કરવાનો લાભ લીધો હતો, તો અનેક ભક્તોએ રથના દર્શનમાત્રથી ભાગ્યશાળી હોવાનો અનુભવ કર્યો હતો.

અમે સૌ વાજતે ગાજતે ભગવાનનું સામૈયું કરવા ગયા અને ભગવાનને વૃંદાવન પાર્ટી પ્લોટ મધ્યે બિરાજમાન કર્યા. પ્રભુ અહીં આશરે દોઢ વર્ષ સુધી બિરાજમાન રહ્યા તે દરમ્યાન અમે જન્માષ્ટમી, નવરાત્રી, હોળી, અધિકમાસ, છપ્પનભોગ, એકાદશી ભજનો અને એવા બીજા અનેક કાર્યક્રમનો લાભ ખૂબજ ઉત્સાહપૂર્વક અને તમામ મિત્રમંડળ સહિત લીધો હતો.

આ સમયગાળા દરમિયાન યજ્ઞ કાર્યની તમામ તૈયારીઓ ચાલતી હતી. જે પૂર્ણ થતા ભગવાન દ્વારિકાધીશ અને માતા રૂક્ષ્મણીને તા. ૧૪-૧૧-૨૦૧૫ ના દિવસે રથમાં પધરાવી પ્રબુડી તીર્થ સુધી યજ્ઞ સ્થળે લઈ જવામાં આવ્યા. અંદાજે ૨૭૫ યજ્ઞોની આ તૈયારી હતી. ત્યાં વિશાળ કુંભમેળા જેવું વાતાવરણ વિદ્વાન બ્રાહ્મણો, સાધુ-સંતો, ૨૭૫ યજ્ઞશાળાઓ ત્વરિત બનાવાયેલ.

શ્રી વિષ્ણુ ભગવાનનું મંદિર (મંડપ), રામાયણ કથાની તૈયારીઓ, ભાગવત કથાની તૈયારીઓ, ગૌપૂજન, દરરોજ બાવન ગજની ધજા, દરરોજ છપ્પનભોગ પ્રસાદી, યજ્ઞની આહુતિઓ, એક જોડકા પાછળ મંત્રોચ્ચાર માટેનાં ૧૯ બ્રાહ્મણો, કુલ ૮૦૦૦ બ્રાહ્મણો, ૩ x ૩ ફૂટ પહોળા અને ૬ ફૂટ ઊંડા યજ્ઞકુંડમાં ઘી, જવ, તલ, પબડી, મખાણા, કાજુ, કિસમીસ, ચોખા, ભોજપત્ર, ગોળ અને કાષ્ટની આહૂતિ, હજારો કિલો સામગ્રીના વપરાશથી હોમ હવન-મંત્ર-જાપનાં જય જય કાર વચ્ચે પૂરા નવ દિવસના આ પુણ્યશાળી કાર્યનો આનંદ-ખરેખર પેઢીઓ સુધી યાદ રહે તેવા પ્રસંગનો સૌને લાભ મળ્યો.

શ્રી ગુરૂજી - શ્રી કૌશલેન્દ્રપ્રસાદજીનું એક સ્વપ્ન છે. - ૧૧૦૦ વિષ્ણુ મંડપીય યજ્ઞનું ભૂમંડલ પર આયોજન કરવું. અમારી એવી શુભેચ્છા છે કે પ્રભુ જલ્દીથી એનું આ સ્વપ્ન પૂર્ણ કરે અને આવા વિશ્વશાંતિ માટેનાં સત્કાર્યો થતાં જ રહે તેમજ સમગ્ર વિશ્વમાં શાંતિપૂર્ણ વાતાવરણ બની રહે.

*"સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા,*
*સર્વે ભદ્રાણિ પશયન્તુ, મા કશ્ચિદ્ દુઃખભાગભવેત."*

# 'હવેલી' કેમ કહેવામાં આવે છે? ત્યાં ધજાજી કેમ નથી?

સંકલિત

વલ્લભકુળ એટલે જગદગુરૂ શ્રી પૂ. ૧૦૮ શ્રી વલ્લભાચાર્યજીનો પરિવાર.

શ્રી વલ્લભાચાર્યજીને બે પુત્રો હતા – શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી (ગુસાંઇજી). શ્રી ગોપીનાથજી પંચાવન વર્ષે જ પૃથ્વી ઉપર બિરાજ્યા. સંપ્રદાયનું સુકાન શ્રી વિઠ્ઠલનાથજીએ સંભાળ્યું. શ્રી વિઠ્ઠલનાથજીને સંપ્રદાયમાં આજે બધા ગુસાંઈજી તરીકે ઓળખે છે. ગુસાંઈજીને રાજાએ ઇલ્કાબ આપ્યો હતો આથી 'ગુસાંઈજી' કહેવાયા. આજના ભવ્ય પુષ્ટિ સંપ્રદાયનો વિકાસ તેઓશ્રીએ કરી વૈષ્ણવની પુષ્ટિ ધ્વજા વિશ્વભરમાં ફેલાવી હતી.

તેઓનું પ્રાકટ્ય ઈ.સ. ૧૫૧૫ માં કાશી પાસે ચરણાર (ચુનાર) માં થયું હતું. ગુસાંઈજીના સમયમાં શ્રી નાથજી જતીપુરામાં બિરાજતા અને નવજાત પ્રિયાજી ગોકુલમાં. એટલે શ્રી ગુસાંઈજી રોજ સવારે ઘોડા ઉપર ગોકુળથી જતીપુરા (૩૦ કિ.મી.) પધારી શ્રીજીબાવાના શૃંગાર કરતા હતા. ૫૦૦ વર્ષ ઉપર શ્રી ગુસાંઈજીના ૨૭ રાજાઓ સેવકો બન્યા હતા. આજે ગુંસાઈજીની ૨૮ બેઠકો ભારતમાં છે. ગુસાંઈજીનું પ્રાકટ્ય ન હોત તો આટલો બધો પુષ્ટિ માર્ગ ફુલ્યો ફાલ્યો ન હોત. શ્રી ગુસાંઈજી પૃથ્વી ઉપર ૭૨ વર્ષ બિરાજ્યા. તેમને ત્રણ પુત્રીઓ અને સાત બાળકો હતા.



શ્રી ગુસાંઈજીએ આ સાત બાળકોને એક એક નિધિ સ્વરૂપ પધરાવી સેવા કરવાની આજ્ઞા આપી. તેમાં શ્રી ગિરિધરજી અને શ્રી ગોકુલનાથજી, શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી, શ્રી ઘનશ્યામલાલજી – આ બધાનો ૫૩૫ વર્ષનો વંશવેલો જે આજે વલ્લભકુળ તરીકે ઓળખાય છે.

(૧) શ્રી ગિરીધરજી શ્રી ગુસાંઈજીના સૌથી મોટા પુત્ર. શ્રી ગિરિધરજીને ઘણા ગોવર્ધન કહીને સંબોધતા. શ્રીનાથજીનું સ્વરૂપ શ્રી ગોવર્ધનજીને માથે નાથદ્વારામાં બિરાજે છે.

(૨) ગોવિંદરાયજી (બીજા પુત્ર)

(૩) શ્રી બાલકૃષ્ણજી તેમના (તૃતીયપુત્ર) આ સ્વરૂપ હાલમાં કાંકરોલીમાં છે.

(૪) ગોકુલનાથજી (ચોથા પુત્ર), તિલક અને કંઠીના રક્ષણહાર ગણાય છે. 'માળા તિલકના રક્ષક' ગણાય છે.

(૫) રઘુનાથજી (પાંચમા પુત્ર) શ્રી રઘુનાથજીએ શ્રી ગુસાંઈજીનાં ૧૦૮ નામ "શ્રી નામરત્નાભ્ય સ્તોત્રમ્" લખ્યાં હતાં.

(૬) શ્રી યદુનાથજી શ્રી ગુસાંઈજીના (છઠ્ઠા પુત્ર) તેઓશ્રીએ "વલ્લભદિગ્વિજય" ગ્રંથ રચ્યો છે.

(૭) ઘનશ્યામજી (સાતમા પુત્ર) ૧૫૭૦ માં જન્મ. સૌથી નાના પુત્ર હતા.

આમ આજે આ સાત ગાદીનો પુષ્ટિ માર્ગ બન્યો છે. ગાદી ભલે અલગ હોય માર્ગ એક જ છે. ભેદ જોવો અપરાધ છે. સાત સ્વરૂપોના વૈષ્ણવ માર્ગ પુષ્ટિ માર્ગ છે. ગુસાંઈજીએ આઠ પ્રહરની સેવાનો ક્રમ આપ્યો છે. સેવામાં અષ્ટ ભક્ત કવિઓએ અષ્ટ સખા કીર્તન આપ્યાં છે. પુષ્ટિ માર્ગમાં આજ કીર્તન મુખ્યત્વે મુખ્ય ગણાય છે. પુષ્ટિ માર્ગનું મુખ્ય સ્થળ ગોકુળ ગણાય છે. ઠાકોરજીની લીલા ગોકુળમાં થયેલ ગણાય છે. પુષ્ટિમાર્ગમાં ગોકુળનું મહત્વ છે કારણકે શ્રીજીબાવાએ શ્રી મહાપ્રભુજીને બ્રહ્મસંબંધ મંત્રની આજ્ઞા આપી હતી. વૈષ્ણવ પ્રણાલી ગોકુળમાંથી શરૂ થઈ છે. 'યમુનાષ્ટકમ' ની રચના ગોકુળમાં થઈ હતી. ઠકુરાણી ઘાટ પ્રખ્યાત છે. એ વખતે ગોકુળમાં ૨૭ મંદિરો હતાં. વલ્લભકુળને જ બ્રહ્મસંબંધ આપવાનો અધિકાર છે. 'ગૃહસેવા' એ પુષ્ટિ માર્ગની અનોખી આગવી દેન છે. ઘેર ઘેર નાનું નંદાલય છે.

(હવેલી) પુષ્ટિમાર્ગમાં ચરણામૃત તિલક, કંઠી દંડવત પ્રણામનું ખૂબજ મહત્વ છે. વૈષ્ણવોમાં જય શ્રી કૃષ્ણ! બોલી સામેવાળી વ્યક્તિને આવકારવાની શ્રેષ્ઠ પ્રથા છે. વલ્લભકુળ ગોસ્વામી બાળકો વલ્લભકુળ ગણાય છે. આજે લગભગ ૨૭૦ જેટલા ગોસ્વામી બાળકો (વલ્લભકુળ) બિરાજે છે. ગોસ્વામી બાળકોને વૈષ્ણવ દંડવત્ કરે છે. તેમને જયશ્રીકૃષ્ણ ન કહેવાય.

'હવેલી' માં મહદ્અંશે ગુરૂઓ વસવાટ કરતા હોય છે. અહીં ગુરૂના ઘરમાં પ્રભુ બિરાજે છે. હવેલી એ ફારસી શબ્દ છે. હવેલી એટલે ઠાકોરજીનો મુકામ. પુષ્ટિ માર્ગનું એક જ મંદિર 'નાથદ્વારા' ગણાય છે. હવેલીમાં ધ્વજા નથી હોતી. પુષ્ટિ માર્ગ રાગભોગ શૃંગારનો માર્ગ છે. ■

# પંચીકરણ – તત્ત્વદર્શન

કુ. પ્રિન્સી સોની - નખત્રાણા

સામાન્ય રીતે પાંચ તત્ત્વોનું મિશ્રણ એટલે "પંચીકરણ". જગતની નાનામાં નાની ચીજવસ્તુથી માંડી મોટામાં મોટી ચીજવસ્તુ પંચીકરણનું પરિણામ છે. વિશ્વના કોઈપણ પદાર્થને પાંચ તત્ત્વોથી ભિન્ન ન કરી શકીએ. પછી ભલેને તે ચેતન શરીર (જીવ) હોય, કે પછી અચેતન-નિર્જીવ હોય. અને એ પાંચ તત્ત્વો એટલે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ.

પંચીકરણ એ વિશ્વની સૌથી મોટી પ્રક્રિયા છે. કારણકે, પંચીકરણને પરિણામે જ વિશ્વની રચના થઈ છે. પંચીકરણ વિનાના જગતની કલ્પના શક્ય જ નથી. પણ આમ જુઓ તો એ અતિ સામાન્ય પણ છે. કારણકે વિશ્વની દરેક-દરેક પ્રક્રિયા, દરેકે-દરેક પદાર્થ પંચીકરણ છે.

હવે સાહિત્યિક રીતે જોઈએ તો પંચીકરણ એટલે વિશ્વથી ભિન્ન "હું" ની ઓળખ. ખરેખર તો પંચીકરણ સમજવાનો મુખ્ય હેતુ કે મહત્ત્વ જ એ છે કે, આત્મા અને પરમાત્મા એક જ છે. અથવા આપણો આત્મા હાડ-માંસના દેખાતા ખોડિયા (શરીર) થી જુદા કેમ છે, તેની ઓળખ આપે છે.

જગતના સામાન્ય વ્યવહારમાં રચ્યા-પચ્યા માનવી માટે વેદ, વેદાંત કે ઉપનિષદ સમજવા અતિશય અઘરી બાબત છે. પરંતુ એ સમજવા માટે શ્રી રામબાબા કૃત, ભિક્ષુ અખંડાનંદની પ્રસાદીરૂપ "પંચીકરણ" નામનો ગ્રંથ પ્રથમ પગથિયા સમાન છે. પંચીકરણ આત્માને પરમાત્મા સુધી લઈ જવાને બદલે એ સિધ્ધ કરી આપે છે કે, દરેક આત્મા પોતે જ પરમ તત્ત્વ પરમાત્માનો અંશ છે.

આ સમગ્ર સૃષ્ટી અખંડ "ૐ" તત્ત્વમાંથી સર્જીત થઈ, અંતે તેમાંજ વિલીન થઈ જાય છે માટે વિશ્વનો પ્રત્યેક તત્ત્વ-પરમતત્વ છે. જેમ વિશાળ મહાસાગરની દરેકે દરેક બુંદમાં તે મહાસાગરના લક્ષણો હોય જ છે તેમ "ૐ" તત્ત્વરૂપી મહાસાગરથી છુટા પડેલા દરેક આત્મામાં એ પરમતત્ત્વના લક્ષણો સમન્વિત છે.

સાગરમાંથી બાષ્પીત થયેલી જળની બુંદો આકાશમાં ઉપર જઈ વાદળ બંધાય, વર્ષા થઈને પાણી વહી જાય અને ફરી પાછી એ બુંદો મહાસાગરમાં વિલીન થઈ જાય. તેમ પ્રત્યેક આત્મા સૃષ્ટિ સર્જનને પરિણામે "ૐ" તત્ત્વમાંથી વિખૂટી પડ્યા બાદ સૃષ્ટિ વિસર્જન થતાં ફરી પાછી એ "ૐ" તત્ત્વમાં જ વિલીન થઈ જાય છે.

સામાન્ય વ્યવહારૂ વ્યક્તિ માટે તરત જ આ બાબત નિશ્ચિત થવી શક્ય નથી. કારણકે, જન્મોજનમના બંધનયુક્ત શરીર ધારણ કર્યા બાદ મનુષ્ય સરીર મળતાં તેને સૃષ્ટિરૂપી વ્યવહારૂ દુનિયાનો કેફ ચડે છે.

એક ઉદાહરણ દ્વારા આનો અર્થ સહેલાઈથી સમજી શકાશે. "એક બ્રાહ્મણે એક વખત ઘણી ભાંગ પીધી. તેના કેફથી પોતાનું બ્રાહ્મણપણું ભૂલીને હું ક્ષુદ્ર છું, હું વૈશ્ય છું, હું ક્ષત્રિય છું, ઈત્યાદિક વિપરીત તે બોલવા લાગ્યો. પણ તે તેવું વિપરીત બોલતી વખતે બ્રાહ્મણ મટીને ક્ષુદ્રાદિક થયો નથી, બ્રાહ્મણ જ છે. પણ કેફથી તે વિપરીત બોલે છે. ત્યારબાદ તેનો કોઈ હિતેચ્છુ પુરૂષ મળ્યો. તેનો કેફ ઉતારવા માટે ઘી તથા દહીં આપ્યું. તેથી તે બ્રાહ્મણનો કેફ ઉતરી ગયો. ત્યાર પછી તે કેફી "હું બ્રાહ્મણ છું" એમ પોતાનું સ્વાભાવિક સ્વરૂપ જાણે છે અને હું ક્ષુદ્રાદિક છું એમ કદાપિ માનવાનો નથી. જ્યાં સુધી કેફ હતો ત્યાં સુધી જ વિપરીત બુધ્ધિ હતી. કારણકે કેફ ઉતર્યા પછી વિપરીત બુધ્ધિ રહેતી નથી. તેમ પ્રત્યક્ષ આત્મા પોતાના અજ્ઞાનરૂપી કેફથી અવિદ્યારૂપી અવિદ્યાકલ્પિત સ્થુળ - સૂક્ષ્મ શરીરના કલ્પિત સંબંધથી પોતાનું પ્રકટ સચ્ચિદાનંદ - સ્વરૂપ ભૂલી હું મનુષ્ય છું, હું બ્રાહ્મણ છું, હું સ્ત્રી-પુરૂષ છું, હું જન્મું - મરૂં છું એમ વિપરીત મિથ્યા જ્ઞાન પામે છે. વસ્તુતઃ પોતે દેહાદિકનો દૃષ્ટા સાક્ષી બ્રહ્મરૂપ છે, પણ અજ્ઞાનથી જાણતો નથી. જ્યારે તે અજ્ઞાનીને બ્રહ્મનિષ્ઠ ગુરૂ મળે અને તે ગુરૂ તેને બ્રહ્મવિદ્યાનું ઉપદેશરૂપી ઘી પાય ત્યારે અજ્ઞાનરૂપી નશો નષ્ટ થાય. ત્યાર પછી તે પુરૂષ હું દેહ, મનુષ્ય, કર્તા, ભોક્તા છું એમ જ માનશે. પણ એવું જ્યાં સુધી જાણ્યું નથી ત્યાં સુધી ઘણા દિવસની ભૂલથી હું દેહ છું એમ માને છે."

*('પંચીકરણ' પાના નં.-૧૯ માંથી)*

હવે ન જાણી શકવાના કે સાક્ષાત્કાર ન થવાના મુખ્ય ત્રણ કારણ છે : મળ, વિક્ષેપ અને આવરણ.

સામાન્ય રીતે માન્યતાનુસાર કોઈપણ જીવાત્માને ૭૪ લાખ જન્મોના ફેરામાં જવું પડે છે. કોઈપણ જીવના ત્રણ શરીર હોય છે. અહીં આપણે તેને વિભાગ જાણીશું. એક વિભાગ એ દશ્ય હોય, જેને આપણે જોઈ - સ્પર્શી શકીએ છીએ. બીજો વિભાગ એ અંતઃકરણ, જેને જોઈ કે સ્પર્શી નથી શકાતો. છતાં તેના વગર શરીર કંઈ કામનું નથી. અને ત્રીજો વિભાગ એ આત્મા.

સામાન્ય - દશ્ય શરીર જીવના જન્મ સાથે સર્જન પામે છે અને મૃત્યુ વખતે વિસર્જીત થાય છે. એ એક પ્રકારનું ખોળીયું એટલે કે અંતઃકરણનું કવચ છે. એક કોમ્પ્યુટરમાં જેમ હાર્ડવેર અને સોફ્ટવેર હોય છે તેમજ. સોફ્ટવેર વગર કોમ્પ્યુટરનો હાર્ડવેર નકામો છે તેમ અંતઃકરણ વગર શરીરનો કોઈ અર્થ નથી.

પ્રત્યેક જન્મમાં શરીર તો બદલાતા જ રહે છે. પરંતુ અંતઃકરણ એક જ હોય છે. ૮૪ લાખના ફેરા તો અંતઃકરણને જ પૂરા કરવાના હોય છે. અંતઃકરણ દરેકે દરેક જન્મનો સાક્ષી હોય છે. માટે દરેક જન્મમાં પ્રાપ્ત કરેલા સંસ્કારો કે કરેલા કર્મો અંતઃકરણમાં સ્ટોરેજ (સંગ્રહિત) હોય છે. આ સ્ટોર કરેલા કર્મો

કે સંસ્કારો એટલે "મળ."

"વિક્ષેપ" એટલે ચિત્તની ચંચળતા. વિશ્વના વ્યવહારોથી ટેવાયેલું મન સુખ-દુઃખના સમયે કે પ્રત્યેક ક્ષણે વિક્ષેપ પામે છે. ચિત્તને પરમતત્ત્વમાં એકાગ્ર કરવાને બદલે જગતના વ્યવહારોમાં ધ્યાન કેન્દ્રિત હોય છે. પરિણામે પરમાત્મા સુધી પહોંચવામાં અડચણ ઊભી થાય છે.

હવે સામાન્ય અર્થમાં "આવરણ" એટલે પડદો. અહીં માયારૂપી/અજ્ઞાનરૂપી પડદાની વાત છે. જગતમાં જન્મ ધારણ કર્યા બાદ જગતના વ્યવહારોની માયા લાગવા માંડે છે. પરમાત્મા અને જીવાત્મા વચ્ચે એ માયા પડદારૂપી બની રહે છે. જેને લીધે આત્માને પરમાત્મા અંગેનો નક્કર ખ્યાલ ભુંસાવા માંડે છે. માયાને લીધે ખરેખર પરમાત્મા કે પરમતત્ત્વ શું છે તેની પણ તેને જાણ હોતી નથી. પરિણામે તે પરમાત્મા સુધી પહોંચવાનો પ્રયત્ન પણ કરતો નથી. આમ, માયારૂપી આવરણ તત્ત્વ અને પરમતત્ત્વની ઐક્યતા સિધ્ધ કરવામાં બાધારૂપ બને છે.

ઈશ્વરસર્જીત રહસ્યમય સૃષ્ટિમાં સમસ્યા છે તો સમાધાન પણ નિશ્ચિત છે. આમ મળ, વિક્ષેપ અને આવરણરૂપી ત્રણ કારણના વિકલ્પ પણ અવશ્ય છે જ.

મળ એટલે જન્મો જનમના કરેલા કર્મો. જેમ બાદબાકીનો વિરોધી સરવાળો છે તેમ ખરાબ કર્મોનો અંત સારા કર્મો થકી જ થઈ શકે છે. માટે કોઈપણ બદલાની અપેક્ષા વગર નિષ્કામભાવથી કરેલા સારા કર્મો થકી અનેક જન્મનો ભેગો થયેલ મળ આપોઆપ ધોવાઈ જાય છે.

આપણું મન એક લગામ વગરની ઘોડી જેવું છે. માટે ચંચળતા તેનો સ્વાભાવિક ગુણધર્મ છે. તેને પરમતત્ત્વમાં સ્થિર કરવા માટેના ત્રણ જ ઉપાય છે : ભક્તિ, યોગ અને ઉપાસના. આમાથી કોઈપણ એક માર્ગ પર ચાલી ચિત્તને સરળતાથી પરમાત્મામાં સ્થિર કરી શકાય છે.

હવે પડદાને કારણે અસ્પષ્ટ દૃશ્યને સ્પષ્ટ રીતે જોવાનો એકમાત્ર ઉપાય છે — પડદાને દૂર કરવો. આપણો માયારૂપી પડદો એટલે અજ્ઞાન. અજ્ઞાનરૂપી પડદો જ્ઞાન રૂપી સાધનથી જ દૂર થઈ શકે છે. બ્રહ્મનિષ્ઠ ગુરૂની કૃપા કે વેદ-શાસ્ત્રના અભ્યાસથી અજ્ઞાનરૂપી આવરણ હટી જાય છે અને એક ક્ષણથી પણ બહુ ઓછા સમયમાં આત્માને પરમાત્માનો સાક્ષાત્કાર થઈ જાય છે.

## "જ્ઞાતિસેતુ"ના અંકો સમયસર ન મળવા બાબત ટપાલ ખાતાને રજૂઆત

ભારત સરકારનું ટપાલ ખાતું વિશ્વની સૌથી મોટી ટપાલ સેવા આપતું તંત્ર ગણાય છે. પરંતુ કેટલાક વર્ષોથી તેની સેવામાં ભારે ઉણપ આવી રહેલ છે. ટપાલમાં આવતા પત્રો કે સામાયિકો સમયસર ન મળવાની ફરિયાદ સાર્વત્રિક છે.

'જ્ઞાતિસેતુ' અમદાવાદથી દર બે માસે નિયમિત રીતે પોસ્ટ કરવામાં આવે છે. આ મેગેઝીન ભારત સરકારના આર.એન.આઈ. વિભાગ સાથે રજિસ્ટર્ડ થયેલ હોઈ, ટપાલ ખાતા દ્વારા આપવામાં આવેલ નિયત તારીખમાં એક સાથે બધા અંકોનું પોસ્ટીંગ કરવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી વાંચકો દ્વારા અંકો સમયસર ન મળવાની અથવા બિલકુલ ન મળવાની ફરિયાદ આવેલ છે. 'જ્ઞાતિસેતુ' વ્યવસ્થાપક સમિતિ પણ આ બાબતે ચિંતિત હોઈ ટપાલ ખાતા સમક્ષ આ પ્રશ્ને રજૂઆત કરવામાં આવેલ છે.

તાજેતરમાં 'જ્ઞાતિસેતુ' વ્યવસ્થાપક સમિતિના ચેરમેન શ્રી મનુભાઇ કોટડિયાએ ભુજ પોસ્ટ ઑફિસની મુલાકાત લઈ રજૂઆત કરેલ. આ ઉપરાંત અતુલ સોની દ્વારા અંજાર પોસ્ટ ઑફિસ સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. અમદાવાદ પોસ્ટ ઑફિસમાં પણ આ અંગે લેખિતમાં રજૂઆત થયેલ છે. તમામ રજૂઆત તેમજ પોસ્ટ ખાતાની કામગીરીની વિગત મેળવતા એવું ફલિત થાય છે કે પોસ્ટ ખાતામાં સ્ટાફની ભારે અછત છે. તેના કારણે માત્ર 'જ્ઞાતિસેતુ' જ નહીં તમામ સામયિકોની સમયસર ડિલીવરી થતી નથી.

ગુજરાતના પ્રસિદ્ધ થતા સામયિકોની મધ્યવર્તી સંસ્થા 'મેગેઝીન ક્લબ - ગુજરાત'ની તાજેતરમાં મળેલ મીટિંગમાં 'જ્ઞાતિસેતુ'ના મુખ્યતંત્રી શ્રી હંસરાજ કંસારાએ આ મુદ્દા ઉઠાવતાં, તેના પર વિશેષ ચર્ચા વિચારણા થયેલ અને પોસ્ટ ખાતા સાથે રહી આ પ્રશ્નનો ઉકેલ લાવવા નિર્ણય લેવામાં આવેલ.

પોસ્ટ ખાતા દ્વારા 'જ્ઞાતિસેતુ'નું પોસ્ટીંગ રાહતદરે (રૂા. ૨/- પ્રતિ અંક)થી થાય છે. ટપાલ ખાતા સિવાય ખાનગી કૂરિયર દ્વારા અંકો મોકલવાનું કોઈપણ સામયિક માટે શક્ય નથી. 'જ્ઞાતિસેતુ' સમાજનું પારિવારિક મુખપત્ર હોઈ નખત્રાણા, માંડવી, માધાપર, ગાંધીધામ જેવા સ્થળોએ સ્થાનિક કાર્યકરોએ વિતરણની જવાબદારી સંભાળેલ છે. તેથી તે સ્થળે અંકો સમયસર મળી શકે છે. અંજાર, ભુજ, રાયપુર કે મુંબઈમાં મોટા વિસ્તારને કારણે આવી વ્યવસ્થા શક્ય ન બને એ હકીકત છે. આમ છતાં આ સમસ્યાના ઉકેલ માટે જો કોઈ સ્થળે ૧૦થી ૨૦ ગ્રાહકો એક ગ્રુપ બનાવી અમોને જણાવશે તો તેમને અમદાવાદ ખાનગી કુરિયર દ્વારા અંકો મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે.

વાંચકો આ સમસ્યાના ઉકેલમાં સહકાર આપશે તેવી આશા સહ....

***— વ્યવસ્થાપક સમિતિ, "જ્ઞાતિસેતુ"***

# ટેલેન્ટ સર્ચ પ્રોજેક્ટનું આયોજન

**ચેતન બારમેડા - ભુજ**

મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ દ્વારા સમગ્ર કચ્છમાં વસતા તેજસ્વી વિદ્યાર્થીઓની પ્રતિભાને ખોજવા માટે ટેલેન્ટ સર્ચ પ્રોજેક્ટ (T.S.P.) નું આયોજન ભુજમાં લાલન કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું. આમાં ધોરણ-૧૨ પાસ કર્યા બાદ જુદી જુદી વિદ્યાશાખાઓમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રતિભાને ઓળખવાનો અને તેમને સ્કોલરશીપ વડે પુરસ્કૃત કરવાનાં હેતુથી તેમજ તેમને કારકિર્દી ઘડતરનું યોગ્ય માર્ગદર્શન મળે તેવા ઉદ્દેશ્યથી આ પ્રકારની પ્રથમ પહેલ કરવામાં આવી હતી.

લેખિત અને મૌખિક એમ બે વિભાગોમાં યોજાયેલી આ પરીક્ષામાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓનાં અભ્યાસક્રમ અને પરિરૂપ અનુસાર લેવાયેલી આ પરીક્ષામાં ૫૭ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં મૌખિક પરીક્ષામાં નિષ્ણાત અધ્યાપકો દ્વારા તમામ વિદ્યાર્થીઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને અનુક્રમ રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર), રૂા. ૭,૦૦૦/- (સાત હજાર), રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સ્કોલરશીપ તરીકે આપવામાં આવશે.

આ T.S.P.ના પ્રોજેક્ટ ચેરમેન પ્રોફેસર કમલેશભાઈ કાંતિલાલ બુદ્ધભટ્ટી તેમજ વાઈસ ચેરમેન ચેતનભાઈ આઈ. બારમેડા દ્વારા આયોજન કરવામાં આવેલ.

**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ**
**આયોજીત ટેલેન્ટ સર્ચ પ્રોજેક્ટમાં સમગ્ર કચ્છમાં**
**પ્રથમ - દ્વિતીય - તૃતીય સ્થાન મેળવવા બદલ**
**ખૂબ ખૂબ અભિનંદન.**



**Mansi A. Katta**
**W: 58 | O: 19**



**Nilam A. Pomal**
**W: 49 | O: 21**



**Vivek P. Gujarati**
**W: 54 | O: 14**

જેમાં જ્ઞાતિ પ્રમુખ શ્રી દિલીપભાઈ કે. બગ્ગા, શ્રી ચંદુભાઈ જે. ચનાણી, હિતેશભાઈ પોમલ, નીતિનભાઈ એ. હેડાઉ ઉપરાંત સમગ્ર કારોબારી – જેમાં ઈન્દુભાઈ સોલંકી, મહિલામંડળનાં પ્રમુખ રોહિણીબેન બી. બુદ્ધભટ્ટી, યુવક મંડળનાં પ્રમુખ રાહુલભાઈ સી. ચનાણી, મંત્રી જીગરભાઈ બુદ્ધભટ્ટી, અનિલભાઈ છત્રાળા, સુનીલભાઈ કંસારા હાજર રહ્યા હતા.

જેમાં મહામંડળનાં પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી દ્વારા શુભેચ્છા તેમજ માંડવી જ્ઞાતિ પ્રમુખ શ્રી હરેશભાઈ નેણશી બારમેડા તેમજ વિનોદભાઈ હેડાઉ હાજર રહ્યા હતા.

જેમાં શિક્ષકોમાં શ્રી કિશોરભાઈ સોની, શ્રીમતી કવિના બી. બારમેડા, શ્રી હિતેશભાઈ આર. બીજલાણી, શ્રી વિપુલભાઈ એન. સોની, શ્રી નંદન પોમલ, ઉત્પલ મૈચા, જીનલ સોલંકી, શાંતિલાલભાઈ સોની દ્વારા સહયોગ મળેલ હતું.

જેમાં આર. આર. લાલન કોલેજનાં આચાર્યશ્રી ડૉ. પી. એન. રાવલ ઉપરાંત અધ્યાપક ડૉ. અનિલભાઈ ગોર, ડૉ. મેહુલભાઈ શાહ, ડૉ. પ્રણવ પંડ્યા, પ્રો. મનોજ છાયા, પ્રો. કરણસિંહ રાઠોડ, ડૉ. જીજ્ઞેશ ટાપરીયા જેવાં વિવિધ નિષ્ણાતોએ વિશિષ્ટ સેવા બજાવી આ પ્રોજેક્ટને બહુજ ઉમદા બનાવ્યો હતો. ■

## તેજસ્વી તારલાઓ



**રાધા પંકજભાઈ બુધ્ધ**
**જુનાગઢ**
**S.S.C. : 62.8%**



**પ્રિયા મધુસુદન પરમાર**
**જુનાગઢ**
**Std.-12 (Sc.) : 66.87%**



**પૂજા જયેન્દ્રભાઈ બુધ્ધ**
**જુનાગઢ**
**B.Com. – Sem. 6 : 84%**
**(કોલેજમાં દ્વિતીય ક્રમાંકે)**



**ચેતન નીલેશભાઈ બુધ્ધભટ્ટી**
**જુનાગઢ**
**B.C.A. – Sem. 6 : 70.3%**

# વાર્ષિક સ્નેહ મિલન - અમદાવાદ

**અતુલ સોની**

સમસ્ત મારૂ કંસારા સોની સમાજના કુળદેવી મહાકાલી માતાજીનું અમદાવાદના એસ.જી. હાઈવે પર એક સુંદર મંદિર આવેલ છે. આ મંદિરના પટાંગણમાં ગત તા. ૨૯-૧૧-૨૦૧૫ને રવિવારના રોજ અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા વાર્ષિક સ્નેહમિલન તથા જનરલ મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં અમદાવાદના જ્ઞાતિ પરિવારો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.



આ પ્રસંગે સવારે સમગ્ર જ્ઞાતિજનોના સુખ, શાંતિ અને સમૃધ્ધિમાં વૃધ્ધિ થાય તેવી કામના સાથે એક હવનનું આયોજન કરવામાં આવેલ. આ હવનના મુખ્ય યજમાનપદેથી શ્રી અતુલ સોની - હંસાબેન સોની તથા શ્રી જયમીન સોની - અલ્પાબેન સોનીએ પૂજાવિધિ સંપન્ન કરેલ. સમગ્ર જ્ઞાતિ પરિવારોએ દર્શનનો લાભ લીધો.

સમૂહ ભોજન બાદ જ્ઞાતિ મંડળની સામાન્ય સભાનું આયોજન થયેલ. કાર્યક્રમની શરૂઆતમાં ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ જ્ઞાતિજનોની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળવામાં આવેલ. આગામી બે વર્ષ માટે જ્ઞાતિ કારોબારીની રચના કરવામાં આવેલ. શ્રી જયમીન સોનીની પ્રમુખપદે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. ઉપપ્રમુખ તરીકે શ્રી જયેશ ઘડીયાળી, માનદ્ મંત્રી પદે શ્રી અતુલ સોની તથા ખજાનચી પદે શ્રી પ્રશાંત બીજલાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. જ્ઞાતિ કારોબારી સમિતિમાં રહી સેવા આપવા યુવાવર્ગને આહ્વાન કરતા, તેઓ તરફથી સારો પ્રતિસાદ મળેલ અને જ્ઞાતિ કારોબારીની રચના કરવામાં આવેલ.



માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ જ્ઞાતિ સંસ્થાની ગત વર્ષની કામગીરી તથા નાણાંકીય અહેવાલ રજૂ કરેલ, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ. વિશેષમાં તેઓએ આગામી વર્ષમાં હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિનો ચિતાર આપેલ. અમદાવાદ જ્ઞાતિજનોને મેડિકલ ખર્ચમાં રાહત મળી રહે તે હેતુથી અમદાવાદ જ્ઞાતિ દ્વારા કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચાલતા મેડિકલ સેન્ટર સાથે ટાઈ-અપ કરવામાં આવેલ ચે. આ સેન્ટર પર સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો મળે છે. અહીં કન્સલ્ટન્સી ફી ઓછી રાખવામાં આવેલ છે. તેમાં વિશેષ ટાઈ-અપના કારણે મારૂ કંસારા સોની જ્ઞાતિના દર્દીઓને કન્સલ્ટન્સી તેમજ લેબોરેટરી રિપોર્ટ, સોનોગ્રાફી, એક્સ-રે વગેરે તમામ ચાર્જિસમાં વધારાના ૨૫% ડિસ્કાઉન્ટ મળે તેવી ગોઠવણ કરવામાં આવી હોવાની માહિતી આપવામાં આવેલ. આ માટે જ્ઞાતિ પરિવારને ઓળખકાર્ડ આપવામાં આવશે. જે અંગેના ફોર્મ પણ સ્થળ પર ભરવામાં આવેલ.


માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ વિશેષમાં જણાવેલ કે હાલમાં મેડિકલ ખર્ચમાં ખૂબ વધારો થયેલ હોઈ પરિવારમાં દરેક વ્યક્તિનો મેડિક્લેઈમ - આરોગ્ય વીમો હોય તે અત્યંત જરૂરી છે. હાલમાં જ્ઞાતિમાં કેટલા પરિવારો મેડિક્લેઈમ ધરાવે છે તેનો એક સર્વે કરવા માટે વિગતો મેળવવામાં આવેલ છે. સમાજમાં મેડિક્લેઈમ અંગે જાગૃતિ લાવવા તેમજ જેઓ આર્થિક રીતે સક્ષમ નથી તેવા પરિવારોને આ બાબતમાં સમાજે કોઈ રીતે સહાયરૂપ થવું જોઈએ તે અંગે આગામી સમયમાં વિચારણા કરી યોગ્ય પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

આ પ્રસંગે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. સ્વ. વિજયભાઈ જેઠાલાલ સોનીની સ્મૃતિમાં દાતાશ્રી જયમીનભાઈ સોની પરિવાર તરફથી વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવેલ.

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સમગ્ર સમાજને અનુલક્ષીને 'જ્ઞાતિસેતુ' પ્રકાશનની કામગીરી કરવામાં આવે છે, તેને જ્ઞાતિજનોએ બિરદાવી, આનંદ વ્યક્ત કરેલ. આ પ્રવૃત્તિથી સમસ્ત સમાજમાં એકતાની ભાવનાને વેગ મળે છે તેવો મત વ્યક્ત કરવામાં આવેલ. આ પ્રસંગે દરેક પરિવારને 'જ્ઞાતિસેતુ'નો "વિરાસત વિશેષાંક" આપવામાં આવેલ. ■

**વ્યક્તિ વિશેષ**

# અમદાવાદ જ્ઞાતિના યુવા પ્રમુખ : શ્રી જયમીનભાઈ સોની



સામાન્ય રીતે લગભગ દરેક સમાજની એક ફરિયાદ હોય છે કે સમાજનો યુવા વર્ગ જ્ઞાતિ સમાજની પ્રવૃત્તિમાં રસ લેતો નથી. સમાજની જવાબદારી મહદ્ અંશે પ્રૌઢ વયની વ્યક્તિઓના શિરે હોય છે. છેલ્લાં કેટલાક વર્ષોથી આપણા સમાજના યુવાઓ હવે યુવક મંડળમાં કે સમાજની કારોબારીમાં માત્ર કાર્યકર તરીકે નહીં પણ મહત્ત્વના હોદ્દાઓ પર રહી જવાબદારીનો સ્વીકાર કરે છે. હાલમાં વિવિધ ઘટક સમાજોમાં યુવા નેતૃત્વ પ્રાપ્ત થયેલ છે. જ્યારે મુંબઈ જ્ઞાતિ સંસ્થાનું પ્રમુખપદે મહિલા અગ્રણી આવેલ છે. આ પરિવર્તન આવકારદાયક છે.

હાલમાં અમદાવાદ જ્ઞાતિની નવી કારોબારીની રચના થયેલ છે. જ્ઞાતિ સંસ્થાના પ્રમુખપદે ૪૫ વર્ષની વયના યુવાન શ્રી જયમીનભાઈ જે. સોનીની વરણી થયેલ છે. તેઓ તલોદના સ્વ. જેઠાલાલ જીવરામ બારમેડાના પુત્ર છે. તેઓએ ડિપ્લોમા ઈન ટેલિકોમ્યુનિકેશન સાથે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ. હાલમાં તેઓ અમદાવાદના પ્રતિષ્ઠિત નવરંગપુરા વિસ્તારમાં સી.જી. રોડ પર જે.જે. જ્વેલર્સના નામે શો રૂમ ધરાવે છે.


શ્રી જયમીનભાઈ ખૂબ ઉત્સાહી કાર્યકર છે. સામાજિક ક્ષેત્રે તેઓ જ્યારે કોઈ જવાબદારી સ્વીકારે, ત્યારે તેને તન - મન - ધનથી પાર પાડવાની નેમ ધરાવે છે. છેલ્લા દસ વર્ષથી તેઓએ અમદાવાદ જ્ઞાતિના વિવિધ પદો પર રહી સેવા આપેલ છે. તેઓ કચ્છથી અમદાવાદ અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને અમદાવાદ ખાતે રહેવા અંગે પડતી મુશ્કેલીમાં સહાયરૂપ થતા રહ્યા છે. 'જ્ઞાતિસેતુ' પ્રકાશન પ્રવૃત્તિ સાથે પ્રારંભથી સંકળાયેલ છે.

શ્રી જયમીનભાઈએ આગામી સમયમાં જ્ઞાતિના આર્થિક રૂપે નબળા વર્ગના પરિવારોને મેડિકલ સહાય માટે કાર્ય કરવાની પ્રાથમિક જરૂરિયાત હોવાનું જણાવી, તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે.

અમદાવાદ જ્ઞાતિ તથા સમસ્ત સમાજને આ યુવા નેતૃત્વનો લાભ મળશે તેવી આશા છે.

*– અતુલ સોની*


## અમદાવાદ જ્ઞાતિની નવી કારોબારી સમિતિ



**શ્રી જયમીનભાઈ સોની**
**પ્રમુખ**



**શ્રી જયેશભાઈ ઘડીયાળી**
**ઉપપ્રમુખ**



**શ્રી અતુલભાઈ સોની**
**માનદ્ મંત્રી**



**શ્રી સુનીલભાઈ બીજલાણી**
**સહમંત્રી**




**શ્રી પ્રશાંતભાઈ બીજલાણી**
**ખજાનચી**



**શ્રી મનુભાઈ કોટડિયા**
**કારોબારી સભ્ય**
**(ચેરમેન - 'જ્ઞાતિસેતુ')**

***કારોબારી સભ્યો :***

શ્રી રાજેન્દ્રભાઈ સોની
શ્રી ગીરીશભાઈ સોની
શ્રી હરીશભાઈ બુધ્ધભટ્ટી
શ્રી સૂર્યકાંતભાઈ સોની
શ્રી રશ્મિનભાઈ સોની
શ્રી નીલેશ સોની
શ્રી અમિત બીજલાણી
શ્રી સૂરજભાઈ કંસારા
શ્રી વિશાલ બારમેડા



# મહિલા મંડળ - ભુજ : શિયાળુ રમતોત્સવ

**લતાબેન સોલંકી - ભુજ**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ દ્વારા બાળકો માટે શિયાળુ રમતોત્સવનો કાર્યક્રમ તા. ૨૭-૧૨-૨૦૧૫ના રોજ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવેલ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રોહિણીબેન બુધ્ધભટ્ટીની અધ્યક્ષતામાં ઉજવાયેલા કાર્યક્રમમાં બાળકોએ હોંશભેર ભાગ લઈ જુદી જુદી રમતોનો આનંદ માણ્યો. ચાર વરસથી લઈ પંદર વરસ સુધીના બાળકો માટે જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવેલ.

***ચારથી સાત વર્ષના બાળકો માટે :*** (૧) બુક બેલેન્સિંગ, (૨) ચંપલની જોડી શોધવી, (૩) મ્યુઝીકલ બોક્ષની.

***આઠથી અગીયાર વર્ષના બાળકો માટે :*** (૧) દેડકા દોડ, (૨) ત્રીપાગી દોડ, (૩) ફુગ્ગા ફુલાવી A, B, C, D લખવાની રમત.

***બારથી પંદર વર્ષના બાળકો માટે :*** (૧) મોઢાથી પત્તા પકડવા, (૨) બટેકા એકઠા કરવા, (૩) સ્લો સાઈકલિંગ, (૪) મ્યુઝીકલ ચેર રમત ગોઠવવામાં આવેલ. બહોળી સંખ્યામાં બાળકોએ ઉમંગભેર ભાગ લીધો હતો.

રમતોત્સવના ચેરપર્સન જયશ્રીબેન છત્રાળા, શીતલબેન બુધ્ધભટ્ટી અને કીમબેન છત્રાળાએ સેવા આપી હતી. અરૂણાબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન, રીટાબેન, ઈંદીરાબેન માલતીબેને સાથ સહકાર આવ્યો હતો. લતા સોલંકીએ સંચાલન સંભાળ્યું હતું. સમગ્ર કાર્યક્રમના દાતાશ્રી વિજયાબેન પ્રાગજીભાઈ બુધ્ધભટ્ટીની પ્રેરણાથી તેમના સુપુત્ર બુધ્ધભટ્ટી કિરીટભાઈ પ્રાગજીભાઈ કરમસદ આણંદવાળા રહ્યા હતા. રીટાબેન બુધ્ધભટ્ટી તરફથી બાળકોને ચોકલેટ આપવામાં આવી હતી. મહિલા મંડળે દાતાશ્રીનો આભાર માન્યો હતો.

*વિજેતા બાળકોના નામ નીચે મુજબ છે.*

★ **૪ થી ૭ વર્ષના બાળકોનું ગ્રુપ :**

૧. *બુક બેલેન્સિંગ*
પ્રથમ : ઋષિ મયચા, દ્વિતીય : યાના બુધ્ધભટ્ટી

૨. *ચંપલની જોડ શોધવી*
પ્રથમ : પ્રાચી બુધ્ધભટ્ટી, દ્વિતીય : યશેષ બુધ્ધભટ્ટી

૩. *મ્યુઝીકલ બોક્ષ*
પ્રથમ : રૂદ્ર પોમલ, દ્વિતીય : ધૈર્ય બુધ્ધભટ્ટી

★ **૮ થી ૧૧ વર્ષના બાળકોનું ગ્રુપ :**

૧. *દેડકા દોડ*
પ્રથમ : યશ બુધ્ધભટ્ટી, દ્વિતીય : ક્રિષ્ણા બારમેડા

૨. *ત્રિપગી દોડ*
પ્રથમ : ઋષિ બુધ્ધભટ્ટી, દ્વિતીય : કાવ્ય પોમલ.

૩. *ફુગ્ગા ફુલાવી A, B, C, D લખવી*
પ્રથમ : દિવ્ય બુધ્ધભટ્ટી, દ્વિતીય : સિયા બુધ્ધભટ્ટી

★ **૧૨ થી ૧૫ વર્ષના બાળકોનું ગ્રુપ :**

૧. *મોઢાથી પત્તા પકડવા*
પ્રથમ : ધ્રુવ છત્રાળા, દ્વિતીય : માધવ બારમેડા

૨. *બટેકા ભેગા કરવા*
પ્રથમ : યશ બુધ્ધભટ્ટી, દ્વિતીય : વિષુ છત્રાળા.

૩. *સ્લો સાઈકલિંગ*
પ્રથમ : જીત સાકરીયા, દ્વિતીય : પ્રિયાંશી પરમાર.

## ગાય માતા

*આ ગાય શું ખાય છે? જુઓ તો ખરા...*
*ગંદા ઝભલા કેમ ચવાય છે? વિચારો તો ખરા...*
*વાહ! શું 'સ્વાદિષ્ટ' 'પૌષ્ટીક' દૂધ મળે?*
*આમ 'પ્લાસ્ટીક' જે મહીં ભળે.*
*બિચારી ગાયનું તો સાંભળો... કહે છે...*
*હું હરતી - ફરતી રસ્તે રઝળતી વાર્તા*
*સૌનો આધાર હું ને ન મારી સંભાળ રાખતા!*
*સમજો છો હું ઢોર નથી ગાય માતા છું*
*ને મારા આવા હાલ?*
*થોડો તો રાખો ખ્યાલ*
*તેંત્રીસ કરોડ દેવતા વસે જેની પૂંછે*
*સ્વાર્થ સિવાય કાં કોઈ ભાવ ન પૂછે?*
*દોહવી હોય ત્યાં જબાન મધઝરતી*
*મા... મા... મારી મા... કહી પુકારતા*
*પછી કરી મૂકે રસ્તે રઝળતી*
*મુજ થકી મળતા લાભ લેવા,*
*જાણે મીઠા મીઠા મેવા.*
*બાકી મુજથી શી લેવા દેવા?*
*આજના અમુક માનવી એવા.*

***મહેશકુમાર તુલસીદાસ છત્રાળા - અંજાર***

## મહાકાલીકા માતાજીનાં પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર દ્વારા તા. ૨૨-૧-૨૦૧૬, શુક્રવારના રોજ શ્રી મહાકાલીકા માતાજીનાં પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જ્ઞાતિજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ વચ્ચે શ્રી હરીશભાઈ ચંદ્રકાંતભાઈ બારમેડાનાં યજમાનપદે સવારે ૯ કલાકે હવનવિધિ જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપાના આચાર્યપદે, શ્રી મહાકાલીકા માતાજી મંદિર મધ્યે યોજાઈ હતી.



આપણી ન્યાતનાં દેવી શ્રી મહાકાલીકા માતાજીનું સ્વરૂપ ધારણ કરેલ બાળા સાથે કળશ ધારેલ જ્ઞાતિ કુમારિકાઓથી શોભતી અને તમામ જ્ઞાતિજનોનાં ઉત્સાહની દ્યોતક એવી રવાડીનો પ્રારંભ શ્રી મહાકાલીકા માતાજી મંદિરથી થયો હતો અને વર્ષોની પરંપરા મુજબ શહેરના મુખ્ય માર્ગોએથી થઈ પુનઃ શ્રી મહાકાલીકા માતાજી મંદિર મધ્યે તેનું સમાપન થયું હતું. શ્રી મહાકાલીકા માતાજીની મહાઆરતી બાદ જ્ઞાતિનાં શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં સમૂહ પ્રસાદનો જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.



શ્રી માનકેશ્વર મહાદેવ મંદિર મધ્યે સાંજે ૫.૦૦ કલાકે શ્રી સુંદરકાંડ પારાયણનું આયોજન કરેલ હતું. જેની પુર્ણાહૂતિ બાદ સાંજે ૭.૧૫ કલાકે આરતી કરવામાં આવી હતી. સાંજે યોજાયેલ અલ્પાહાર જ્ઞાતિજનો માટે ‘મેળાવડા’ના આનંદનું માધ્યમ બન્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભૂકંપ સમયે અંજાર જ્ઞાતિ ટ્રસ્ટની સમાજવાડી ધ્વસ્ત થયેલ. જેનું પુનઃ નિર્માણ કાર્ય અનેક પ્રયાસ કરવા છતાંયે વિવિધ સમસ્યાઓનાં ભોગે અટવાયેલ છે.

નવનિયુક્ત પ્રમુખ શ્રી ફોરમભાઈએ માજી પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વિસા પરમારની આ કાર્ય અંગે સરાહનીય ભૂમિકાને બિરદાવતાં જણાવ્યું હતું કે “શ્રી રાજેશભાઈના પ્રમુખપદે તેઓનાં અથાગ પરિશ્રમનાં પરિણામ સ્વરૂપે આ કાર્યની અનેક સમસ્યાઓનું સમાધાન લાવવામાં સફળતા પ્રાપ્ત થયેલ. સમાજવાડી બાંધકામ પ્રક્રિયામાં સૌથી મોટા અડચણરૂપ સમાજવાડી જમીનનાં ભાડુઆત અંગેના પ્રશ્નનાં નિરાકરણમાં તેઓની સરાહનીય ભૂમિકા રહેલ છે. પરંતુ તેઓની સમિતિનો કાર્યકાળ સમાપ્ત થતાં આ કાર્યને નવગઠિત કારોબારી સમિતિએ પોતાની કાર્યસૂચિમાં અગ્રતા આપી, તે માટે અંદાજિત પાંચથી સાડા પાંચ હજાર ફૂટ બાંધકામ બાંધકામ અંગેની રજૂઆત પાટોત્સવ દરમ્યાન કરવામાં આવેલ. જેના પ્રતિસાદરૂપે આ કાર્યની સૌ પ્રથમ જરૂરિયાત એવા નાણાંકીય ભંડોળ માટે અંદાજિત ત્રીસેક લાખ રૂપિયાનું દાન ઉપસ્થિત જ્ઞાતિજનો દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.”

અંજાર ઘટકના સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળની સ્થાપનાના સફળ નવ વર્ષ પૂર્ણ થતાં દશાબ્દી વર્ષ ઉજવણીનાં ભાગરૂપે ત્રિ-દિવસીય કાર્યક્રમની રજૂઆત પણ કરાઈ હતી. સતત કાંઈ નવા જ કાર્યક્રમોના આયોજનની જાણે પરંપરા જાળવવી હોય તેમ વૈશ્વિક પર્યાવરણ પ્રદૂષણ સમસ્યા નિવારણમાં પોતાના નાના પ્રયાસરૂપે પ્રકૃતિ પર્વનાં દ્યોતક એવી વસંત પંચમીનાં દિવસે વૃક્ષારોપણની સાથે જ્ઞાતિના શૈક્ષણિક સ્તરનાં વિકાસની પ્રાર્થનાનાં પ્રતીક સ્વરૂપે પ.પૂ. ગોરબાપાના આચાર્યપદે જ્ઞાતિના વિદ્યાર્થીઓ દ્વારા સામૂહિક સરસ્વતી પૂજન અને સરસ્વતી યંત્ર સ્થાપનનું આયોજન તા. ૧૨-૨-૨૦૧૬નાં, શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની કલા - સાંસ્કૃતિક સમિતિ દ્વારા પર્લ વર્ક પ્રોજેક્ટ દ્વારા જ્ઞાતિની


મહિલાઓને આર્થિક સ્વાવલંબન હેતુ માર્ગદર્શનનું આયોજન તા. ૧૩-૨-૨૦૧૬ના રોજ તથા આજથી ૪૫-૫૦ વર્ષ પહેલાં જ્યારે શિક્ષણ પ્રવાહ મંદ હતો તે સમયે ઉચ્ચ શિક્ષણ મેળવેલ અંજાર ઘટક જ્ઞાતિજનોને બિરદાવવા સન્માન સમારોહ અને યુવા પેઢીમાં આકર્ષણ જમાવનાર વેલેન્ટાઈન ડે ને અનુલક્ષીને પાવર કપલ કોન્ટેસ્ટનું તા. ૧૪-૨-૨૦૧૬ના રોજ થનાર આયોજનની રજૂઆત કરવામાં આવેલ.

અંજાર ઘટક કારોબારી સમિતિના સભ્યો, સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળના સભ્યો તથા યુવક મંડળના સભ્યોની જહેમતે મોટી સંખ્યામાં સમયસર ઉપસ્થિત જ્ઞાતિજનોને પાટોત્સવનો આનંદ માણવાના અવસરનું આયોજન સુપેરે પાર પડ્યું હતું. જે બદલ ઘટકનાં નવનિયુક્ત યુવા પ્રમુખ શ્રી ફોરમભાઈએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. ■

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર : નવી કારોબારીનું ગઠન



**શ્રી ફોરમભાઈ સુરેશભાઈ પોમલ**
**પ્રમુખશ્રી**



**શ્રી કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ**
**ઉપપ્રમુખશ્રી**



**શ્રી પ્રકાશભાઈ ચેતનભાઈ બારમેડા**
**ઉપપ્રમુખશ્રી**



**શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગા**
**મંત્રીશ્રી**



**શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટી**
**સહમંત્રીશ્રી**



**શ્રી કિરણભાઈ મોહનલાલ સોલંકી**
**ખજાનચીશ્રી**




**શ્રી જગદીશભાઈ હરિલાલ છત્રાળા**
**સહખજાનચીશ્રી**



**શ્રી ઈશ્વરભાઈ વેલજીભાઈ બારમેડા**
**સભ્યશ્રી**



**શ્રી શાંતિલાલ હંસરાજભાઈ બુધ્ધભટ્ટી**
**સભ્યશ્રી**



**શ્રી કિશોરભાઈ કલ્યાણજી બુધ્ધભટ્ટી**
**સભ્યશ્રી**




**શ્રી શિવલાલભાઈ શામજીભાઈ મૈચા**
**સભ્યશ્રી**



**શ્રી ભરતભાઈ ચત્રભુજ ગોહિલ**
**સભ્યશ્રી**

એકતા કટ્ટા - અંજાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજારના યુવા પ્રમુખ : શ્રી ફોરમભાઈ સુરેશભાઈ પોમલ



આપણી જ્ઞાતિનાં અંજાર ઘટક ટ્રસ્ટનાં પ્રમુખપદે શ્રી ફોરમભાઈ સુરેશભાઈ પોમલની સર્વ સહમતિથી વરણી કરવામાં આવેલ છે. 'જ્ઞાતિસેતુ' પરિવાર તેઓને વરણી બદલ અભિનંદન સાથે વિવિધ જ્ઞાતિ કાર્યો દ્વારા જ્ઞાતિને વિકાસનાં શિખરે પહોંચાડો તેવી શુભેચ્છા પાઠવે છે.

કોઈપણ સંસ્થાના ગઠનનો હેતુ જે તે સંબંધિત ક્ષેત્રોનો વિકાસ જ હોય છે. ત્યારે સંસ્થાનું વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) સંસ્થાનાં લક્ષ્ય સિધ્ધિની પાયારૂપ જરૂરિયાત હોય છે. આ વ્યવસ્થાપન નેતૃત્વ પર અવલંબે છે. યોગ્ય નેતૃત્વ સંભાળનાર વ્યક્તિ સંસ્થાનાં લક્ષ્યોની સિધ્ધિ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નેતૃત્વ સંભાળનાર વ્યક્તિની સંસ્થા પ્રત્યેની નિષ્ઠા, સમજશક્તિ, નિર્ણય શક્તિ, વ્યવહાર કુશળતા જેવા પાસાઓ ધ્યાને લેવા જરૂરી હોય છે. તેણે અર્જીત કરેલ યોગ્યતા અંગત હોઈ શકે પણ તેના ફાયદા કે ગેરફાયદા સંસ્થાથી સંબંધિત દરેક ક્ષેત્રને અસરકર્તા હોય છે.

આપણી જ્ઞાતિનાં અંજાર ઘટક પ્રમુખપદે નિયુક્ત શ્રી ફોરમભાઈ, મળતી માહિતી મુજબ સૌથી યુવા પ્રમુખ છે. આધુનિક સમયનાં પ્રવાહને સમજી, જ્ઞાતિ વિકાસ માટે યુવા નેતૃત્વ મળવું તે આપણી જ્ઞાતિનું, સમય સાથે તાલ મેળવી ચાલવાનો સંકેત આપે છે.

શ્રી ફોરમભાઈનો જન્મ તા. ૨-૭-૧૯૭૭ના ભુજ મધ્યે થયો છે. યુવા નેતૃત્વનું સકારાત્મક પાસું હોય છે – સાંપ્રત શિક્ષણ. અને શિક્ષણ એ લક્ષ્ય સિધ્ધિની આવડતમાં વધારો કરે છે. શ્રી ફોરમભાઈએ સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ - અંજારથી શાળાકિય શિક્ષણ મેળવી, ગુજરાત યુનિવર્સિટીથી બી.કોમ., એલ.એલ.બી.નું શિક્ષણ મેળવ્યું છે. એકાઉન્ટીંગ અને રેવન્યુ તેમના પ્રિય વિષયો રહ્યા છે. જે તેઓની ગાણિતિક બુધ્ધિની ઓળખ આપે છે. કોઈપણ કાર્યની પૂર્વ ગણતરી લક્ષ્યનો માર્ગ સ્પષ્ટ કરવા મદદરૂપ હોય છે. યુવાપેઢી ભવિષ્ય કહેવાય છે. યુવા પેઢી તે કોઈપણ સમાજનું ધન કહેવાય છે. તેનું માનસ સમજી કાર્યપધ્ધતિ અપનાવવાથી વિકાસ પામી શકાય છે. માનસ નીકટતા કેળવવાથી વાંચી શકાય છે. તે માટે રમત-ગમત હાથવગો ઉપાય છે. શ્રી ફોરમભાઈ દરેક રમત-ગમતનો શોખ ધરાવે છે અને દરેકને ઘેલું લગાડનાર ક્રિકેટ, તેમનો ફેવરીટ સ્પોર્ટસ છે.

શ્રી સુરેશભાઈ રમણિકલાલ પોમલ અને શ્રીમતી પુષ્પાબેનનાં ત્રણ પુત્રો – ફોરમભાઈ, હિતેનભાઈ તથા નંદીશભાઈ અને એક પુત્રી – ફ્લોરાબેન હિતેશભાઈ બીજલાણીમાં શ્રી ફોરમભાઈ સૌથી મોટા પુત્ર છે. સંયુક્ત પરિવાર પ્રણાલીનું પાલન કરી નૈતિક મૂલ્યોમાં તેઓ નિષ્ઠા ધરાવે છે. ભુજ નિવાસી સ્વ. શ્રી હીરાલાલભાઈ પરષોત્તમ બગ્ગાનાં તેઓ દોહિત્ર છે. ભુજનાં ખ્યાતિપ્રાપ્ત બીજલાણી ટ્યુશન ક્લાસીસનાં શ્રી હિતેશભાઈ રસિકભાઈ બીજલાણી, તેઓના બનેવી છે.

આજે પરંપરાગત વ્યવસાય કરતાં શિક્ષિક વર્ગમાં ઉચ્ચ હોદ્દાઓથી આકર્ષાઈ વિવિધ નોકરીઓ યુવા વર્ગની પ્રથમ પસંદગી બની રહી છે. ત્યારે પરંપરાગત વ્યવસાયને આર્થિક મર્યાદા, સ્પર્ધાત્મક વાતાવરણ, વ્યવસાયિક કાનૂની નીતિ-નિયમ, પ્રતિષ્ઠા જેવા પડકારોનો બુધ્ધિ ચાતુર્ય અને ત્વરીત નિર્ણય શક્તિ વડે ટકાવી, વિસ્તારવાનું સાહસ કરનારાં જૂજ મળી રહ્યાં છે, ત્યારે શ્રી ફોરમભાઈ આશરે ૧૯૫૦માં સ્થાપિત મે. સોની રમણિકલાલ નાનાલાલ નામના, પોતાનાં દાદાજીના પ્રતિષ્ઠિત વ્યવસાયને સુપેરે સંભાળી રહ્યા છે. ભૂકંપ બાદ વ્યવસાયિક કસોટીમાંથી પાર પાડી આ જ વ્યવસાયના ફલકને નવા સોપાન મે. મહાલક્ષ્મી જ્વેલર્સ (સોના-ચાંદીના હોલસેલ વ્યવસાય) દ્વારા વિસ્તાર્યું છે. તો સાથે ડેવલોપર્સના વ્યવસાયમાં પણ રસ ધરાવે છે.

શ્રી ફોરમભાઈએ વર્ષ ૨૦૧૦-૧૧થી અંજાર જ્ઞાતિ ટ્રસ્ટના કારોબારી સભ્યપદથી જ્ઞાતિકાર્યોનો પ્રારંભ કર્યો છે. શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના તેઓ સહમંત્રી છે. તો આપણી જ્ઞાતિના પરંપરાગત એવા સોના-ચાંદીના વ્યવસાયને અધિકૃત સ્વરૂપે સંગઠિત કરતા એવા અંજાર સોના-ચાંદી બુલિયન મર્ચન્ટ એસોસિએશનનાં પ્રમુખપદે તેઓની વરણી થયેલ છે. ઉપરાંત કચ્છ બુલિયન ફેડરેશનની સ્થાપક સમિતિના મંત્રીપદે તેઓ નિયુક્ત થયેલા છે. આ વ્યવસાય સંબંધિત વિવિધ સમસ્યાઓને ઉકેલવા તેઓ સક્રિય ભૂમિકા ભજવે છે. હાલ સરકારશ્રીનાં રૂપિયા બે લાખની ખરીદી પર પાન કાર્ડ ફરજીયાત કરવાના નિર્ણયના વિરોધ અંગે ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશનની મુંબઈ મધ્યે તા. ૮-૧-૨૦૧૬નાં રોજ મળેલ બેઠકમાં કચ્છ બુલિયન ફેડરેશન વતીથી કચ્છની સમસ્યાઓની રજૂઆત કરેલ હતી.

દાદા તથા ફઈઓને મિત્ર સમાન પોતાનાં પ્રોત્સાહક માનનારાં શ્રી ફોરમભાઈ પોતાનાં કુળદેવી શ્રી વાંકલ ચામુંડા માતાજી પર અતૂટ શ્રધ્ધા ધરાવે છે. પોમલ પરિવારનાં કુળદેવીનાં સ્થાનકનાં વહીવટનું સંચાલન પણ તેઓ ખૂબ નાની વયથી સંભાળી રહ્યા છે. અધ્યાત્મવાદના તેઓ સમર્થક છે.

અંજાર જ્ઞાતિ ટ્રસ્ટનાં પ્રમુખપદેથી તેઓ શિક્ષણ, વ્યવસાય અને મેડિકલ ક્ષેત્રે કાર્ય કરવા માંગે છે. તેઓ વિશેષતઃ મેડિકલ ક્ષેત્રે પ્રદાન આપવા પ્રયત્નશીલ રહેશે. જ્ઞાતિ ટ્રસ્ટમાં ટ્રસ્ટ કારોબારી સિવાય મહિલા મંડળ અને યુવક મંડળના સહયોગથી 'ટીમ વર્ક' વડે જ્ઞાતિજનોમાં જ્ઞાતિ પ્રત્યે વિઝન ક્રિએટ થાય તેવું તેઓ ઈચ્છે છે.

શ્રી ફોરમભાઈનાં લક્ષ્યોની સિધ્ધિ દ્વારા જ્ઞાતિને નવી દિશા સાંપડે તેવી શુભ કામના. અસ્તુ. ■

## श्री ब्राह्मण स्वर्णकार समाज सामूहिक विवाह उत्सव समिति - साबरकांठा विभाग

श्री ब्राह्मण स्वर्णकार समाज सामूहिक विवाह उत्सव समिति, खेडब्रह्मा (साबरकांठा) द्वारा माँ जगदंबा की कृपा से बारहवां सामूहिक विवाह महोत्सव दि. १४-१२-२०१५ सोमवार को श्री अंबिका माताजी मंदिर परिसर में निर्विघ्न संपन्न हुआ। सारे वैवाहिक कार्यक्रम निर्धारीत समय पर परिपूर्ण हुए। जिसमें १४ (चौदह) नवयुगलों का पाणिग्रहण हुआ। भारत वर्ष के विभिन्न राज्यों से बडी संख्या में समाज बंधुओने भाग लिया। समाज बंधुओं की तरफसे बडी मात्रामें कन्याओं के लिये कन्यादान के रुप में भेट सौगात आई। संस्था की तरफ से प्रत्येक कन्या को पलंग, बिस्तर सेट, बाजोट दिये गये।

इस समारोह में १४-१२-२०१५को सवेरे भोजन के दाता श्रीमान सोनी पुखराजभाई चुन्नीलालजी परमार परिवार जि. थलवाड, जि. जालौर (राजस्थान) हाल फतेपुर (हिंमतनगर)

चाय दूध कोफी की व्यवस्था श्रीमान अमृतलालजी घासीराम जालोरा जि. पेथापुर के तरफ से की गई।

आमंत्रण पत्रिका के दाता : श्रीमान प्रकाशचंदजी मोहनलालजी बेडचा एवं सोनी रमेशकुमारजी केसरीमलजी घावरवाल, नि. हिंमतनगर

पीने के पानी के दाता : श्रीमान भंवरलालजी जवानमलजी जोजावरा, जि. खेडब्रह्मा.

कइ समाजबंधुओ में खेडब्रह्मा में हर साल सामूहिक विवाह आयोजन करने हेतु सुझाव दिये हैं। जिस पर मिटींगमें चर्चा करने पर निर्णय लिया जायेगा।

आगामी सामूहिक विवाह के आयोजन हेतु भी समाज बंधुओने अपनी सहयोग राशि घोषित कर दी।

***आगामी सामूहिक विवाह में :***

★ ***संपूर्ण भोजन के दाता:*** श्रीमान सोनी बाबुलालजी मंछाजी सुपुत्र चंपालालजी जोजावरा चौहान निवासी दासपा जि. जालौर (राजस्थान). ★ ***आमंत्रण पत्रिका के दाता :*** श्रीमती कमलाबेन मोहनलालजी सुपुत्र विजयकुमारजी एवं गणेशमलजी कट्टा जि. शिवगंज हाल पूना (महाराष्ट्र). ★ ***चाय कोफी दूध की व्यवस्था :*** श्रीमान अमृतलालजी घासीरामजी जालोरा परिवार निवासी पेथापुर, जि. गांधीनगर (गुजरात)

इन सभी दान-दाताओं का शाल ओढ़ाकर सम्मान किया गया। इस कार्यक्रम को सफल बनाने हेतु श्री ब्राह्मण स्वर्णकर समाज खेडब्रह्मा, वडाली, इडर, हिंमतनगर, मोडासा, एस.बी.एस. युवा अहमदाबाद के युवक मंडलने सेवाएं दी जिससे यह समारोह सम्पन्न हुआ। इसी के साथ इस उत्सव को सफल बनाने में श्री अंबिका माताजी ट्रस्ट खेडब्रह्मा एवं संपूर्ण मंदिर स्टाफ, जलाराम केटरर्स - इडर एवं गोरधन मंडप सर्विस दरामजी द्वारा पूरा सहयोग मिला जिससे यह समारोह सफल हुआ।

संस्था उन सभी दान दाताओं का हार्दिक आभार प्रकट करती है जिन्होंने तन-मन-धन से इस उत्सव को सफल बनाने में उदार हृदय से योगदान प्रदान किया। संस्था उन सभी माता-पिता एवं अभिभावकों का हार्दिक आभार प्रगट करती है जिन्होंने अपने संतानों का विवाह इस उत्सव में करवाया।

साथ ही इन परीणित नवयुगलों के उज्जवल भविष्य की कामना करते हैं कि ईश्वर इनके दांपत्य जीवन को खुशियों से भरे एवं इनका जीवन सुख-समृध्धिमय बने।

इस समारोह को सफल बनाने में संस्था के सभी पदाधिकारियों एवं सभी कार्यकर्ताओं ने सच्ची लगन एवं निष्ठा से कार्य किया है। फिर भी अनजाने में अगर कोई त्रुटी रह गई हो तो हम समाज बंधुओं से क्षमा चाहते हैं और भविष्य में ऐसी त्रुटि का पुनरावर्तन नहीं हो उसका विश्वास दिलाते हैं। ■

## ઋતુઓનું વર્ણન

*શિયાળે સતત વા વાય, પાનખરે ઘઉં પેદા થાય,*
*પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ઘરે ચાવે તંબોળ.*

*ઘરે શરીરે ડગલી શાલ, ફાટે ગરીબ તણા પગ ગાલ;*
*ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલી ભાત.*

*ઉનાળે ઊંડા જળ જાય, નદી સરોવર જળ સૂકાય;*
*પામે વનસ્પતિ સૌ પાન, કેસૂડા રૂડાં ગુણગાન.*

*સારા હોજ ફુવાર બાગ, પ્યારા ચંદન પંખા લાગ;*
*બોલે કોયલ મીઠા બોલ, તાપ પડે તે તો વણ તોલ.*

*ચોમાસું તો ખાસું ખૂબ, દિસે દુનિયા ડુબાડુબ;*
*લોક ઉચ્ચારે રાગ મલ્હાર, ખેતર વાવે ખેતીકાર.*

*ચંપા ચમેલી જૂઈ જાપ, ફૂલ ગુલાબ ભલા ફુલાય;*
*છત્રી ચોમાસે સુખ માટ, ચાખડીઓ હિંડોળાખાટ.*

***– કવિ દલપતરામ***

***પ્રેષક : જેમીની કલ્પેશકુમાર સોની - મમાયમોરા (માંડવી)***
***(ધોરણ-૫)***

# 'વિરાસત વિશેષાંક' અંગે પ્રતિભાવો

★ જ્ઞાતિસેતુ પરિવારને નૂતન વર્ષની શુભ કામનાઓ. 'વિરાસત' વિશેષાંકમાં આપણા સમાજના ગોત્ર અને નુખના નૈવેદ્યોની વિવિધ જાણકારી ખૂબ જ સરસ લાગી. આ માહિતી આવતી પેઢી માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.

આપણા ઇતિહાસની માહિતીમાં 'આપણા કારીગરો' અને 'આપણી પરંપરાઓ'ની માહિતી પણ રસપ્રદ અને 'વડ - વડવા અને વડવાઈઓની વાતો' લેખ ખૂબ જ માહિતીપ્રદ લાગ્યો.

આવા લેખો માટે માહિતી મેળવવી અને સંકલિત કરવી ખૂબ જ મહેનત અને ઝીણવટભર્યું કામ છે. શ્રી અતુલભાઈ સોની અને પૂરી ટીમે આ કાર્ય સફળતાપૂર્વક કરીને આવું રસપ્રદ અને માહિતીસભર 'વિરાસત' અમારા હાથમાં મૂકી, એ એક સ્વપ્ન જેવું લાગે છે. એક જ પુસ્તકમાં આટલી બધી જાણકારીઓ આશ્ચર્ય અને આનંદ આપી ગયા. આવા સાચવી રાખવા જેવી 'વિરાસત' માટે શ્રી અતુલભાઈ સોની અને 'સેતુ'ની પૂરી ટીમને ખૂબ ખૂબ આભાર અને અભિનંદન.

***મીતા સોલંકી - ભુજ***

★ આપણા સમાજની સંસ્કૃતિ અને સમાજને નામના અપાવનાર આપણા પૂર્વજોના જીવન અને કવનને પ્રસ્તુત કરતો ગતાંક ખૂબ જ વૈવિધ્યસભર લાગ્યો. સમાજના વિવિધ ગોત્રના પરિવારો તેમજ તેઓની પરંપરાઓ વિશે લેખો તૈયાર કરનાર તમામ લેખકોને તથા વિશેષાંકને તૈયાર કરનાર સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

***પરેશ સી. ગુજરાતી - ભુજ***

★ અખબાર તેમજ તેમની પૂર્તિમાં ઘણી કોલમો આવતી હોય છે અને પસંદગીની કોલમ સાચવી પણ રાખતા હોઈએ છીએ. પણ પૂરું અખબાર સાચવતા નથી હોતા. જ્યારે આપણા 'જ્ઞાતિસેતુ'નો દરેક અંક તો એવો હોય છે, જેનો આપણે સંગ્રહ કરવા લલચાઈએ છીએ. અને એમાં પણ વિશેષ અંક તો ખાસ! આ વખતનો 'વિરાસત વિશેષાંક' અંક તો દિવાળીની ગીફ્ટ સમાન રહ્યો છે.

આ અંકમાં આપણી જ્ઞાતિમાં આવતા દરેક નુખની માહિતી ઉપરાંત પરિવારના પૂર્વજોનું યોગદાન, રીત-રિવાજોનું વિસ્તરણ છે. જ્યારે અમુભાઈએ તો આપણા સમાજના રીતિ રિવાજોની જાણકારોની ટીમ દ્વારા તલસ્પર્શી માહિતીને બહુ જ સુંદર રીતે સંકલિત કરી છે. તેઓની પૂરી ટીમને અભિનંદન.

આ અંક ખૂબ જ ગૌરવપ્રદ રહ્યો છે તેની નોંધ રજનીકાંત સોની અને બાબુભાઈ ગોર દ્વારા 'કચ્છમિત્ર' અખબારમાં પ્રસિધ્ધ થઈ. સેતુની પૂરી ટીમને અભિનંદન.

જેટલું પણ શ્રેષ્ઠ આપીએ, લોકોને વધુને વધુ શ્રેષ્ઠની અપેક્ષા રહેતી હોય છે. લોકોને ક્યારેય સંતોષ હોતો નથી અને સંતોષ રાખવાથી પ્રગતિ નથી થતી એ પણ સત્ય છે.

***અંજના પોમલ - અંજાર***

★ 'જ્ઞાતિસેતુ'ના દિવાળી અંકમાં આપણી જ્ઞાતિમાં પ્રથમ જ આઈ.એ.એસ. ઑફિસર બનેલ શ્રી કાર્તિકેય દામજીભાઈ બુધ્ધભટ્ટી વિશેનો લેખ વાંચ્યો અને ખૂબ જ ગમ્યો.

મારા તરફથી ચિ. કાર્તિકેયને અને તેમના પરિવારજનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

પ્રથમ તો લખવાનું કે આજના આ શિક્ષણલક્ષી સમાજને પોતાના દીકરા-દીકરીઓને ડૉક્ટર, એન્જીનીયર, સી.એ. બનાવવાની જ તમન્ના હોય છે.

શ્રી ધનજીભાઈ બુધ્ધભટ્ટીને ધન્યવાદ આપું છું કે આ ઉપરાંત એમણે એમના બીજા દીકરાને આઈ.એ.એસ. ઑફિસર બનાવવાનું સ્વપ્ન જોયું અને ચિ. કાર્તિકેયની મહેનત અને લગને એમના પિતાશ્રીનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું. (પ્રથમ દીકરો તો એન્જીનીયર છે જ.)

આ સાથે મને પણ ગર્વ લેવાનું મન થાય છે કેમકે હું પણ કોઠારાના બુધ્ધભટ્ટી પરિવાર શ્રી જેઠાલાલ કેશવજી બુધ્ધભટ્ટીનો દોહિત્ર થાઉં છું.

***કિશોર વેલજીભાઈ સોની (બારમેડા) - મલાડ, મુંબઈ***
***મો. ૯૮૨૦૮૪૭૦૫૫***

★ Congratulations for excellent Virasat Visheshank.

I specially liked the title (Cover) design. It is really excellent. Please give the name of the designer in next issue and please convey 'thank you' for giving such a great design. I suggest, in every issue, credit should be given to the title designer.

I also liked "Pappa is Pappa..." One person called "Pappa" is different persons for son and daughter. I specially liked the flow of language. Congratulations.

Thirdly, I liked the 'neat and clean' composing and printing. Please continue this Gujarat fonts to use in all further issues. The whole issue is 'error less'. It shows dedication of 'Mudran Aayojan.'

I do not think 'Virasat Visheshank' could be better than this! It is simply the best.

My all the best wishes are always with you.

***Harnish Kansara (M. 93270 05657)***

***'વિરાસત વિશેષાંક'ના મુખપૃષ્ઠની ડિઝાઈન શ્રી જયેશભાઈ ઘડીયાળી (અમદાવાદ) દ્વારા કરવામાં આવેલ. સુંદર ડિઝાઈન માટે તેમને ખૂબ ખૂબ અભિનંદન.***

★ 'વિરાસત વિશેષાંક'નું નામ અને એનો કવર ફોટો એકબીજાને બંધબેસતું છે.

આ વિશેષાંકમાં આપણા પરિવારો અને પરંપરાઓની વિસ્તૃત માહિતી આપેલ છે. આમાં આપેલ માહિતીમાં જે આપણી વિરાસત, સંસ્કૃતિ અને પૂર્વજોના ઇતિહાસની જાણકારી પૂરી પાડેલ છે, જે આજ દિવસ સુધી અમારી જાણકારીમાં ન હતી. આજ સુધી આ બધા જ વિષયોમાં કેવળ છુટક છુટકમાં સાંભળેલું હતું કારણકે અમારા વડીલો ત્યાંથી રાયપુર આવ્યા હતા ત્યારે તેમની પાસે આ વિશે કંઈ પણ લેખિત જાણકારી ન હતી અને અમારો તો જન્મ પણ રાયપુરમાં થયો છે. તો અમારી પાસે તો આવી કોઈ પણ જાણકારીનું માધ્યમ જ ન હતું.

આપણી પરંપરાઓ, રીતિરિવાજો, પૂજા - વિધાન વગેરે જાણવાની ખૂબ જ ઉત્કંઠા હોવા છતાં પણ કોઈ પ્રામાણિક (વિશ્વસનીય) જાણકારી ઉપલબ્ધ ન હતી.

પણ ખૂબ ખૂબ આભાર "જ્ઞાતિસેતુ"નો જે પોતાના નામ પ્રમાણે દેશ વિદેશમાં વસતા જ્ઞાતિજનો વચ્ચે સેતુના રૂપે કાર્ય કરી પરસ્પર એકબીજાને જોડવાનું અને માહિતી પહોંચાડવાનું કાર્ય કરે છે.

જેમ કોઈ પણ કાર્યક્રમના ફોટો જોતી વખતે સહજપણે સર્વપ્રથમ એ ફોટામાં પોતે ક્યાં છે તે જાણવાની ઇચ્છા હોય છે તે રીતે જ અમે કટ્ટા છીએ તો સર્વપ્રથમ પોતાના વિશે પહેલા જાણવાની ઈચ્છા થઈ.

કટ્ટા પરિવારના પૂર્વજોએ કરેલા પરાક્રમ – જેમાં રાજા અને માતૃભૂમિની રક્ષા કરતા કરતા પોતાના પ્રાણ પણ ન્યોચ્છાવર કરી દીધા. આવું પરાક્રમ અને ગૌરવશાળી ઇતિહાસ વાંચીને અત્યંત ગર્વની અનુભૂતિ થઈ. અન્ય વિભિન્ન અજાણી બાબતોથી પહેલીવાર માહિતગાર થવાયું, જે વાંચીને ઘણો આનંદ થયો.

'વિરાસત વિશેષાંક'માં આપેલો આપણો ઇતિહાસ, સંસ્કૃતિ, પૂજા - વિધાન વગેરે વાંચ્યા બાદ આવા બધા જ સવાલોનું બહુ જ સરસ રીતે સમાધાન આ અંકના વિસ્તૃત લેખથી મળી ગયું.

આ માહિતી વર્તમાન અને આવતી પેઢી માટે અત્યંત ઉપયોગી થશે કારણકે જે ઇતિહાસમાં આપણા પૂર્વજોએ પરાક્રમ કર્યા છે તે આવતી પેઢીને પણ હિંમત આપવાનું કાર્ય કરશે અને આપણી પરંપરાઓ અને ઇતિહાસના માધ્યમથી વર્તમાન અને ભવિષ્યનું ઘડતર થાય છે.

આ બધું જ સંકલન કરવું અત્યંત શ્રમ, સમય અને સાધના માંગી લેતું કાર્ય છે. જે આપવા બદલ કુ. એકતા કટ્ટા, તુલસીદાસભાઈ કંસારા, જ્ઞાતિસેતુના સંપાદકશ્રી, તંત્રીશ્રી અને એમની સમગ્ર ટીમને અભિનંદન છે. વિશેષ માહિતી માટે ગં.સ્વ. દિવાળીબેન દામજીભાઈ કટ્ટાનો પણ આભાર.

'જ્ઞાતિસેતુ'એ હંમેશા રચનાત્મક, વૈવિધ્યસભર વાંચન સામગ્રી પીરસવાનું કાર્ય કર્યું છે, જે હંમેશાં પ્રસંશનીય રહ્યું છે. આ અંકમાં પણ રીતિ-રીવાજોને સાચવવાનું અને આગળ લાવવાનું કાર્ય કર્યું છે.

આ અંક અવશ્ય ઇતિહાસલક્ષી બનશે.

આવી જ્ઞાનવર્ધક, સરસ અવનવી જાણકારી આપવા બદલ 'જ્ઞાતિસેતુ'ને ખૂબ ખૂબ અભિનંદન. હજી પણ રસપ્રદ અને ઉપયોગી માહિતી સદૈવ મળતી રહે, 'જ્ઞાતિસેતુ' ઉત્તરોત્તર ખૂબ જ પ્રગતિ કરે અને જ્ઞાતિજનોમાં આમ જ જ્ઞાન પ્રસારનું સિંચન કરતી રહે એવી અંતઃકરણથી શુભેચ્છા.

*કૌશિક કિશોરભાઈ કટ્ટા*

*પ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર (છત્તીસગઢ)*

★ સર્વપ્રથમ 'જ્ઞાતિસેતુ'ના તંત્રીમંડળને ખૂબ ખૂબ આભાર કે તેમણે શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર (છત્તીસગઢ)ની "પરિવાર પરિચય પુસ્તિકા"ને કવરપેજમાં સ્થાન આપેલું અને અહીં જ્ઞાતિના સામાજિક કાર્યક્રમો અને અન્ય એક્ટિવિટીઝનો વિશેષ લેખ આપી રાયપુરમાં જ્ઞાતિ કાર્યક્રમની જાણકારીને દેશ-વિદેશમાં પહોંચાડી અને પુસ્તિકા વિતરણમાં પણ સહયોગ આપ્યો.

વર્ષોથી 'જ્ઞાતિસેતુ'એ પોતાના મેગેઝીન દ્વારા જ્ઞાતિજનોની વચમાં જે સેતુનું કાર્ય કર્યું છે તે અત્યંત પ્રસંશનીય છે. આગળ પણ અમને વિશ્વાસ છે કે રાયપુરની માહિતી સમસ્ત જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અમને સહયોગ આપશો.

'જ્ઞાતિસેતુ'ને રાયપુર સ્થિત શ્રી મારૂ કંસારા સોની સમાજ તરફથી પુનઃ ખૂબ ખૂબ અભિનંદન. આભાર.

*કૌશિક કિશોરભાઈ કટ્ટા*

*પ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર (છત્તીસગઢ)*

★ આપના સમાજ દ્વારા પ્રકાશિત 'જ્ઞાતિસેતુ'નો દરેક અંક અમને મળે છે. દરેક અંકની એક વિશેષતા હોય છે, જેથી વાંચવાનું પ્રેરણાદાયક રહે છે. આ વર્ષનો આપનો 'વિરાસત વિશેષાંક' ખરેખર અદ્ભુત છે. આપના સમસ્ત સમાજના વિભિન્ન ગોત્ર પરિવારોની ઇતિહાસમૂલક વિગતો ખૂબ જ રસપ્રદ રીતે આપેલી છે. જે બદલ સંપાદક ટીમ અને મંડળને મારા હાર્દિક અભિનંદન.

*ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર - અમદાવાદ*

**પાના નં.-૩૯ ઉપર આપેલ સામાન્ય જ્ઞાનના જવાબો**

**(૧)** ૨, **(૨)** ૧, **(૩)** ૨, **(૪)** ૩, **(૫)** ૩, **(૬)** ૧, **(૭)** ૪, **(૮)** ૩, **(૯)** ૧, **(૧૦)** ૩, **(૧૧)** ૨, **(૧૨)** ૧, **(૧૩)** ૪, **(૧૪)** ૪, **(૧૫)** ૪, **(૧૬)** ૪, **(૧૭)** ૨, **(૧૮)** ૨, **(૧૯)** ૪, **(૨૦)** ૧, **(૨૧)** ૪, **(૨૨)** ૨, **(૨૩)** ૪, **(૨૪)** ૪, **(૨૫)** ૨.

# રાજકીય ક્ષેત્રે સમાજની મહિલાઓનું પદાર્પણ

## (૧) પોતીકાપણાનો પર્યાય : શ્રીમતી લતાબેન ઈન્દુલાલ સોલંકી



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિને ૨૦૧૫નું વર્ષ જતે - જતે યશ - કળશ આપતું ગયું અને ૨૦૧૬નું નવું વર્ષ સામાજિક ક્ષેત્રે વિશેષતઃ જ્ઞાતિની મહિલાઓનાં પ્રગતિનાં પંથ માટે નવી આશાઓ લઈ આવ્યું. મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી યોજાઈ અને વોર્ડ નં.-૫ માંથી શ્રીમતી લતાબેન ઈન્દુલાલ સોલંકી વિજયી થઈ કાઉન્સિલર પદે નિયુક્ત થયા અને 'રૂલ્સ એન્ડ બાયલૉઝ'ના ચેરપર્સનનાં કાર્યક્ષેત્ર માટે ચયન પામ્યા. 'જ્ઞાતિસેતુ'ની પૂરી ટીમ તેમને અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છા પાઠવે છે.

કચ્છનાં હાર્દ સમા ભુજ શહેરના વિવિધ રાજકીય ક્ષેત્ર સંબંધિત હોદ્દાઓ હોય... વિવિધ સાહિત્ય સોપાન હોય... શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનાં માત્ર ભુજ તથા કચ્છ જ નહીં પરંતુ સંપૂર્ણ ભારતભરનાં જ્ઞાતિજનો માટે ક્રાફ્ટ મેળા, મેરેજ બ્યુરો વગેરે જેવાં અતિ ઉપયોગી અને સમયની માંગ કહી શકાય તેવા પ્રોજેક્ટની દેન હોય... વિવિધ વિષયોના ટ્યુશન ક્લાસીસ વડે શિક્ષણ ક્ષેત્રે યોગદાનની વાત હોય કે પછી ભૂકંપ જેવી કુદરતી આફતનાં કારણે કુટુંબ પર આવી પડેલ વિપદામાં પણ 'ભત્રીજા - વહુ'ને 'પુત્રી-સમ' મનોબળ પૂરું પાડી ભાંગતી જિંદગીને અને વિખરાતા કુટુંબને માનભેર ઊભું કરવાની નેમ હોય... બધાં જ ક્ષેત્રોમાં "D BEST" સાબિત થયા બાદ પણ નાનાં બાળકોથી લઈ વડીલો સુધી બધાં સાથે નિરાભિમાની, પ્રેમાળ અને સરળ વ્યવહાર કુશળ સ્વભાવનાં ધણી તેમજ 'જ્ઞાતિસેતુ'ના બાળ વિભાગના સંપાદક તેમજ અન્ય લેખો, કાવ્યો આદિથી સમૃધ્ધ કરનાર એવા આપણા "લતા કાકી"નો પરિચય આપવાનું કામ સાચે જ દિવસનાં ઉજાસને "ઉજાસ" સાબિત કરવા જેવું અઘરું છે કારણકે પરિચય 'અજ્ઞાત' બાબતોનો હોય, જે બાબત સર્વજ્ઞ, સર્વ સ્વીકૃત હોય, તેનો ક્યારેય ન હોય! છતાંય મેં આ પ્રયાસ કર્યો છે અને મને વિશ્વાસ છે કે જ્યારે જ્ઞાતિજનો આ પરિચય વાંચશે ત્યારે જરૂર એવો સૂર સંભળાશે કે, લતાકાકીની હજુ પણ વિશેષતાનો પરિચય આપવાનું ચૂકી જવાયું. કેમકે જ્યાં જ્યાં, જેઓને જેવી જરૂર પડી, તે જરૂરતને પૂરી પાડવા તેઓ તત્પર રહી, પોતા પાસેથી સેવાતી અપેક્ષાઓ પૂર્ણ કરી છે અને આ ફુલ્યાફાલ્યા વ્યક્તિત્વનાં મૂળમાં રહેલું છે માત્ર અને માત્ર સમર્પણભાવ અને પોતીકાપણું...

આપણા શાસ્ત્રો, "ધર્મ ઈત્યાદિ દ્વારા માણસ તરીકે જન્મ મળવો અતિ દુર્લભ છે" – એવી વિચારધારાનું અનુકરણ કરવામાં આવે છે ત્યારે શ્રીમતી લતાબેને પોતાનો પરિચય આપતી વેળાએ જણાવ્યું કે, "રાયપુર, છત્તીસગઢ મધ્યે સ્વ. સોની શ્રી નાનાલાલ શિવજી બુધ્ધભટ્ટીનાં ઘેર તા. ૯-૩-૧૯૫૪ના રોજ મારો જન્મ થયો. પણ તા. ૨૬-૧-૨૦૦૧માં કચ્છમાં કાળો કેર વર્તાવનાર ભૂકંપમાં જ્યારે હું અને મારા પતિ હેમખેમ રહ્યા ત્યારે તે ઘડીએ અમારા બેઉનો જાણે પુનર્જન્મ થયો અને સાથે જ અમારા બેઉ માટે એક સંકલ્પે પણ જન્મ લીધો કે,"આટલી ગોઝારી ઘટનામાંથી જો ઈશ્વરે અમને બચાવ્યા છે તો એનું કારણ એ જ છે કે આપણી આસપાસ જ્યાં જ્યાં તકલીફો છે, જેના કારણે માણસ પડી ભાંગે છે ત્યાં જીવનભર યથાશક્તિ પોતાનું કૌશલ્ય આપી તે તકલીફો દૂર કરવા સમર્પિત થઈશું..." અને ત્યારથી પહેલાં કુટુંબ - પરિવાર, પછી આસપડોશ, ફળિયું, ન્યાત (જ્ઞાતિ), વોર્ડ, શહેર એમ ક્રમશઃ ઉત્તરોત્તર અગાઉ થતા જ રહેલા સેવાકાર્યોમાં સંપૂર્ણ સમર્પણનો સંકલ્પ પણ ભળ્યો.

કોઈપણ સંપૂર્ણપણે ફૂલેલ-ફાલેલ અને શીળી છાયા આપનાર વૃક્ષ તેના મૂળ, જમીન અને આબોહવા પર આધારિત રહે છે. સ્વ ઉપરાંત અન્યો પ્રત્યે સમર્પિત વ્યક્તિત્વનું ઘડતર પણ જન્મદાતા, કુટુંબ-પરિવાર, મિત્ર વર્તુળ, જ્ઞાતિ, શિક્ષણ જેવા વિવિધ પાસાઓ પર આધારિત હોય છે. તેમાંય એક સ્ત્રીના વ્યક્તિત્વ વિકાસમાં પિતા અને પતિનું વિશિષ્ટ યોગદાન રહેલું હોય છે. શ્રીમતી લતાબેન પોતાને ભાગ્યશાળી લેખાવી પોતાની પ્રગતિનો શ્રેય પિતા અને પતિ બેઉને આપે છે. શ્રીમતી લતાબેનના પિતાએ આપણી જ્ઞાતિના રાયપુર ઘટકના પ્રમુખપદે લાંબા સમય સુધી રહી જ્ઞાતિકાર્ય કરેલ. તેઓશ્રીએ રાયપુર ઘટકની આપણી સમાજવાડીનાં નિર્માણ માટે પોતે ભાડે રહી પોતાની જમીન જ્ઞાતિને આપી હતી, જે જ્ઞાતિ માટે અતૂટ સમર્પણભાવનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે. લતાબેનના માતા ઝવેરબેન પણ સહર્ષ જ્ઞાતિ કાર્યોમાં સહયોગ આપવા તત્પર રહેતા. તો ભાઈઓ શ્રી નરભેરામભાઈ અને શ્રી યોગેશભાઈ

પણ જ્ઞાતિ કાર્યોમાં સતત સક્રિય રહે. તેથી જ્ઞાતિ કાર્યો, સેવા કાર્યોનાં ગુણ તમને ગળથૂથીમાં જ મળ્યા.

તો સામે પક્ષે મેળવેલ ગુણોને વિકસાવવા માટે પતિ શ્રી ઇંદુલાલભાઈ અને સાસુ-સસરાએ અનુરૂપ આબોહવા પૂરી પાડેલ. સ્વ. સોની શ્રી હરિરામ રવજી સોલંકી અને સ્વ. વેલુબેનનાં અતિ પ્રિય પુત્રવધૂ એવાં શ્રીમતી લતાબેનનો પચ્ચીસેક સભ્યોનો સંયુક્ત પરિવાર. સોના-ચાંદીનો પૈતૃક વ્યવસાય હોવા ઉપરાંત તેમના પતિ શ્રી ઇંદુભાઈ વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય ધરાવી ન્યાયપાલિકા ક્ષેત્રે એક અગ્રીમ સ્થાન ધરાવે છે અને ન્યાયાલય ક્ષેત્રે અનેક વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરી આપણી જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે. જેને પ્રકાશિત કરવાનું 'જ્ઞાતિસેતુ'ને અગાઉ અવસર સાંપડેલ છે. તો સાથે સાથે આપણી જ્ઞાતિના ભુજ ઘટકનાં પ્રમુખપદે રહી જ્ઞાતિ કાર્યો કરેલ અને જ્ઞાતિ વિકાસમાં યોગદાન આપેલ છે. આપણી જ્ઞાતિને એક જ નેજા હેઠળ લાવનાર 'મહામંડળ'ના બંધારણથી લઈ કાર્યપધ્ધતિ સુધી મૂક સેવાઓ અર્પી છે. તો સાથે સાથે કોઈ પણ સંસ્થાના સતત ક્રિયાશીલ 'એક્ટીવ' રહેનાર પદ એવા 'મંત્રી' તરીકે પણ મહામંડળને યોગદાન આપી રહ્યા છે.


*'જ્ઞાતિસેતુ દશાબ્દી મહોત્સવ'માં લતાબેનનું સન્માન*

આજે જ્યારે કોઈ પણ સંસ્થામાં માનદ્ સેવાઓ આપવાની વાત આવે ત્યારે કોઈ પણ વ્યક્તિને તેમાં અગ્રીમ સ્થાન મેળવવામાં તેમનાં પરિવારની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. ત્યારે અહીં શ્રીમતી લતાબેન પણ પોતાની પ્રગતિનો શ્રેય શ્રી ઇંદુભાઈના કુટુંબ - પરિવાર કે જ્ઞાતિજનો જ નહીં પણ કોઈ પણ અપેક્ષિત કાર્ય માટે નિરપેક્ષ સતત મળનાર પ્રોત્સાહન, પ્રેરણા અને સહકાર તેમને સેવાકાર્ય ક્ષેત્રે સતત નવું કરવા મનોબળ અને માર્ગદર્શન પૂરું પાડે છે. "નાતે તરવું અને નાતે મરવું" – પિતાના આ વાક્ય પર સતત ચાલનારા શ્રીમતી લતાબેન માટે લગ્ન બાદ સંયુક્ત પ્રણાલીમાં શ્રધ્ધા ધરાવનારાં સાસુ-સસરા અને પતિ લાગણીશીલ અને સમર્પિત વ્યક્તિત્વ કેળવનારાં મહત્ત્વપૂર્ણ પાયા સમ આધાર સાબિત થયા છે.

સાંપ્રત સમયમાં જ્યારે પ્યોર પ્રેક્ટીકલ લાઈફ સ્ટાઈલની બોલબાલા છે ત્યારે કોઈપણ સંસ્થાકીય માનદ્ સેવા આપવી ઘણું કપરું કામ છે. તેમાંય એક મહિલા માટે સૌથી પહેલો પ્રશ્ન ઘરની જવાબદારીઓ નિભાવવાનો રહે છે. અને એક માતા તરીકે સંતાનોનું ભવિષ્ય ઘડતર એ કોઈપણ સ્ત્રીનું પ્રથમ લક્ષ્ય હોય છે. સાંપ્રત સમયમાં તો આર્થિક જવાબદારીમાં પણ સહયોગ આપવો જરૂરી બન્યો છે. ત્યારે જવાબદારી અને માનદ્ સેવા આ બંનેને પૂરતો ન્યાય આપવો એક સ્ત્રી માટે ખરી કસોટી હોય છે. અને અહીં જ પોતાનું કૌશલ્ય (ટેલેન્ટ) સાબિત કરી લક્ષ્ય સિધ્ધ કરવાનો હોય છે. શ્રીમતી લતાબેનની પુત્રી નીપમ સાઈકોલોજીમાં ગ્રેજ્યુએશન કરી, મેંગ્લોરથી ફેશન ડિઝાઈનિંગનો અભ્યાસ કરી મુંબઈમાં પોતાના સ્વતંત્ર બુટીક દ્વારા ગારમેન્ટ એક્ષપોર્ટનો વ્યવસાય ધરાવે છે અને તેઓના જમાઈ ઈન્ડિયન નેવીમાં કાર્યરત છે. પુત્રીનાં ભવિષ્ય ઘડતરની સાથે શ્રીમતી લતાબેને ટ્યુશન ક્લાસીસ વડે અનેક વિદ્યાર્થીઓને પણ કેળવણી પૂરી પાડી છે.

સંયુક્ત પરિવારના વિભાજનને જીવનની દુઃખદાયક ઘટના લેખાવતાં શ્રીમતી લતાબેન અને શ્રી ઇંદુભાઈએ સંયુક્ત પરિવારની ગરિમાસમું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે. ભૂકંપની ગોઝારી ઘટનામાં આમ તો અનેક દુઃખદાયક પ્રસંગો ઉદ્ભવ્યા છે તો સાથે સાથે માનવતા અને ફરજપૂર્તિનાં ઉત્તમ ઉદાહરણો પણ જોવા મળ્યા જ છે. ભૂકંપમાં શ્રીમતી લતાબેને નજર સમક્ષ જેઠ અને ભત્રીજા – એમ પરિવારની બે પેઢીને જીવન ગુમાવતાં જોયા અને ભત્રીજા વહુ કે જે થોડા સમયમાં જ પરિવારની ત્રીજી પેઢી કહી શકાય, તેવા ભત્રીજાના સંતાનને જન્મ આપનાર હતી, તેને જીવન મરણ વચ્ચે લડતા જોઈ. ત્યારે ભત્રીજાવહુ અને ભત્રીજાનાં આવનાર સંતાનને માત્ર હિંમતભેર બચાવી માનવતા જ ન દાખવી, પણ ભત્રીજા વહુ અને તેના પુત્રને પોતાની પુત્રીની જેમ પોતાની સાથે રાખી લાંબા સમય સુધી કેળવણી પૂરી પાડી. યોગ્ય પાત્ર મળતાં પુત્રીની જેમ પરણાવી વિદાય પણ આપી, ફરજપૂર્તિ કરી.

'ફરજપૂર્તિ' અને 'નારી' જાણે એકબીજાનાં પર્યાય! અને આ ફરજપૂર્તિ માટે કેટકેટલાંય રૂપનાં દર્શન નારીમાં થતાં હોય છે. એક નારી કેટલાય કૌશલ્ય - ગુણોને પોતામાં સમાવી લેતી હોય છે. આ ગુણોની ફળશ્રુતિ શું? સ્વ-અર્થે નહીં પણ અન્યો તરફની ફરજપૂર્તિ માટે તેનો ઉપયોગ એ જ ફળશ્રુતિ! આપણી આસપાસ દૃષ્ટિ કરીએ ત્યારે લગભગ દરેક નારી માટે આ કથન સાચું સિધ્ધ થાય! એમાંથી પોતાના ગુણોને ઉજાગર કરી જાહેર

ક્ષેત્રે પણ પોતાનું કૌશલ્ય દાખવી યશસ્વી થયાનાં ઉદાહરણ ખૂબ ઓછાં હોય છે, એ જુદી વાત છે! બી.એસસી., સી.આઈ.સી. (ઈગ્નુ) જેવા વિષયોનાં અભ્યાસની શૈક્ષણિક લાયકાત – જે સતત પ્રગતિશીલ રહી તારણો શોધવાની યોગ્યતા બક્ષે છે, બીજી બાજુ હિંદી - ગુજરાતીમાં કાવ્યલેખન, વાર્તા લેખનનો શોખ અને તેમાં મહારત - જે સતત કલ્પનાની દુનિયામાં વિચરવાથી પ્રાપ્ત થાય છે. ત્રીજું સમાજ - જ્ઞાતિ કાર્યમાં અગ્રેસર રહેવું જેમાં સતત પોતાની અને પરિવારની પ્રતિષ્ઠા જાળવી, અન્યોનાં વિકાસ માટે માનદ્ સેવા આપવાની હોય છે. ચોથું વળી સામાન્યતઃ "અસ્પૃશ્ય" ગણાતા રાજકીય ક્ષેત્રના કાર્યો - જેમાં નેતૃત્વ અને દાયિત્વને યોગ્ય ન્યાય આપવાનો હોય છે. આ બધા જ પરસ્પર વિરોધી કહી શકાય તેવા ગુણો શ્રીમતી લતાબેનનાં વિશિષ્ટ વ્યક્તિત્વની પરખ આપે છે.

આપણી જ્ઞાતિનાં ભુજ ઘટક મહિલા મંડળના તેઓ માજી પ્રમુખ છે અને હાલ મંત્રીપદે કાર્યરત છે. શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળનાં મહિલા સેલનાં તેઓ ચેરપર્સન છે. શ્રી કચ્છી મારૂ કંસારા સોનીનાં પારિવારિક સામાયિક – આપણા "જ્ઞાતિ સેતુ"નાં બાળ વાચકોને પ્રિય એવા "શબ્દ બાગ"ના સંપાદક છે તો સાંધ્યદીપ, કાવ્ય નિર્જરી, વાર્તા વિહાર, સાહિત્ય બેઠક જેવી સાહિત્યિક સંસ્થાઓનાં તેઓ સક્રિય સભ્ય છે. આકાશવાણી - ભુજ પર ૧૯૯૭થી હિંદી કાવ્યોની પ્રસ્તુતિ પણ કરતા આવે છે. જ્ઞાતિની મહિલાઓ અને બાળકોને આવરી લેતાં વિવિધ પ્રોજેક્ટ્સમાં સતત યોગદાન આપવા ઉપરાંત સંસ્કાર ભારતી - ભુજ શહેરનાં કારોબારી સભ્ય છે તો અપૂર્વા મહિલા સંસ્થાનાં પણ સક્રિય સભ્ય છે.

માજી કાઉન્સિલર - ભુજ નગરપાલિકા (૧૯૯૯-૨૦૦૫); માજી ઉપપ્રમુખ - ભુજ નગરપાલિકા, માજી ચેરપર્સન - સાંસ્કૃતિક સમિતિ, ભુજ નગરપાલિકા; માજી ડાયરેક્ટર - કચ્છ જીલ્લા કલ્યાણ સલાહકાર બોર્ડ, અમદાવાદ; ઉપપ્રમુખ - ભુજ શહેર ભા.જ.પા. – આ હોદ્દાઓ તેઓના રાજકીય ક્ષેત્રે સક્રિયતાનાં ગ્રાફને દર્શાવે છે. રાજકીય ક્ષેત્રે સક્રિયતાનો શ્રેય તેઓ શ્રી સુનીલભાઈ માધવજી પોમલને આપતાં જણાવે છે કે, શ્રી સુનીલભાઈનાં આગ્રહથી આ ક્ષેત્રમાં જોડાયા; તો પતિશ્રી ઇંદુભાઈનાં માર્ગદર્શન અને તેઓનાં વિશ્વાસે મનોબળ વધાર્યું. સાથે સાથે આ ક્ષેત્રે પ્રગતિમાં જ્ઞાતિજનોનાં સંપૂર્ણ સહકારનું નોંધપાત્ર યોગદાન છે. સમયાંતરે જ્ઞાતિજનો દ્વારા વણમાંગ્યે મળેલા સહકાર બદલ તેઓ હર્ષ સહ આભારની લાગણી અનુભવે છે.

જ્ઞાતિનાં યુવાવર્ગને આ ક્ષેત્રે જાગૃતિ કેળવી કમસે કમ પોતાની આસપાસ મુળભૂત સુવિધાઓને લગતી સમસ્યાઓ સંબંધિત તંત્ર સુધી પહોંચાડવા આહ્વાન આપતાં તેઓ કહે છે કે, આઈ.ટી. ક્ષેત્રનાં વિકાસરૂપે સોશિયલ મીડિયા, એ યુવાનોનો અવાજ છે. તેનો ઉપયોગ કરી પોતાનાં વિસ્તારની મુળભૂત પાયારૂપ સુવિધાઓ અંગે અભિપ્રાય આપી તંત્રને મદદરૂપ થવું જોઈએ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં "સ્વચ્છતા અભિયાન"માં તેઓને વિશેષ રસ છે. તેઓ માને છે કે, "સ્વચ્છતા ત્યાં પ્રભુતા." કેમકે સ્વચ્છતા નિરોગી સ્વાસ્થ્ય માટે જરૂરી છે અને જો લોકો નિરોગી હશે તો જ સમાજની, શહેરની પ્રગતિ શક્ય બનશે. સ્વચ્છતા, પાણી, લાઈટ અને રસ્તા – આ ચાર ક્ષેત્ર, એક કાઉન્સિલરનું મુખ્યત્વે કાર્યક્ષેત્ર હોય છે. ત્યારે ભુજ શહેરને પીવા માટે 'ફિલ્ટર' પાણી મળે, તે તેઓનું મુખ્ય લક્ષ્ય છે. લોકોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તેમાં પાણીની શુધ્ધતાનું અતિ મહત્ત્વ છે.

આપણું મન જીવનભર નીત નવી ભાવનાઓનાં અનુભવમાંથી પસાર થતું હોય છે. તેમ છતાંય સારી-નરસી બાબતોનું જીવનભર સંસ્મરણ રહે છે. પોતાનાં સંયુક્ત પરિવારનું સમયની માંગ મુજબ વિભક્ત થવું, ભૂકંપમાં પરિવારના સભ્યોને ગુમાવવા અને જન્મદાતા માતા-પિતાના અંતિમ સમયે 'મોં મેળાપ' ન થવું શ્રીમતી લતાબેન માટે જીવનભર દુઃખદાયક ઘટનાની સ્મૃતિ છે. તો ચૂંટણીમાં બિનહરીફ ચૂંટાવું, શ્રી અમરનાથ યાત્રા, શ્રી મહાકાલીકા માતાજી મંદિર - ભુજના જીર્ણોધ્ધાર વિધિમાં યજમાન બનવું, ૪૦ વર્ષ બાદ સ્કુલ ફ્રેન્ડ્સના રાયપુર મધ્યે ગેટ-ટુ-ગેધર કાર્યક્રમમાં હાજરી અને હાલની નગરપાલિકા ચૂંટણીના વિજયનાં દિવસે જ નાના-નાની બનવું – તે જીવનનાં સૌથી આનંદદાયક સંસ્મરણો છે.

જન્મદાતા માતા-પિતાનાં સંસ્કારોનું જતન, સાસુ-સસરાએ આપેલ પરિવાર તરફની ફરજપૂર્તિ, આસપડોશ, જ્ઞાતિ અને શહેર સુધી વિસ્તરતી સમાજસેવા, જીવનસાથી સાથે શ્વાસોચ્છ્વાસ સુધ્ધાંતની કાળજી ભરેલ સંબંધોના તાણાવાણાંથી ગુંથેલ જીવનડોરી, સ્વગત - મનને ઓળખવા લેખનકાર્ય... આ બધાં જ સફરની મંઝીલ જાણે બ્રહ્મસંબંધ સુધી પહોંચી સર્વ શક્તિમાનની ભક્તિ હોય તેમ શ્રીનાથજી અને શ્રી વૈષ્ણવ સંપ્રદાયનું ચુસ્તપણે અનુકરણ કરનાર શ્રીમતી લતાબેનનાં મનમાં છુપાયેલ ભક્તિમાં ઓતપ્રોત એક શ્રીકૃષ્ણ સેવાર્થી અને શ્રીકૃષ્ણ પ્રેમાર્થી પણ પ્રગટે છે.

જીવન જીવતા જીવતા જીવન ખીલવનાર શ્રીમતી લતાબેનનાં વિશિષ્ટ વ્યક્તિત્વની સુવાસ સતત વિસ્તરતી રહે તેવી શુભ કામના.... અસ્તુ. ■

## (૨) કળા અને લોકસેવાનાં પથિક : શ્રીમતી ચૌલાબેન મનોજભાઈ મૈચા



'મેરી આવાજ હી મેરી પહેચાન હૈ ગર યાદ રહે...' માત્ર એક કલ્પના જ કરી જોઈએ કે, આ સૃષ્ટિમાં 'અવાજ'ની ઉત્પત્તિ ન થઈ હોત તો સૃષ્ટિ કેવી હોત? કદાચ સૃષ્ટિનાં વિકાસ ચક્રનાં ગતિ અને દિશા બેઉ જુદા જ હોત! ઓળખ અને અભિવ્યક્તિનું માધ્યમ કે સાધન છે 'અવાજ'... તેમાંય આ ધરતી પર શબ્દ, સ્વર અને ભાષા પર તો માત્ર અને માત્ર 'આપણે' એટલે 'માણસ' જ પ્રભુત્વ ધરાવે છે. અને આ જ પ્રભુત્વ તેને સભ્ય Civilized બનાવે છે. જેના દ્વારા તે વિકાસની ક્ષિતિજ સુધી પહોંચ્યો છે. આધુનિક સમયમાં તો માણસની ભાષા તેનાં જીવન સ્તર 'સ્ટેટસ'નો સિમ્બોલ બની ચૂકી છે. જીવનનાં દરેક પાસાંઓ – શિક્ષણ, વ્યવસાય, સંબંધો વગેરે બધા જ... પરોક્ષરૂપે 'ભાષા' કે 'અવાજ' પર આધાર રાખે છે. તેથી આધુનિક સમયની માંગ સમા 'વ્યક્તિત્વ-વિકાસ' 'પર્સનાલિટી ડેવલપમેન્ટ'નું 'ભાષા' મહત્ત્વનો હિસ્સો બની રહ્યું છે. તેમાંથીય આગળ વધીએ તો યુવા પેઢીને ઘેલું લગાડનાર 'સિંગીંગ સ્કીલ' એ તો જાણે અવાજનો મહિમા જ વધારી દીધો છે! અને જેમણે આ સ્કીલ ડેવલપ કરી તેનાં પ્લસ પોઇન્ટનો ગ્રાફ અપ થયો છે.

ભુજ નિવાસી ૪૧ વર્ષીય શ્રીમતી ચૌલાબેન મનોજભાઈ મૈચા, એક એવી સખ્શિયત, જેમનો સ્કીલ ગ્રાફ, પરિવાર અને આપણી જ્ઞાતિનો યશ વધારી રહ્યો છે.

'નારી તારાં નવલાં રૂપ...' સાંપ્રત સમય 'નારી કૌશલ્ય'ને પ્રગટાવનારો સમય કહી શકાય. થોડાં અપવાદરૂપ સમયને બાદ કરતાં દરેક કાળમાં નારી શક્તિ વિકાસ ચક્રની ધૂરા રહી છે. હા! એ વાત જુદી કે તેના કૌશલ્ય (ટેલેન્ટ)ને બહાર લાવવાનું પ્લેટફોર્મ, જેટલું આધુનિક સમયમાં મળ્યું છે, તેટલું પહેલા ક્યારેય નથી મળ્યું. સ્ત્રી સ્વાતંત્ર્યના અભિગમને આટલી ઉદારતાથી ક્યારેય સ્વીકારવામાં નથી આવ્યો. પરંતુ આપણી જ્ઞાતિ તો પૂર્વેથી જ સ્ત્રી શક્તિ અને કૌશલ્યને બિરદાવી, સ્ત્રી પ્રગતિની પ્રોત્સાહક રહી છે. ત્યારે હાલ યોજાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનાં પરિણામોએ રાજનીતિક ક્ષેત્રે પણ આપણી જ્ઞાતિની મહિલાઓનાં વર્ચસ્વના સંકેત આપ્યા છે. **શ્રીમતી ચૌલાબેન ભુજ શહેરનાં વોર્ડ નં.-૭ થી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા દાવેદારી નોંધાવી વિજયી થઈ કાઉન્સિલરપદે નિયુક્ત થયેલ છે.**

અંગ્રેજી વિષય સાથે બી.એ.નો અભ્યાસ કરેલ શ્રીમતી ચૌલાબેન હાલ સંગીત વિશારદનો અભ્યાસ કરી રહ્યા છે. અનેક કાર્યક્રમો દ્વારા તેઓ પોતાની કળા સિંગીંગ સ્કીલનાં કામણ પાથરી રહ્યાં છે. એટલું જ નહીં, તેઓની કળા સુઝ દ્વારા અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નિર્ણાયકની જવાબદારી પણ નિભાવી ચૂક્યા છે. જે તેઓની ડેવલપ્ડ સ્કીલ ગ્રાફ દર્શાવે છે.

આધુનિક સમયની સભ્યતા – Civilization બહુવિધ કૌશલ્ય Multiple skills પર આધારિત છે. આજના સમયમાં આપણી અંદર રહેલા ટેલેન્ટને વધારવા જેટલું જ મહત્ત્વ 'દેખાવ' (Looks)નું રહેલું છે. Looks આપણા વ્યક્તિત્વનું પ્રતિબિંબ અથવા તો First impression પ્રગટ કરતું હોય છે. અને તે માટે જાગરૂક હોવું ખૂબ અગત્યનું છે. તેમાંય સ્ત્રીઓ માટે તો સુંદરતા - બ્યુટી તરફની જાગરૂકતાનો અભિગમ પણ હવે જુદો થઈ રહ્યો છે. સુંદર હોવા કરતાં સુંદર દેખાવું વધારે મહત્ત્વનું બની રહ્યું છે. બ્યુટીશિયનની મદદ વડે સામાન્ય દેખાવ પણ સુંદર દેખાવમાં બદલી શકે છે. શ્રીમતી ચૌલાબેન એક સફળ બ્યુટીશિયન છે. છેલ્લાં ૧૬ વર્ષથી તેમના આ ટેલેન્ટનો અનેક લોકો લાભ લેતા રહ્યા છે.

સંગીત અને સુંદરતાની કળાનાં પથિક એવા શ્રીમતી ચૌલાબેન ભારતીય જનતા પાર્ટીનાં સમર્થક છે. રાજનીતિક ક્ષેત્રનાં માધ્યમથી લોકસેવાનાં ફલકને વિસ્તારવા પ્રયત્નશીલ છે. તેઓ ભારતીય જનતા પાર્ટીનાં ભુજ શહેર મહિલા મોરચાનાં મહામંત્રીપદે સેવા આપી ચૂકેલ છે.

કળાને જીવનમાં અગ્રીમ સ્થાન આપવાના એવા શ્રીમતી ચૌલાબેન જણાવે છે કે "કોઈ પણ સમસ્યાનું સમાધાન જાગૃતિ અને જવાબદારી પર આધારિત હોય છે. એક સુંદર અને સ્વચ્છ શહેરનાં નિર્માણમાં કાઉન્સિલરની મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. પરંતુ જ્યાં સુધી તમામ શહેરીજનો એક જવાબદાર નાગરિક તરીકેની જાગૃતિ નહીં કેળવે ત્યાં સુધી આ ભૂમિકાનાં તમામ પ્રયત્નો વ્યર્થ જવાનાં છે. લાઈટ, પાણી, ગટર, રસ્તા, સફાઈ, રખડતાં ઢોરો વગેરે જેવી તમામ સમસ્યા ઉકેલવા માટે જ મ્યુનિસિપલ કોર્પોરેશન છે. લોકોનાં તમામ પ્રશ્નોની યોગ્ય રજૂઆત, એ એક કાઉન્સિલરની જવાબદારી હોય છે.

શહેરીજનો અને કોર્પોરેશન વચ્ચેનો 'સેતુ' એટલે કાઉન્સિલર... માટે શહેરીજનોએ જાગૃતિ કેળવી એક નાગરિક તરીકેની જવાબદારી નિભાવી, એક સ્વચ્છ અને સુંદર શહેર નિર્માણનાં ભાગીદાર બને તેવા પ્રયત્ન કરવા માગું છું.'

નેતૃત્વ (Leadership) એ આવનારા સમયની માંગ છે. જો વિકાસ જોઈએ, તો આ નેતૃત્વ જરૂરી છે. સ્પર્ધાત્મક સમયમાં અન્યો સમકક્ષ વિકાસ ત્યારે જ સંભવ થઈ શકશે, જ્યારે દરેક ક્ષેત્રમાં Leadership હશે. સાંપ્રત સમયનો પ્રવાહ આ બાબત દર્શાવી રહ્યો છે!! તેમાંય કોઈ પણ નેતૃત્વ માટે 'સંગઠન' એ પાયારૂપ ચાવી છે. શિક્ષણ, વ્યવસાય કે પછી અધિકાર હોય, દરેક ક્ષેત્રમાં આજે જે સમસ્યાઓ ઉદ્ભવે છે, તેનો ઉકેલ સંગઠન વિના અશક્ય છે. કોઈ પણ વ્યક્તિ પૂર્ણપણે સ્વતંત્રરૂપે વિકાસ નહીં પામી શકે. કોઈ પણ વ્યક્તિ વ્યક્તિગતરૂપે વિકાસમાં આવનાર સમસ્યાનું સમાધાન લાવવા સક્ષમ નથી. શ્રીમતી ચૌલાબેન આપણી જ્ઞાતિને, વિશેષતઃ યુવા પેઢીને રાજકીય ક્ષેત્રથી જોડાવા અપીલ કરે છે. તેઓ માને છે કે, કોઈ પણ સમસ્યાને શિક્ષિત યુવા વર્ગ વધુ પ્રભાવશાળી રીતે ઉકેલી શકે છે. તો સાથે સાથે રાજનીતિક બાબતે જ્ઞાતિજનોનું સંગઠન જ્ઞાતિ વિકાસમાં મદદરૂપ થઈ શકશે. માટે જ્યારે જ્ઞાતિની કોઈ પણ વ્યક્તિ આ ક્ષેત્રે સ્થાન મેળવે ત્યારે તેનો લાભ જ્ઞાતિ વિકાસ માટે મળી રહે તે માટે જ્યારે જરૂર પડે ત્યારે જ્ઞાતિજનો સંગઠિત થઈ તેમનું સમર્થન કરે તો જ્ઞાતિનું 'વજન' વધશે અને જ્ઞાતિજનોને સતાવતી સમસ્યાની વધુ સ્પષ્ટ રજૂઆત થશે અને સમસ્યાનો નિકાલ ઝડપી અને સુચારૂરૂપે મળી રહેશે." તેઓ સહર્ષ જણાવે છે કે, **'આમ તો કાઉન્સિલરનું કાર્યક્ષેત્ર વોર્ડ સુધી જ સીમિત રહે છે પરંતુ દરેક જ્ઞાતિજનોને જ્યારે પણ જરૂર જણાય ત્યારે તેઓને મદદરૂપ થઈ કોઈપણ સમસ્યાનાં ઉકેલ માટે તેઓ તૈયાર જ રહેશે. તેઓ પોતાને મળેલ નેતૃત્વ દ્વારા જ્ઞાતિજનોની સમસ્યા દૂર કરવા હંમેશાં તત્પર રહેશે. આપણી જ્ઞાતિની સમાજવાડી માટે જમીન મેળવવામાં યોગ્ય સ્તરે રજૂઆત કરવાની કામગીરી મારી પ્રાથમિકતા રહેશે.'**

આપણા પરંપરાગત સોના-ચાંદીનો વ્યવસાય ધરાવતાં શ્રી મનોજભાઈને તેઓ પોતાના લોકસેવા અને રાજનીતિક ક્ષેત્ર માટે પ્રેરણાસ્રોત માને છે. શ્રીમતી ચૌલાબેન છ સભ્યોનો પરિવાર ધરાવે છે. પોતાના ઘર, સંગીત, શિક્ષણ, પ્રોફેશન અને લોકસેવાની જવાબદારી સુચારૂ રૂપે નિભાવી શકવાનો શ્રેય નિવૃત્ત સસરા અને ગૃહિણી એવા સાસુમાંના સતત સહકાર અને પ્રોત્સાહનને આપે છે. સંગીત ક્ષેત્રે પોતાની પ્રગતિનો શ્રેય તેઓ પિતા અને દાદાને આપે છે. તેઓ પણ સારા ગાયક અને કંપોઝર છે. તેથી તે કલા વારસામાં મળ્યાનું તેઓ માને છે.

તેઓ બે તેજસ્વી સંતાનોના માતા હોવાનું ગૌરવ અનુભવે છે. તેઓની પુત્રી નડિયાદની જે.એસ. આયુર્વેદ કૉલેજમાં બી.એ.એમ.એસ.નો અભ્યાસ કરી રહી છે. તેણીએ સતત બે વર્ષ સુધી કૉલેજમાં પ્રથમ સ્થાન અને યુનિવર્સિટીમાં છઠ્ઠા સ્થાને રહી જ્ઞાતિને યશ અપાવ્યો છે. પુત્ર ડિપ્લોમા ઈન મેડિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહેલ છે. ત્યાં સ્વિમિંગ ચેમ્પિયન છે. જિલ્લા કક્ષાએ અંડર-૧૯માં સતત ત્રણ વર્ષ ચેમ્પિયન રહી બે વખત ૨૧,૦૦૦/-નું ઈનામ પણ મેળવેલ છે.

'જ્ઞાતિસેતુ' પરિવાર, શ્રીમતી ચૌલાબેન, કલા અને લોકસેવાનાં પંથે વધુ પ્રગતિ મેળવે તેવી શુભ કામના પાઠવે છે.■

## (3) 'त्येन त्यक्तेन भुज्जीया'ના ઉદાહરણ : ગં.સ્વ. હેમલતાબેન જયંતીલાલ પોમલ



'त्येन त्यक्तेन भुज्जीया...' અહમ્ ભાવનો ત્યાગ કરી, નિરાસક્ત થઈ ક્રિયાશીલ રહેવું.... Attitude નાં, આજના આધુનિક સમયમાં આ વાત થોડી unpractical લાગશે તે સ્વાભાવિક છે. પણ વાસ્તવિક્તા એ છે કે, આજે પણ આપણી આસપાસ નજર દોડાવીએ તો થોડાં - વધુ પ્રમાણમાં 'ત્યાગ' Sacrifice તો બધાએ કર્યું જ હોય છે, તેવું તારણ નીકળશે. સામે ચાલીને નહીં તો પરિસ્થિતિવશાત્, મજબૂરીમાં પણ 'ત્યાગ' કરવો જ પડ્યો હોય છે. પણ અહીં વિશિષ્ટ વાત એ છે કે, પોતાના 'અહમ્' (Ego)નો ત્યાગ કરી ક્રિયાશીલ રહેવું. જેઓએ ત્યાગ કર્યો તેઓ સામાન્ય કક્ષાથી ઉપર ઉઠી, આદર્શ Idol બની શક્યા છે.

"નારી તારાં નવલાં રૂપ...." નારી, સ્ત્રી, Lady, Female being... — આમાંનો કોઈ પણ શબ્દ લ્યો, ત્યાગ - Sacrifice જાણે આપોઆપ તેમાં સમાઈ જતો હોય છે! અને એક નવું જ રૂપ પ્રગટ થતું હોય છે. હા! એ વાત જુદી કે નારીનાં એ નવા રૂપને બહુ ઓછા પ્રમાણમાં લોકો સમક્ષ ઉજાગર થઈ પ્રતિષ્ઠા કે યશ મળતો હોય છે. હાલ યોજાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશનની

ચૂંટણીમાં આપણી જ્ઞાતિની સન્નારીઓએ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. **અંજાર શહેરનાં વોર્ડ નં.-૨ માટે ભારતીય જનતા પાર્ટીની પેનલના ગં.સ્વ. હેમલતાબેન જયંતીલાલ પોમલ, મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી જીતી કાઉન્સિલરપદે નિયુક્ત થયા છે.** 'જ્ઞાતિસેતુ' પરિવાર તેઓને આ પદે યશસ્વી થવા અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.

મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવે કે વિવિધ હોદ્દાઓ, વિવિધ પ્રવૃત્તિઓ, પ્રોફેશનલ સ્કીલ્સ વડે પોતાની સ્વતંત્ર ઓળખ Self identity ઊભી કરનાર સ્ત્રીઓથી વિપરીત, પોતાના કૌશલ્યનું મૂક યોગદાન આપી, પરિવારની પ્રતિષ્ઠા માટે પોતાની સ્વતંત્ર ઓળખનો ત્યાગ કરી, સંઘર્ષરત જીવન જીવી જનાર નારીઓનું, સમાજના વિકાસ કે પ્રગતિમાં યોગદાનનું મહત્ત્વ શું ઓછું હોઈ શકે? જવાબ મળ્યો મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં વિજયી થયેલ જ્ઞાતિની સન્નારીઓના પરિચય વેળાએ...

એક વ્યવસ્થિતરૂપે ખેડેલી જમીનમાં પૂરતા પ્રમાણમાં મળેલ સૂર્યપ્રકાશ, પાણીમાં ઉત્તમ કક્ષાના બીજનું ઊગી ફૂટવું એ કુદરતની સુંદરતામાં વધારો કરી શકે છે. તો સામે પક્ષે રણમાં ઉગેલ થોર સુંદરતાની સાથે સંઘર્ષ સામેની જીતનું પ્રતીક છે! ગં.સ્વ. હેમલતાબેન એક એવું વ્યક્તિત્વ છે, જેમણે જીવનનાં પડકારને તકમાં પલટાવી, જીવન ખીલવ્યું છે. ૬૨ વર્ષીય હેમલતાબેન સૂરજી વલ્લભદાસ આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજ - માંડવીથી સાઈકોલોજી અને સંસ્કૃત વિષય સાથે સ્નાતક થયેલા છે. માંડવીના સ્વ. શ્રી દેવજી મેઘજી બુધ્ધભટ્ટીનાં ઘેર એમનો જન્મ થયો. તેઓના પિતાનો સોના - ચાંદીનો વ્યવસાય. આધુનિક વિચારધારા ધરાવનારા માતા-પિતાએ તે સમયે ઉચ્ચ શિક્ષણ અપાવ્યું, જ્યારે શિક્ષણનું પ્રમાણ અને તેમાંય પુત્રીઓના શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું રહેતું. હેમલતાબેને શ્રી પ્રેમજી રામદાસ સંપટના સુસ્મરણાર્થે જવેરબાઈ પ્રેમજી સંપટ ટ્રસ્ટ - માંડવી (કચ્છ) સંચાલિત શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યયન કેન્દ્રમાં ૧૯૭૦થી ૧૯૭૮ સુધી અધ્યાપિકા તરીકે સેવા આપેલ છે. ભગવદ્ ગીતાનાં અઢારેય અધ્યાય તેમને મૌખિક છે અને તેઓએ તેનો અનુવાદ પણ કરેલ છે.

તેઓનાં પતિ સ્વ. શ્રી જયંતીલાલ હરિરામ પોમલ, બી.એડ., એમ.એ., એલ.એલ.બી.નો અભ્યાસ કરી અંજારનાં સ્વામી વિવેકાનંદ વિદ્યાલયમાં સતત ૨૬ વર્ષ સુધી શિક્ષક તરીકે કાર્યરત હતા. આજે જ્યારે સામાન્ય ટેલેન્ડ વડે પોતાની પર્સનલ આઈડેન્ટીટી વડે નવ યૌવનાઓ ગર્વ અનુભવતી હોય છે, ત્યારે જે તે સમયે પોતે ઉચ્ચ શિક્ષિત હોવા છતાંયે સાસુ-સસરા, પાંચ દેરાણી - જેઠાણી અને ત્રણ નણંદના સંયુક્ત પરિવારમાં હેમલતાબેને પોતાના પરિવારની પ્રતિષ્ઠાને ન્યાય આપી પારિવારિક વ્યવહાર નિભાવ્યા છે. હા, એ બાબત જુદી છે કે સમયાંતરે પરિવાર વિભક્ત થયેલ. પરંતુ ત્યારે પણ પોતાની સ્વતંત્ર ઓળખ ઊભી કરવા સક્ષમ હોવા છતાં, ત્યારે પણ તેઓ માત્ર પતિનાં ટ્યુશન ક્લાસીસમાં મદદ કરતાં.

તેઓનાં એક પુત્ર અને બે પુત્રીઓ – એમ ત્રણ સંતાનો છે. ૧૯૯૭માં જ્યારે તેમના સંતાનો હજુ માંડ સેકન્ડરી એજ્યુકેશન સુધી જ પહોંચ્યા હતા ત્યારે પતિનું અવસાન થતાં, અચાનક ઘર તથા સંતાનોના ભવિષ્ય બનાવવાની જવાબદારી તેમના પર આવી પડી. ત્યારે હિંમતભેર સંઘર્ષ કરી ત્રણેય સંતાનોને ઉચ્ચ અભ્યાસ અપાવી પોતાની જવાબદારીઓ સારી પેઠે પૂરી કરેલ. તેઓની મોટી પુત્રી બી.એ., ડી.ફાર્મ.નો અભ્યાસ કરી લગ્ન બાદ બ્યુટીશિયનનો વ્યવસાય ધરાવે છે. તો નાની પુત્રીએ બીએસ.સી., ડી.ફાર્મ.નો અભ્યાસ કરેલ છે. નાની પુત્રીનાં લગ્ન પહેલાં તેણીને, તેઓએ ધર્મ મેડિકલ એન્ડ જનરલ સ્ટોર નામનો વ્યવસાય પણ શરૂ કરી આપેલ. તો પુત્ર હિંદી વિષય સાથે બી.એ.નો અભ્યાસ કરી હાલ કોલિયર કન્ટેનર ટર્મિનલ પ્રા.લિ.માં પાર્ટનર, ધર્મ શીપિંગ એન્ડ લોજિસ્ટીક અને ધર્મ પ્રોપર્ટીઝ નામે સ્વતંત્ર વ્યવસાય ધરાવે છે. અને ભારતીય જનતા પાર્ટીના ઉદ્યોગ સેલ - અંજારના તેઓ કન્વીનર છે. પુત્રવધૂ શિક્ષિકા છે. અંજાર જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા આયોજિત વિવિધ કોન્ટેસ્ટમાં ભાગ લઈ વિજેતા પણ થઈ ચૂકેલ છે અને જ્ઞાતિ કાર્યોમાં સક્રિય છે. હેમલતાબેન પુત્રવધૂને પુત્રીસમ સ્વાતંત્ર્ય બક્ષી પોતાની સ્વતંત્ર ઓળખ ઊભી કરવા સહયોગ આપે છે.

હેમલતાબેનનાં ત્રણેય સંતાનો અને પુત્રવધૂ પણ પોતાની એક સ્વતંત્ર ઓળખ ઊભી કરી સફળ જીવનનો શ્રેય પોતાની માતા અને સાસુના ત્યાગ અને પરિશ્રમને આપે છે. પરિવાર અને સંતાનો માટે અથાગ પરિશ્રમ કરનારા અને પોતાના કુળદેવી પર અતિશય શ્રદ્ધા ધરાવનારા હેમલતાબેન કહે છે કે, 'આજે પતિના સાથનો અભાવ મને જરૂર લાગે છે પણ મારા સંતાનોને કદી પિતાની ખોટ ન સાલે તે માટે કાળજી રાખી છે. સમયે કસોટી કરી છે પણ હિંમતભેર તેમાંથી આજે પાર ઉતરી છું. અને કાઉન્સિલરપદે નિયુક્ત થતાં આજે પૂરો પરિવાર ફરી સંયુક્તરૂપે પ્રોત્સાહન પૂરો પાડી રહ્યું છે ત્યારે હવે જ્ઞાતિ અને શહેરીજનો માટે કામ કરવાની જે તક મળી છે, તેને વધાવી મારી જવાબદારી નિષ્ઠા સાથે નિભાવીશ તો સાથે સાથે જ્ઞાતિજનો પણ રાજનીતિક્ષેત્રે જાગૃત બની સમય સાથે તાલ મિલાવશે.''

હેમલતાબેનનું આ નવું લક્ષ્ય સિધ્ધ થાય અને તેઓ પોતાની એક આગવી ઓળખ ઊભી કરી પ્રગતિ કરે તેવી 'જ્ઞાતિસેતુ' પરિવારની શુભકામના.... ■

# આપણા પરિવારો : મણકો-૧૧ : હરિતસ ગોત્રના બીજલાણી

તુલસીદાસ કંસારા

આપણે અગાઉના અંક (ઓક્ટો. - નવે. ૨૦૧૫) માં જોઈ ગયા તે પ્રમાણે હરિત ઈશ્વાકુની ૨૧મી પેઢીએ સંબંધ ધરાવતો હતો અને આજે ઘણા ક્ષત્રિયો પોતે રાજઘરાનાના છે તે દર્શાવવા સૂર્યવંશી હોવાનો દાવો કરતા જોવા મળે છે. આ હરિત, હરિતા, હારિતસા કે હારિતાસા પુરાણા સમયના નામી રાજા મન્ધાત્રાનો પૌત્ર હતો. વાર્તા રામાયણ સુધી લંબાય છે. આ મન્ધાત્રાને લવણાસુર નામના અસૂર કે આતંકવાદીએ મારેલ, અને તે અસૂરને રામના ભાઈ શત્રુઘ્નએ મારેલ. આ હરિતાને ક્ષત્રિય લોકોનો પ્રથમ પુરૂષ માનવામાં આવે છે, જેમના નામ પરથી હરિતા કે હરિતસ ગોત્રની શરૂઆત થયેલ છે, જેમાં આપણા સમાજના બુધ્ધભટ્ટી અને બીજલાણી અટક ધરાવનારાઓનો સમાવેશ થાય છે. આપણે બુધ્ધભટ્ટીઓ વિશે સારી એવી માહિતી ઉપલબ્ધ હોવાથી અત્યાર સુધીમાં તે કવર કરેલ છે, પરંતુ ગયા અંકમાં જણાવ્યા મુજબ બીજલાણીઓ વિશે ભાટ કુટુંબોમાં વિભાજનને કારણે માહિતી મળેલ નહીં.

અમદાવાદમાં વરસોથી વસવાટ કરનાર બીજલાણી પરિવારોમાં મોટો પરિવાર એટલે નરશીભાઈ – તલકશીભાઈ – ખેતશીભાઈના સાત પુત્રોનો પરિવાર. જેમાં નટુભાઈ, નવલભાઈ, બાબુભાઈ કચ્છી, મૂળજીભાઈ, શાંતિભાઈ તેમજ કાનજીભાઈ (અરીસાવાળા) અને પુરૂષોતમભાઈનો સમાવેશ થાય. તેમને કોઈ પુત્રી હોવાનું જાણમાં આવેલ નથી. આમાંથી છેલ્લે દર્શાવેલ બે ભાઈઓનો વસવાટ મુંબઈમાં હતો જ્યારે બાકીના પાંચ ભાઈઓ અમદાવાદમાં શાહપુર, ઘીકાંટા - મોટી હમામ વિસ્તારમાં સ્થાયી થયેલ અને વખત જતાં મોટા શહેર અને નાના મકાનોને કારણે સંજોગવશાત્ રહેણાક દૂર થતા ગયેલ. શાંતિભાઈ, જેઓ યુકો બેંકમાં હતા તેઓએ વિજયનગર નારણપુરા વિસ્તારમાં બેંક ઓફ ઈંડિયાની સોસાયટીમાં મકાન લીધેલ અને નિવૃત્તિ બાદ ભુજમાં મુકામ કરેલ. તેમનો પુત્ર બીમલ બીજલાણી અત્યારે એક સિમેન્ટ કંપનીમાં માર્કેટીંગ મેનેજર તરીકેનો મોટો હોદ્દો ધરાવે છે. તેઓ અમદાવાદના કાઠિયાવાડી મારૂ કંસારા ધનવંતભાઈની પુત્રી સાથે લગ્નથી જોડાયેલ છે.

શ્રી શાંતિલાલભાઈના પુત્ર પ્રશાંત એક ઇન્સ્યોરન્સ કંપનીમાં કાર્યરત છે જ્યારે સુનીલભાઈ સરકારી ઓફિસમાં રાજ્યપત્રિત અધિકારી તરીકે કામ કરે છે. સાત ભાઈઓમાંના શ્રી નવલભાઈ એક ખ્યાતનામ ઈજનેર હતા અને તેઓએ ઉસ્માનપુરા તરફ પોતાનો વસવાટ કરેલ. એક ટેક્ષટાઈલ મિલમાં તેઓએ પોતાની સેવાઓ આપેલ. તેમના પુત્ર રાજેશભાઈ હોસ્પિટાલિટી બિઝનેસના એક નામાંકિત રેસ્ટોરન્ટમાં ટીમને લીડ કરે છે. અન્ય ભાઈઓમાં બાબુભાઈ કચ્છીનો એક જમાનો હતો, જ્યારે ઘીકાંટા વિસ્તારમાં તેમનું નામ લો, તો રીક્ષાવાળા કે પગે ચાલનાર ભાગ્યેજ કોઈ હોય જે તેમના ઘર સુધી તમને મૂકી ના જાય. તેમનો પુત્ર મહેશ અત્યારે સમાજસેવક તરીકે કાર્યરત છે. નટુભાઈ ઘી કાંટા વિસ્તારમાં સાઈકલની દુકાન ધરાવતા હતા. તેમના બે પુત્રો શ્રી કનુભાઈ અને હસુભાઈ, જેમાંથી કનુભાઈનું હાલમાં જ અવસાન થયેલ છે, તેઓએ નાનપણથી જ સાઇકલની દુકાનમાંથી દરેક પ્રકારનું કામકાજ શીખી અને પોતાના બુધ્ધિકૌશલ્ય અને ધગશથી સ્કુટર, મોટર સાઇકલ સુધીના એક વિશ્વાસપાત્ર મિકેનીક તરીકેનું કામકાજ સંભાળેલ અને તેમના બે પુત્રોને તેજ ક્ષેત્રે અભ્યાસ કરાવીને આગળ ધપાવેલ. બન્ને ભાઈઓ અત્યારે ઓટોમોબાઈલ ક્ષેત્રે માર્કેટીંગ અને મેનેજરીયલ જેવી જવાબદાર કક્ષાએ પોતાની સેવાઓ આપી રહેલ છે. કનુભાઈ અમદાવાદમાં આપણા જ્ઞાતિમંડળમાં શરૂઆતથીજ રસ લઈને હિસાબ કિતાબનું કાર્ય એક સંનિષ્ઠ કાર્યકર તરીકે સંભાળતા અને વાર્ષિક સ્નેહમિલન હોય કે બહારગામમાં મંડળનું કામકાજ હોય, કાઉન્ટર પર તેઓ ના હોય તો કાઉન્ટર સૂનું લાગે. અમદાવાદ મંડળને હવેથી તેમના જેવા મૂક કાર્યકરની ખોટ હંમેશ માટે સાલસે. આ પરિવારની વંશાવળી તેમજ વધારે વિગતો મળ્યેથી આપણે તે વિશે વિગતવાર વાત હવે પછીના મણકાઓમાં કરીશું. દરમિયાનમાં, પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

### ● ભુજમાં બીજલાણી કુટુંબો :

આપણી જ્ઞાતિની વસ્તી પત્રિકા ૨૦૦૯ પ્રમાણે ભુજમાં ૬૦ પરિવારો આ અટક હેઠળ નોંધાયેલ છે. જેમાંથી સૌથી વધારે ૧૮ ની સંખ્યા ધરાવતો પરિવાર છે નારાણદાસ બેચરદાસ બીજલાણીનો. જ્યારે નોકરીમાં આગળ વધી, બેંક ઓફ ઈન્ડિયામાં સીનિયર બેંકર (ચીફ મેનેજર) ની કક્ષાએ પહોંચેલ જેન્તીલાલ બેચરદાસ બીજલાણીનું નામ ઉલ્લેખનીય છે. જ્યારે મુંબઈની વાત કરીએ તો ત્યાં બાર પરિવારો સાથે જનસંખ્યા પંચાવન હતી, જેમાંના મોટાભાગનાએ સમયાંતરે મુળ ભુજથી ધંધાર્થે ત્યાં વસવાટ કરેલ છે.

### ● સિલ્વર સ્ક્રીન પર ચમકતો ભુજનો સિતારો – સુરેશ બીજલાણી 'સુબી' :

કંસારાની જ્ઞાતિમાં ફોટોગ્રાફર અને વિડિયોગ્રાફર તો ઘણાજ છે પરંતુ કેમેરાની સામે રહીને એક્ટીંગ કરનાર સુરેશ-સુબી કદાચ પ્રથમ હશે અને બીજલાણીની સરનેઈમની વાત



**સુરેશ બીજલાણી**
**'સુબી'**


કરીએ તો એક્ટ્રેસ સંગીતા બીજલાણી પછી દ્વિતીય હશે!

આ સુરેશ - સુબી કલાકારે ભુજમાંજ જન્મી, ત્યાંની સ્વામિનારાયણ વિદ્યાલય અને ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી અને જે.બી. ઠક્કર કોલેજમાંથી બી.કોમ.ની ડિગ્રી સાથે ગ્રેજ્યુએટ થઈને ઓલ ઈન્ડિયા રેડિયોમાં પોતાના અવાજને બુલંદ કર્યો, એનાઉન્સર તરીકે કાર્ય કર્યું અને ત્યાંથી કેમેરાની પાછળ તેમજ આગળ બન્ને તરફનો પોતાનો શોખ પુરો કરતાં કરતાં એક નામી એક્ટર ડાયરેક્ટર બની ભુજ તેમજ જ્ઞાતિનું નામ રોશન કરી રહેલ છે. આજકાલ તો તે ભોજપુરી ફિલ્મમાં પણ કામ કરી રહેલ છે. (માહિતી સ્રોત ફેઈસબુક)

- **કૌશિક ગોત્રનો પવાર પરિવાર :**

આ પરિવારના અગાઉ આપેલ પરિચયમાં ચૌદ પેઢીનો સમાવેશ કરતી વંશાવળી લેવાની રહી ગયેલ, જે અહીં પ્રસ્તુત છે. જેમાં દર્શાવેલ નાગરદાસભાઈ વનમાળીદાસના જયેષ્ઠ પુત્ર મનેષચંદ્રનો પરિચય અત્રે પ્રસ્તુત છે.

## એક જીવન એક નવલિકા
## મનેષચન્દ્ર નાગરદાસ કંસારા (લંડન)



સગાં વહાલાઓ અને મિત્રો પરીચિતોમાં 'બાબુભાઈ' ના નામે જ જાણીતાં મનેષચંદ્ર નાગરદાસ કંસારા, મૂળ નડિયાદના પણ વહેલા આફ્રિકા અને પછી લંડન જઈ વસ્યા હતા. નાનપણથી જ મક્કમ અને આદર્શવાદી વિચારો, સ્વનિર્ભરતા અને સ્વતંત્રતા તેમનો મંત્ર. ભારતીય સંસ્કૃતિના ચાહક પણ અયોગ્ય રૂઢિગત ખ્યાલો અને માન્યતાઓને તોડનારા. 'બોલ્ડ' પણ બહુ જ, ક્યારેક આંચકો લાગી જાય તેટલા.

નાનપણમાં આધ્યાત્મિક ચિંતનનું સિંચન. મહાતર્કશાસ્ત્રી - જલ્દી હારે નહીં તેવા. અને પોતાનો રસ્તો પોતે જ નક્કી કરનારા. નાનપણમાં પોતાની કમાણી ન થાય ત્યાં સુધી ચપ્પલ નહીં પહેરવાની પ્રતિજ્ઞા. જાતકભાઈ માટે વહેલી સવારે છાપા નાંખવા જતા. ઉત્તરસંડામાં શિક્ષક તરીકેની નાની કારકીર્દિમાં એક વખત એક વગદાર અને માથાભારે દેસાઈના બાળકને શારીરિક શિક્ષા કરી અને વાતનું વતેસર થઈ ગયું. દેસાઈનો ગુસ્સો આસમાને. કહે, 'આજે માસ્તર જીવતો ઘરે નહી જાય!' પણ બાબુભાઈની હિંમત ગજબની. નિશાળેથી સીધા જ દેસાઈના ઘેર ગયા અને ઘરનાં બધા સભ્યોની વચ્ચે બેસીને કોઈ જ ડર વિના તેમને સમજાવ્યા. શિક્ષા પાછળનો હેતુ સમજાવતાં તેની નિષ્ઠા અને ભાવના ઝળકી. દેસાઈ પરિવાર ગળગળો થઈ ગયો. 'માસ્તર' નું માન વધ્યું.

પિતાજી નાગરદાસ વનમાળીદાસ કંસારા, મૂળ સિહોરનાં પણ નડિયાદ આવી વસેલા. કામ કંસારાનું પણ આખે આખો જીવ કલાકારનો. શાસ્ત્રીય સંગીતમાં નિપુણ અને નિજાનંદી. તેમની હાજરી માત્રથી જ ઘરની હવામાં કાયમ કલાનું સામ્રાજ્ય સ્થપાયેલું રહેતું. નમ્ર અને આનંદી. માતા સાકરબેન. નામથી પણ ચડે તેવાં ગુણ. સાંભળનારો રસ તરબોળ થઈ જાય અને ભાન ભૂલી જાય તેવી સુંદર વાર્તા કહે. સ્નેહની સાક્ષાત મૂર્તિ. ઉદાર અને આનંદી. માતા-પિતાનો આ અણમોલ વારસો તેનાં દરેકે દરેક દિકરા-દિકરીમાં જોવા મળે - અદ્‌ભુત કહેવાય તેવી સરસ રીતે. કઠીન સંજોગો અને દુઃખની સામે મરકતાં મરકતાં જોવાની ઠંડી તાકાત દરેકમાં જોવા મળે. અને સુખ આવે ત્યારે પણ એ જ મલકાટ, એ જ ભાવ. કોઈ આછલકાઈ વિનાનાં બાબુભાઈનું પણ અદ્દલ એવું જ.

ભારતથી આફ્રિકા ગયા. ઈદી અમીનના સમયમાં અગમચેતી વાપરી લંડન જતા રહ્યા. ત્યાં ઠર્યા અને છેવટ સુધી રહ્યા. લગ્નમાં સરકારી કસ્ટમ ઓફિસરની નોકરી. ખૂબ નિષ્ઠા અને મહેનતથી નોકરી કરી. સાથોસાથ સંગીતનાં ઉચ્ચત્તમ શિખરો સર કર્યા. તેમને જોઈને લાગે છે કે વિજ્ઞાન, ટેકનોલોજી, ભાવનાત્મક વિચારો અને તર્ક વગેરે બધું જ છેવટે તો 'કલા' માં ભળી જાય છે.

એમની નસોમાં રૂધિરાભિસરણ નહીં પણ 'કલાભિસરણ''

થતું. સિતાર વાદનથી હૃદયનાં તાર ઝણઝણી ઉઠે. આંગળીઓમાંથી લોહી ટપકવા માંડે તો પણ ખબર ન પડે તેટલા સિતારવાદનમાં તલ્લીન થઈ જાય. શાસ્ત્રીય સંગીતને ખૂબ સૂક્ષ્મ રીતે જાણે, ખૂબીઓને પિછાણે, પ્રયોગો કરે અને કંઈક નવું કરે. પોતે એક નવા રાગનું સર્જન કર્યું હતું જેનું નામ 'સાકર' આપ્યું હતું. પંડિત રવિશંકર સાથે સિતારવાદનમાં જોડાયા, પણ પં. રવિશંકરની વ્યક્તિગત બાબતો પસંદ નહીં પડતાં છૂટા થયાં.

એમની જીવનયાત્રા એક સહજયાત્રા બની રહી. જે કંઈ બન્યું - કશુંક તૂટીને બન્યું પણ સહજ રીતે બન્યું. છેલ્લે સુધી ઈ-મેઈલનાં જવાબો આવતાં રહ્યાં. ગુજરાતી હોય કે અંગ્રેજી, તેમના ઈ-મેઈલમાં એક ટપકાંનીય ભૂલ જોવા ન મળે, એટલા ચોક્કસ.

એમને જ્યારે મન થયું ત્યારે લખ્યું. તેમની ઘણી વાર્તાઓ 'કુમાર' માં પ્રકાશિત થયેલી, જેની સાહિત્ય જગતમાં નોંધ લેવાઈ છે. તેમનો નવલિકા સંગ્રહ 'ક્યાંય નહીં, કદી નહીં' ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત થયેલો છે. શબ્દો દ્વારા ભાવજગત ખડું કરી દેવાની તેમની અદ્‌ભુત શક્તિ તેમના લેખનમાં ખીલી ઊઠે છે. ગુજરાતના સુવિખ્યાત કવિ અને ધર્મજ્ઞ શ્રી માધવ રામાનુજે બાબુભાઈની લાક્ષણિકતાઓને અનોખી શૈલીમાં બિરદાવી છે.

બાબુભાઈની દેહસ્વરૂપે વિદાય તા. ૩૦-૧૨-૨૦૦૬ રાત્રે ૧.૩૦ વાગે લંડન ખાતે થઈ. ઉંમર ૭૬ વર્ષ. છેલ્લે કોમા જેવી સ્થિતિમાં હતા. કોઈ કોમ્યુનિકેશન નહીં. પણ રૂમમાં વાગતી ભીમસેન જોષીની કેસેટમાંથી રેલાતા દિવ્ય શાસ્ત્રીય સંગીતને પોતાના પગ વડે તાલ આપતા હતા. વિદાય પણ આટલી સહજ ક્યારેય હોઈ શકે?

***શબ્દાંકન : હરનિશ કંસારા***

*ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તથા પરિષદ-પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈના અધ્યક્ષપદે તા. ૧૫-૦૨-૨૦૦૭ના રોજ મળેલી શ્રદ્ધાંજલિ સભામાં મનેષચંદ્ર નાગરદાસ કંસારાને ભાવભરી શ્રદ્ધાજલિ અર્પવામાં આવી હતી.*

- **પરાશર ગોત્રના છત્રાલા પરિવારો :**

૨૦૦૯ના વસ્તીપત્રક પ્રમાણે ભુજમાં માત્ર ચાલીસ કુટુંબો સાથે છત્રાલાઓની સભ્ય સંખ્યા હતી ૧૫૪. જ્યારે જામનગરમાં તેમના ૬૧ કુટુંબો સાથે જનસંખ્યા ભુજ કરતાં બમણી હતી. આમ તો ભુજમાં છત્રાલા પરિવારોના મુખ્યત્વે બે મોટા કુટુંબો હતા જેમાં જેરામભાઈના પુત્રોમાં વિશનજીભાઈ, વેણીલાલ, મણિલાલ, કેશવલાલ અને અરવિંદભાઈ તેમજ દેવશીભાઈના પુત્રોમાં ભાઈલાલભાઈ, શામજીભાઈ, રામદાસભાઈ, વલ્લભભાઈ અને વિનોદભાઈનો સમાવેશ થતો હતો. અને આ બધાજ ભાઈઓના ઘર પીપળા ફળિયા તેમજ કંસારા બજારમાં આવેલ. ગયા અંકમાં આપણે રામદાસભાઈના પુત્ર દિનેશની વાત કરી ગયેલ છીએ. એ સમયમાં સૌથી વધારે ઉલ્લેખનીય હોય તો તે હતા શામજી દેવશી કંસારા. જેઓ તેમના ટ્રેડમાર્ક સમાન ખાદીના ધોતીયા, ઝભા, બંડી અને ગાંધી ટોપીથી જાણીતા હતા અને વિવિધ સામાજીક તેમજ રાજકીય પ્રવૃત્તિઓથી વ્યસ્ત રહેતા. પ્રમુખપણે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટની સલાહકાર સમિતિના તેઓ વરસો સુધી સભ્ય રહેલ અને કોંગ્રેસ પાર્ટીના સભ્ય હતા. સમાજના દરેક કામો, પછી તે મુંબઈનું ગુજરાતી કંસારાઓનું મંડળ હોય કે જામનગરનું કેળવણી ઉત્તેજક મંડળ – તેઓની હાજરી હંમેશા નોંધનીય રહેતી. ૧૯૭૦માં આ લખનારે જયારે પોસ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી મેળવી ત્યારે ગુજરાતી કંસારાના મંડળ મુંબઈ તરફથી મળેલ સન્માન પત્ર તેમજ ચાંદીનો સિક્કો લાવનાર પણ તેઓજ હતા. તેમણે સતપંથી હવેલીમાં મહિલા મંડળ – બાલમંદિર માટે રૂમો બંધાવી આપેલ તેમજ આઝાદી પહેલાં સમાજની મિલકતોનું સોની અને કંસારા જ્ઞાતિઓમાંથી એકત્રીકરણ થયું તેની કારોબારીના પ્રથમ મંત્રીશ્રી તરીકેની જવાબદારી સંભાળેલ.

મુંબઈના ૨૦૦૨ના વસ્તીપત્રક પ્રમાણે ત્યાં છત્રાલાઓની જનસંખ્યા પચીસ વ્યક્તિઓ સાથે માત્ર છ કુટુંબોની હતી, જેમાં હરીશભાઈ રેલ્વેમાં સ્ટેશન માસ્ટરનો હોદ્દો ધરાવતા હતા, અત્યારે નિવૃત્ત જીવન ગાળે છે. નરોત્તમભાઈ પી. કંસારાએ એંસીના દાયકામાં ભુજથી રાષ્ટ્રીય ફર્ટીલાઈઝર કંપનીની નોકરીમાં બદલી થતાં ત્યાં વસવાટ કરેલ અને નોકરીમાંથી નિવૃત્તિ બાદ પણ હજુ તેને લગતા કામકાજના કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત છે.

- **હેલ્થ ફર્સ્ટ :**

***એકમેકને ઓળખવાનો છે હેતુ***
***રચાયો છે મળવાનો સુંદર સેતુ***
***સમજણનો સંબંધ એજ ખરો સેતુ***
***બાકી બધા તો રાહુ અને કેતુ***
***તું ખરી વાત મને કહેતો ભેતુ***
***ચાલ મળીએ ત્યાંજ, જ્યાં સરે કંઈક હેતું....***

## જ્યોત સે જ્યોત જલાવો

**રીષીત મહેશકુમાર કટ્ટા - મમાયમોરા (માંડવી, કચ્છ)**

ભારત દેશ યુવાનોનો દેશ છે. યુવાનોના વિચારો, તેમની શક્તિના કારણે આજે ભારત વિકસિત દેશોની યાદીમાં સ્થાન પામવા જઈ રહ્યો છે. આજે આપણી જ્ઞાતિના યુવાનોએ અશક્યને શક્યમાં પરિવર્તન કરી બતાવ્યું છે. આજના યુવાનોએ પોતાની પેઢીનો વ્યવસાય સાચવીને પણ અન્ય ક્ષેત્રમાં ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરી છે. આજે સરકારી કે પ્રાઈવેટ સંસ્થામાં નાનામાં નાના કર્મચારીથી માંડીને કલેક્ટર સુધી આપણી જ્ઞાતિના લોકો જોવા મળે છે. આ જોઈને આપણને ગર્વ થાય છે.

જ્યારે કોઈ પણ વ્યક્તિ પદ પ્રાપ્ત કરે છે, ત્યારે તે પદના ઘમંડમાં તે વ્યક્તિ વાસ્તવિક જીવન જીવવાને બદલે પોતાની કાલ્પનિક દુનિયામાં જીવન જીવતો થઈ જાય છે. અંતે તે ઘમંડી વ્યક્તિ પોતાનો પરિવાર, સમાજ, વગેરેને ભૂલી જાય છે. આવા ઘમંડી વ્યક્તિઓ પાસે પરિવાર કે સમાજ શું આશા કે અપેક્ષા રાખી શકે? જો આશા કે અપેક્ષા રાખે તો તેમનું પતન નક્કી છે.

આજે આપણી જ્ઞાતિ પણ પતન તરફ જઈ રહી છે. જો આપણી જ્ઞાતિને પતનમાંથી રોકવી હોય તો સમાજમાં પરિવર્તનની જરૂર છે. પરિવર્તનનો મુખ્ય આધાર શિક્ષણ છે. આજે આપણી જ્ઞાતિમાંથી ઘણા લોકો શિક્ષણ પ્રાપ્ત કરીને કલેક્ટર, ડોક્ટર, એન્જીનીયર, વકીલ, શિક્ષક વગેરે બન્યા છે. આ જોઈને આપણને આનંદ થાય છે. જ્યારે આપણે અન્ય જ્ઞાતિ સાથે આપણી જ્ઞાતિની તુલના કરીએતો ૧૦૦% એ માંડ ૩% લોકો જોવા મળશે. આનું મુખ્ય કારણ સલાહ અને માર્ગદર્શનનો અભાવ છે. જે લોકો કલેક્ટર, ડોક્ટર, એન્જીનીયર, વકીલ, શિક્ષક વગેરે બન્યા છે તેમની પાસે સમયનો અભાવ હોય છે. અઠવાડિયામાં એક રવિવારે રજા હોય છે. તે રવિવાર પોતાના કુટુંબ પાછળ, મનોરંજન પાછળ, પોતાના મિત્રો પાછળ સમય ખર્ચ કરી નાખે છે પરંતુ પોતાની જ્ઞાતિ પાછળ તે રવિવારનો એક પણ કલાક ખર્ચ નહી કરે. તે લોકો કુટુંબ, મિત્રો, સંગા-સંબંધીઓ પાછળ સમય ખર્ચ કરવાથી તેમની પ્રતિષ્ઠામાં વધારો થશે એવું તેઓ માને છે. આમ, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને પણ તેઓ સ્વલક્ષી બની જાય છે.

ડૉ. રાધાકૃષ્ણનના કહ્યા મુજબ "કેળવણી એટલે માનવ અને સમાજનું નિર્માણ." આપણને પણ આપણા સમાજનું નિર્માણ કરવાનું છે. તેથી જે લોકો કલેક્ટર, ડૉક્ટર, એન્જીનીયર, વકીલ, શિક્ષક વગેરે બન્યા છે તે લોકો પોતાની અનુકૂળતાએ દર અઠવાડિયામાં એક કલાક આપણી જ્ઞાતિમાંથી કલેક્ટર, ડૉક્ટર, એન્જીનીયર, વકીલ, શિક્ષક વગેરે બનવા માગતા હોય તેમને ફ્રી માં માર્ગદર્શન આપે તો "એક કાંકરે બે નિશાન સધાશે." આમ, ઉપરોક્ત મુજબ કાર્ય કરવાથી આપણી જ્ઞાતિને પતનમાંથી બચાવી શકાય અને સમાજને આગળ વધારી શકાય. મને આશા છે કે જે ૩% છે તેમાંથી ૧% લોકો આ કાર્યને સફળ બનાવશે. મારાથી ખોટું લખાણું હોય તો બાળક સમજીને મને માફ કરજો. ■

## કાવ્ય

કરોડોની સંપત્તિ પણ શૂન્ય ટેક્ષ ભરનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

દલિતોના ખાતે ઉધારી એન.આર.આઈ. ખાતે જમા કરનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

વિકાસની વાતો સાથે હજારો વાયદા કરનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

ફેવિકોલથી ન સંધાય એમ વિધાનસભાની ખુરશીઓ તોડનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

કરોડોના ખર્ચે વિદેશોમાં વિહરનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

ધર્મના કે ધજાના નામે પ્રજાને ભડકાવનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

ક્યારેક ઘાસ, ક્યારેક ખાંડ તો ક્યારેક યુરિયા હજમ કરી જનારા
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

ખાદીની ભલામણને ગાદી માટે મથામણ આચરનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

સરકારને ટકાવવા ઉદારીકરણ અપનાવનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

બહુમતી હાંસલ કરવા સાંસદોને લાંચ દેનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

કૌભાંડોની 'મેરેથોન'માં નવો વિક્રમ સ્થાપનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

જાતને રાવ, સુખરામ કે લાલુના નામે ઓળખાવનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

સત્કર્મો કરી સૌ તિહાર જેલ જનારા,
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

જો ધ્યાન નહીં રાખે તો ખુદાને પણ છેતરવાના, કારણ
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

નહીં જાગે ભારતનો યુવાન, એવો આત્મવિશ્વાસ રાખનારા
અમે તો હવાલા કૌભાંડ કરનારા.

*સમીર રમેશ કંસારા - ભુજ*

# સંબંધોના લેખાજોખા – ન્યાય અન્યાયની વાતો

મહેશ છત્રાળા - અંજાર

મિત્રો, આજે થોડી સંબંધોની વાતો કરવાની ઈચ્છા થાય છે કેમકે સંબંધોની બાબતમાં આપણા સમાજની વર્તમાન પરિસ્થિતિ થોડી ડામાડોળ જણાય છે. જે સત્ય છે તે સ્વીકારવું જ રહ્યું. ***ક્યાંક પૈસો મારો પરમેશ્વર, ક્યાંક દિકરીને પ્રોત્સાહન, ક્યાંક પુત્રવધુને અન્યાય. વળી કેટલાક સ્વાર્થી પતિ, તો અમુક જગ્યાએ વડીલની દીર્ઘદૃષ્ટિને ધન્યવાદ.***

આજે આપણા સમાજમાં સંબંધો થાય છે અને કાચની જેમ તૂટી જાય છે. લગ્ન પછી કેટલીક દિકરીઓ માવતરે ચાલી જાય છે. વળી ઘરના લોકો તેને પ્રોત્સાહન આપે છે. કેટલાક માટે પૈસો મારો પરમેશ્વર જેવો તાલ છે. દિકરી પણ અજ્ઞાન હોવાના કારણે સત્ય જાણી શકતી નથી અને ભરણપોષણ માંગે છે. વડીલોને દિકરીની આવક મીઠી-મીઠી લાગે છે, પણ સંસારમાં ઝેર રેડાય છે. અમુક માતા-પિતાને માત્ર પૈસાથી જ સંબંધ છે. અંતમાં પાંચથી પંદર લાખ સુધીમાં છૂટાછેડા થાય છે. આવા લોકોને જ્યારે લગ્ન કરવા હોય છે ત્યારે પરિસ્થિતિ બરાબર હોતી નથી પણ રકમ માગવામાં કચાશ મૂકતા નથી.

નિયાણીના છૂટાછેડાની રકમ સાચવીને દિકરીને અન્ય જગ્યાએ પરણાવે છે. આવુ સાંભળીને દુઃખ થાય છે. અરે! ક્યારેક તો પૈસાને માટે એકથી બીજી જગ્યાએ પરણાવે છે આવા લોકોને શું કહેવું? આવા લોકો સમાજ માટે ખતરા સમાન છે. આવા લોકોનું સમાજમાં અનોખી રીતે સન્માન કરવું જોઈએ. હું એમ નથી કહેતો કે દરેક વખતે દિકરી જ દોષી છે, અમુક દીકરાઓ પણ દૂધથી ધોયેલા હોતા નથી. નાની-નાની બાબતોને મોટું રૂપ આપીને છૂટાછેડા આપે છે.

ઘર તૂટ્યુ વડીલોના વાંકે? દિકરી પરણીને સાસરે જાય છે. કેટલાક માવતર સતત ને સતત સાસરાની જાણકારી માંગે છે. ફોનનો મારો ચાલુ થાય છે. જરાક દિકરી રડી.... કે આવી જા, અમે બેઠા છીએ! સારૂં-નરસું વિચાર્યા વિના માતાપિતાથી પ્રેરાઈને દિકરી માવતરે ચાલી જાય છે. પછી બસ સતત સાસરા વિશે ખોટું સમજાવવું અને ઘર તોડવું. હું ફરીથી લખું છું દરેક વખતે દિકરી દોષી હોતી નથી પણ અસમજના કારણે માવતરે બેસે છે અને જિંદગીના દિવસો બરબાદ થાય છે. અંતમાં આપણા જ બાળકો માતા-પિતાના પ્રેમથી વંચિત રહી જાય છે. એમાં આપણે સૌ જવાબદાર છીએ.

મિત્રો, આ સંસારમાં સૌથી પૂજનીય દિકરી છે. દિકરી જેટલો ત્યાગ કોઈ કરી શક્યું નથી અને કરવાનું પણ નથી. એક દિકરી, જે પરણીને તમારા ઘેર આવે છે, તે ખરેખર તમારા માટે લક્ષ્મી છે. કેટલાક ઘરોમાં લક્ષ્મીને અન્યાય થતો હોય છે. ઘરની બધી સુવિધા દિકરી માટે ખરી, પણ લક્ષ્મી માટે કંઈ નહીં. લક્ષ્મીને અંધારામાં રાખીને નિર્ણય લેવાય. બિચારી ભોળી દિકરી શું જાણે? મિત્રો, યાદ રાખીએ પોતાના માતાપિતાનો ત્યાગ કરીને આવેલી સાક્ષાત્ લક્ષ્મીને ઓળખીએ. તે આપણા માટે જ આવી છે. તેની કદર કરીએ. નહીં તો સાક્ષાત્ લક્ષ્મી રડશે તો આપણી દિકરી રડવાની. કર અને જો અહીં જ છે માત્ર સત્ય પારખવાની જરૂર છે. જો આપણે બીજાની દિકરી દુઃખી કરીએ, તો આપણી દિકરી પણ દુઃખી થવાની જ.

સમાજમાં લગ્ન પછી બદલાઈ જતા પતિ પણ ઓછા નથી. વહુના માવતરથી સંબંધ ઓછા રાખે છે, વહુના માવતર આવે તો ગમતું નથી, માન પાણી આપતા નથી. પતિ વિચારે, હવે મારે શેની ગરજ? વહુના માવતરમાં ન જવું પડે એટલા માટે સંબંધ તોડવાનો રસ્તો ગોતે છે. જેથી વહુના સગાસંબંધી આવે નહીં. ક્યારેક પતિના આવા વર્તનથી તમારી લક્ષ્મી અને તેના માતા-પિતાને કેટલું દુઃખ થતુ હશે તે તો તે જ જાણે. જરા વિચારો, તમારા બનેવી પણ આવું કરે તો?

અહીં એક દીર્ઘદૃષ્ટિવાળા વડીલની વાત છે. સાસરામાં દિકરીને ખૂબ દુઃખ. પતિનો પણ સાથ નહીં. એની જેઠાણી, દેરાણી પર ખૂબજ ત્રાસ ગુજારે પણ પતિ બોલે જ નહીં. વડીલના કાને વાત ગઈ. તેની સલાહ "દિકરી ધીરજ ધર, બધું જ બરાબર થઈ જશે." આજે આ દિકરી નાની - દાદી બની ગઈ છે. દિકરી પાસે પોતાનું ઘર અને દુકાન છે, પોતાના સંતાનો છે. પણ તે સમયે જો વડીલ દિકરીને ઘરમાં રાખત તો પરિસ્થિતિ અલગ હોત. તેથી આવા વડીલોને નમન. દીકરીને કેવુ સમજાવવું, તે વડીલોના હાથમાં છે.

મિત્રો, ટુંકમાં જ્યારે સમાજની પરિસ્થિતિ બગડે છે ત્યારે દુઃખ થવાથી લખવાની ઈચ્છા થાય છે. મારા લેખથી કોઈને પણ દુઃખ થાય તો બાળક સમજી માફ કરશો. હું અને આપણે સૌ દિકરીને પ્રોત્સાહન ન આપીએ, લક્ષ્મીને લક્ષ્મી જ માનીએ, સમાજની પરિસ્થિતિ બદલીએ.

કોઈની લાગણી દુભાય તો ક્ષમા કરશો. ■

***જેવું આપણે વિચારીએ છીએ તેવા જ આપણે બની જઈએ છીએ. આપણું જીવન આપણા વિચારોનું ફળ છે. ઉજ્જવળ અને ઉન્નત આશાથી વિશેષ કશું પ્રાપ્ત કરવા યોગ્ય નથી. ઘણા મનુષ્યો તેમની નિરાશાને કારણે જ તેમની દિવ્ય શક્તિઓને સંકુચિત કરી લે છે.***

***– સ્વેટ મોર્ડન***

# સફળતાની ચાવી

પરેશ સી. ગુજરાતી - ભુજ

દરેક માનવી જીવનમાં સફળતા મેળવવા માટે ઈચ્છા રાખે છે. ઘરમાં કે સમાજમાં પોતે સફળ પુરૂષ બને તેમ ઈચ્છે છે. આમ છતાં તે ઘણી વખત સફળ થઈ શકતો નથી. સફળતાને રોકનારૂં સૌથી મોટું પરિબળ હોય, તો તે છે નિષ્ફળતાનો ડર. નિષ્ફળતાથી ડરનારો વ્યક્તિ ક્યારેય સફળ થતો નથી. હું સફળ નહીં થાઉં તો? એવા ભયે કેટલાક લોકો પ્રયાસો જ કરતા નથી.

બાળક જ્યારે ચાલતાં શીખે છે ત્યારે ઊભું થાય છે, એક ડગલું ભરે છે અને પડી જાય છે. થોડીવાર પછી એ પાછું ઊભું થાય છે અન પાછું ડગલું ભરે છે. પહેલા એક ડગલું, પછી બે પગલાં અને પછી ત્રણ ચાર કદમ. ધીમે ધીમે બાળક દોડવા માંડે છે. જો પહેલું પગલું ભરતી વખતે જ બાળકે વિચાર્યં હોત કે મારાથી નહીં ચાલી શકાય તો કદાચ એ ચાલવાનું ન શીખે. પણ બધા ચાલતા લોકોને જોઈ બાળકને પણ થાય છે, હું પણ ચાલી શકીશ. સફળતાનું પણ એવું જ છે. એક સફળ વ્યક્તિ બનવા તથા સફળતા મેળવવા માટે ત્રણ પરિબળો ભાગ ભજવે છે : (૧) પરિસ્થિતિ, (૨) પ્રયત્ન, (૩) ભાગ્ય.

આપણે જોઈએ છીએ કે ઘણી વાર એવી પરિસ્થિતિ સર્જાય છે કે સાવ ઓછી યોગ્યતાવાળા, સાવ ઓછા પ્રયત્ને માણસ મોટા લાભ પણ પ્રાપ્ત કરી જાય છે. એક માણસ પોતાના હાથની મહેનત અને સખત પરિશ્રમથી પણ નાના માણસમાંથી મહામાનવ બની જાય છે. હા, ક્યારેક નસીબ સાથ આપતું હોય તો કોઈ પ્રયત્ન કર્યા વગર ભાગ્યના દરવાજા ખૂલી જતા હોય છે અથવા જન્મ સમયે લખાયેલા લલાટના લેખ કે વારસાને કારણે સફળતાના શિખરો સર કરતા હોય છે. પરંતુ ખરેખર તો આપણો અડગ પુરૂષાર્થ અને બાવડાનું બળ જ સફળતાની આધારશિલા છે. અને આ આધારશિલા જેના જીવનમાં મુખ્ય છે એ વ્યક્તિ પોતેજ પોતાનો ભાગ્ય વિધાતા છે.

દરેક સફળ માણસની આત્મકથા એવો જ સંદેશો આપે છે કે સફળ થતાં પહેલાં તેમણે અનેક નિષ્ફળતાઓ જોઈ છે. કદાચ નિષ્ફળતાઓએ જ તેમને સફળ થવા માટે વધુ સક્રિય બનાવ્યા છે. જેવી રીતે નદીમાં કે સમુદ્રમાં હલેસાં માર્યા વગર હોડી ચાલતી નથી, હાથપગ ચલાવ્યા વગર તરવૈયો નદીમાં સામે કિનારે તરીને જઈ શકતો નથી, બસ, આજ સફળતાની ચાવી છે. અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને સફળ થતાં પહેલા ઢગલાબંધ નિષ્ફળતાઓ જોઈ હતી. સફળતાની શરૂઆત કદાચ નિષ્ફળતાથી થાય છે. આપણે કરેલા પ્રયત્નોમાંથી નિષ્ફળતાના કારણો દૂર કરતા જઈએ તો અવશ્ય સફળતા મળે છે. સફળ લોકોને જોઈને વિચારો કે બીજી વ્યક્તિ કરી શકે છે તે હું પણ કરી શકું છું. સફળતા માણસ માટે જ સર્જાયેલી હોય છે માણસે તો માત્ર પોતાની મહેનતથી એ સફળતાને સિધ્ધ અને સાર્થક કરવાની હોય છે.

દરેક વ્યક્તિ જન્મની સાથે જ શીખવાનું શરૂ કરી દે છે. હસવાનું, બોલવાનું, ચાલવાનું માણસ જન્મ પછી જ શીખે છે. પોતાની નિષ્ફળતાને ઢાંકવા વિવિધ બહાનાઓ કાઢવા કરતા સફળતા મેળવવાના પ્રયત્નો જ માણસને પરફેક્ટ બનાવે છે. નિષ્ફળતાથી ડરો નહિ. 'જો ડર ગયા, સમજો મર ગયા' વાળા ડાયલોગને યાદ કરી સફળતા મેળવવા માટેનો દૃઢ નિર્ધાર કરતી વ્યક્તિને ક્યારેય નિષ્ફળતા મળતી નથી.

*મહાત્મા કબીર સફળતા માટે કહેતા :*

*જિનખોજા તિન પાઈયાં ગહરે પાની પૈઠ*
*હૌ બૌરી ઢૂંઢન ગઈ રહી કિનારે બૈઠ.*

અર્થાત્, જેણે શોધ્યું તેને મળ્યું. જે કિનારે બેસી રહ્યા તેઓ પાગલ, અર્ધપાગલ, મૂર્ખા ગણાયા. આ બધી વાતોનો અર્થ એ છે કે સફળતાની એક માત્ર ચાવી પ્રબળ પુરૂષાર્થ જ છે.

## MATRIMONIAL



- **Name :** Rashmi Tarunkumar Soni (Pomal)
- **Father's Name :** Tarunkumar Dhanjibhai Soni (General Merchant)
- **Mother's Name :** Pragna Tarunkumar Soni
- **Birth Date :** 21-11-1992
- **Height :** 5'3"
- **Education :** B.E. (Engineering in Computer)
- **Currently :** German Tutor
- **M. No. :** 9767523787
- **E-mail :** rashmisoni2111@gmail.com
- **Address :** Pune

# તીર્થરાજ અમરકંટક

પ્રો. રસિકભાઈ મહીચ્છા



મધ્ય પ્રદેશના અનુપપુર જીલ્લામાં આવેલુ અમરકંટક એક નાનકડું દસ-બાર હજારની વસ્તી ધરાવતું ગામ છે. પરંતુ તેની વિશિષ્ટતા એ છે કે તે નર્મદા મૈયાનુ ઉદ્‌ગમ સ્થાન છે. જેને કારણે અમરકંટક પુરાણપ્રસિદ્ધ તીર્થરાજ ગણાય છે. જબલપુર - બિલાસપુર રેલ્વે માર્ગ પર આવેલું પેન્દ્રા રોડ સ્ટેશનથી ૩૦ કિલોમીટર દૂર છે. ત્યાંથી અમરકંટક જવા માટે જીપ અથવા કાર જેવા સાધનો મળી રહે છે. ગાઢ જંગલોમાંથી પસાર થતા રસ્તામાં છુટક છવાઈ વસ્તીવાળા આદિવાસી ગામો આવે છે. બિલાસપુરથી અમરકંટક ૧૮૮ કિ.મી. દૂર છે અને છત્તીસગઢની સુવિખ્યાત અચનકમાર અભયારણ્યની કિનાર પર આવેલ અમરકંટકના જંગલો પણ અચનકમાર બાયોસ્ફીઅર રીઝર્વનો ભાગ છે. અહીં ઘણી વનસ્પતિ આયુર્વેદિક ઔષધીય ગુણો ધરાવે છે. કાન્હા નેશનલ પાર્ક અને બાંધવગઢ નેશનલ પાર્ક પણ આજ કોરીડોરમાં આવેલા હોવાથી દીપડા અને વાઘ જેવા હિંસક પ્રાણીઓ પણ અમરકંટકના જંગલોમાં રહે છે. અમરકંટકનો પઠાર દરિયાની સપાટીથી લગભગ ૩,૦૦૦ ફૂટ ઊંચો છે. તેથી તે હિલ સ્ટેશન જેવું પણ લાગે છે.

ટ્રેકિંગના શોખીનો માટે પણ અમરકંટકના પહાડો, જંગલો અને ઝરણાઓનો પ્રદેશ ખૂબજ આકર્ષક છે. વિવિધ પ્રકારના ટ્રેકિંગ કાર્યક્રમોનું આયોજન કરી અહીંના પ્રાકૃતિક સૌંદર્યની અનુભૂતિ કરી શકાય છે.

સંસ્કૃત શબ્દો 'અમર' અને 'કંટક'થી સમાવિષ્ટ અમરકંટક, પૌરાણિક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. અમરકંટકનું પૌરાણિક નામ રૂક્ષ પર્વત હતું. ગાઢ જંગલોથી છવાયેલ વિંધ્યાચલ અને સાતપુડા પર્વતોની હારમાળા મૈકલ પર્વત પાસે મળે છે. જ્યાંથી માતા નર્મદાનું ઉદ્‌ગમ થાય છે. સાથે બીજી બે નદીઓ સોણ અને જોહીલા પણ અહીંથી જ જન્મ ધારણ કરે છે. અમરકંટકમા સંત કબીરે જે સ્થળે ધ્યાન ધર્યું હતું અને જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તે સ્થળ કબીર ચબુતરા તરીકે ઓળખાય છે.

- **અમરકંટકનું પૌરાણિક મહાત્મ્ય અને નર્મદાનું ઉદ્‌ગમ :**

નર્મદા નદીના ઉદ્‌ગમ સ્થાન તરીકે અમરકંટકનું મહાત્મ્ય નર્મદા માતાનું મહાત્મ્ય જેટલું જ અદ્‌ભુત છે. ભારત વર્ષમાં પૌરાણિક મહત્ત્વ ધરાવતી કુલ સાત નદીઓ છે. જેમાં ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા ગોદાવરી મુખ્ય નદીઓ છે. સ્કંદ પુરાણમાં લખ્યું છે તે પ્રમાણે :

**त्रीभिःसरस्वतिम् तोयम, सप्ताहेन तु यमुनाम्,**
**सद्यः पुनाती गन्गोयम, दर्शानादेव नर्मदाम्.**

સરસ્વતી નદીમાં ત્રણ વખત, યમુનામાં સાત વખત અને ગંગામાં માત્ર એક વખત સ્નાન કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. પરંતુ નર્મદાના તો દર્શન માત્રથી પવિત્ર થવાય છે. નર્મદાનું બીજું નામ રેવા છે. જેનો ઉલ્લેખ સ્કંદ પુરાણમાં થયેલો.

**तावद् गर्जन्ति तीर्थानी, यावद् रेवा ना द्रश्यते.**

જ્યાં સુધી રેવાના દર્શન નથી થતા ત્યાં સુધી અન્ય તીર્થોનું મહત્ત્વ રહેતું નથી. માતા નર્મદા જ એક એવી સરિતા છે કે જેનું એક એક બુંદ પવિત્રતાથી છલકાય છે.

નદીઓમાં શ્રેષ્ઠ નર્મદા રૂદ્રના શરીરમાંથી પ્રગટ થાય છે અને દરેક જીવ સૃષ્ટિનો ઉધ્ધાર કરે છે. દરેક જાતના પાપોનો ક્ષય કરનારી માતા નર્મદાની દેવ, ગાંધર્વ, અપ્સરાઓ અને સ્વયમ મહેશ એટલે કે ભગવાન શંકરે ભલીભાંતિ સ્તુતિ કરી છે.

**नर्मदा सेवते नित्यम्, स्वयम देवो महेश्वरः**
**तेन पुण्या नदीम ज्ञेया, ब्रह्महत्यापहारिणीम.**

આવી પવિત્ર અને લોક કલ્યાણકારી નદીની ઉત્પત્તિ વિષે અનેક પૌરાણિક, ઐતિહાસિક, અને દંતકથાઓ પ્રચલિત છે. મહાતપસ્વી માર્કંડેય ઋષિએ કહેલી કથા મુજબ ચંદ્રવંશી રાજા પુરૂરવાએ અનેક વર્ષો સુધી ભગવાન શંકરની ઘોર તપશ્ચર્યા કરી લોક કલ્યાણ હેતુ નર્મદા અવતરણ માટે વિનંતી કરી હતી. માતા નર્મદાની ઈચ્છા અનુસાર પર્વત રાજ વિંધ્યાચલ પર્વતના શક્તિશાળી સુપુત્ર પર્યક એટલે કે હાલના મૈકલ પર્વત પર નર્મદાનું જલાવતરણ થયું હતું. આજે પણ આ પર્વતના ભૂગર્ભમાંથી જ્યાં નર્મદા નદીનું ઉદ્‌ગમ થાય છે, જ્યાં નર્મદા કુંડ બનાવેલું છે, ત્યાં નર્મદાના નીરની સરવાણીઓ ફૂટી રહી છે. આ રીતે પ્રાગટ્ય થયેલ નર્મદાના નીર બરાબર નર્મદા કુંડમાં એકઠા થઈને આગળ વહી જાય છે. બાજુમાં માતા નર્મદાનું મંદિર આવેલું છે. નર્મદા કુંડ પાસે દરરોજ સાંજે નર્મદા આરતી થાય છે.

નર્મદાના ઉદ્દગમ સંદર્ભે એક દંતકથા પણ પ્રચલિત છે. રેવા નાયક નામનો એક ગરીબ વેપારી તેની પુત્રી સાથે મૈકલ પર્વત પરથી જંગલી પેદાશો જેવી કે હરડે, બરડા, આમળા, વાંસ વગેરે એકઠા કરીને વેચવાનું કામ કરતો હતો.

એક વખત જંગલમાંથી આવીને તે જ્યારે ભોજન બનાવતો હતો ત્યારે તેણે પોતાની પુત્રીને કહ્યું, "જા બેટી, પાણી ભરી લાવ."

પુત્રીએ કહ્યું, "આજે હું પાણી ભરવા નહીં જાઉં."

પિતાએ ફરી કહ્યું, "જા બેટી, પાણી ભરી લાવ."

હવે, પિતાની આજ્ઞા સાંભળીને પુત્રી પાણી ભરવા ચાલી ગઈ.

ઘણો સમય પસાર થઈ ગયો પરંતુ રેવા નાયકની પુત્રી પાણી ભરીને પાછી આવી નહિ.

પુત્રીના ચાલી જવાથી શોકગ્રસ્ત રેવા નાયક રડવા લાગ્યો.

ત્યારે આકાશવાણી થઈ, "રેવા, તું દુઃખી નહીં થા. તારી પુત્રી તરીકે હું સ્વયં માતા નર્મદા આવી હતી. તેથી હવે હું ચાલી ગઈ છું. પરંતુ આ સ્થળે તારી પુત્રીની યાદમાં મારૂં અહીં મંદિર બનાવ."

ત્યારબાદ રેવા નાયકની એકઠી કરેલી જંગલી પેદાશો સોનામહોરોમાં ફેરવાઈ ગઈ. તેનાથી રેવા નાયકે નર્મદાનું મંદિર બનાવ્યું તથા નર્મદાનું જ્યાં ઉદ્દગમ થાય છે ત્યાં કુંડ બનાવ્યું. આગળ જતા આ જ સ્થળ અમરકંટક તરીકે સુવિખ્યાત થયું. નર્મદાનું એક નામ રેવા પણ છે. આજે પણ નર્મદા કુંડ પાસે રેવા નાયકની પ્રતિમા સ્થાપિત છે.

- **અમરકંટક તીર્થમાં આવેલ દર્શનીય સ્થળો :**

અમરકંટક પરિસરમાં દસથી પંદર કિ.મી.ની ત્રિજ્યામાં ઘણા સુંદર પૌરાણિક મહત્ત્વ ધરાવતા મંદિરો તથા સ્થળો આવેલા છે.

- **શ્રી નર્મદા મંદિર :**

માતા નર્મદાનું મુખ્ય મંદિર ક્યારે બંધાયું તેનો ઈતિહાસ ઉપલબ્ધ નથી પરંતુ તે દસમીથી બારમી સદી દરમ્યાન રાજપૂત રાજા કલચુરીના શાસનકાળ દરમ્યાન બંધાયું છે એવું માનવામાં આવે છે. રેવા નાયકે મંદિર બનાવ્યા પછી ઘણા વર્ષો બાદ નાગપુરના ભોંસલે વંશના રાજવીઓએ નર્મદા ઉદ્દગમ કુંડ તથા સ્નાન અને કપડા ધોવાના અલગ કુંડોનું નિર્માણ કર્યું હતું. ત્યારબાદ ઘણા વર્ષો બાદ રીવાના મહારાજ શ્રી



*નર્મદા મુખ્ય મંદિર*

ગુલાબસિંહે ૧૯૩૯માં મુસ્લિમ કારીગરની દેખરેખમાં નર્મદા મંદિર, સ્નાન ઘાટ અને પ્રવેશદ્વાર બનાવ્યા હતા. નર્મદા માતાના મુખ્ય મંદિરમાં માતાજીની પ્રતિમા કાળા ગ્રેનાઈટ પથ્થરની બનેલી છે. નર્મદા મંદિરની સન્મુખ માતા પાર્વતી અને અમરકંટેશ્વર મહાદેવના મંદિર આવેલા છે.

- **શ્રી નર્મદા મંદિરના પરિસરમાં અન્ય પ્રસ્થાપિત મંદિરો :**

શ્રી નર્મદા પરિસરમાં નર્મદા માતાના મંદિર ઉપરાંત અન્ય ચોવીસ મંદિરો આવેલા છે. જેમા કાર્તિક મંદિર, વિષ્ણુ મંદિર, સત્યનારાયણ મંદિર, લક્ષ્મી નારાયણ મંદિર, સૂર્યનારાયણ મંદિર, નર્મદા ઉદ્દગમ મંદિર, બન્શેસ્વર મંદિર, ઘંટેસ્વર મંદિર, દુર્ગા માતા મંદિર, ગ્યારા રૂદ્ર મંદિર મુખ્ય મંદિરો છે.



- **પ્રાચીન મંદિર સમૂહ :**

શ્રી નર્મદા પરિસરની બાજુમા પુરાતત્ત્વ વિભાગ દ્વારા સુરક્ષિત પ્રાચીન મંદિરોનું પરિસર આવેલું છે. આ મંદિર સમૂહો નાગર શૈલીના સ્થાપત્ય કળામાં નિર્માણ થયેલા છે. એક વિશાળ સૂર્યકુંડ પણ છે. કલચુરી નરેશ કર્ણ દેવના શાસન દરમ્યાન નિર્માણ થયેલ આ મંદિરો જોતા એવું લાગે છે કે એ સમયગાળા દરમ્યાન અમરકંટક તીર્થ સ્થાનની ખૂબ જાહોજહાલી રહી હશે. સુંદર બગીચાની વચ્ચે સુરક્ષિત પ્રાચીન મંદિરના અવશેષો ભૂતકાળની ભવ્યતાના દર્શન કરાવે છે. પ્રાચીન મંદિરમા એક શિવાલય છે જેનું નામ પાતાલેશ્વર મહાદેવ છે. તેનું શિવલિંગ જમીનમાં દસ ફૂટ ઊંડું છે. આજના સમયમા આશ્ચર્ય લાગે પરંતુ શ્રાવણ માસના અંતિમ સોમવારના માતા નર્મદાજીનું મંદિરમાં પ્રાદુર્ભાવ થાય છે અને શિવલિંગ ઉપર નર્મદાના જળ છવાઈ જાય છે. મંદિરમાં જળ ક્યાંથી આવે છે તેની કોઈને ખબર પડતી નથી. લોકોનું કહેવું છે કે આવું માત્ર શ્રાવણના અંતિમ સોમવારે થાય છે. માતા નર્મદા સ્વયં શિવજીને સ્નાન કરાવવા આવે છે. જગતગુર આધ્ય શંકરાચાર્યજીએ પાતાળેશ્વર તેમજ સૂર્યકુંડની સ્થાપના કરી હોય તેવું માનવામાં આવે છે.

બીજું એક વિષ્ણુ મંદિર છે. તેમાં ભગવાન વિષ્ણુની કાળા ગ્રેનાઈટ પથ્થરની ખૂબજ કલાત્મક પ્રતિમા છે. કહેવાય છે કે મહર્ષિ ભૃગુએ ભગવાન વિષ્ણુના આ સ્થળે માતા લક્ષ્મી સાથે લગ્ન કરાવ્યા હતા. તેની સાથે લક્ષ્મીજીની મૂર્તિ પણ સ્થાપિત થયેલી છે. આ ઉપરાંત વિશાળ રંગમહેલ અને ભગવતી રાજ રાજેશ્વરીના મંદિર પણ આવેલા છે. અહીં શંકરાચાર્યજીનું અધ્યાત્મ કેન્દ્ર તથા એક વિશાળ કુંડ આવેલું છે.



*પ્રાચીન મંદિર સમૂહ - પાતાળેશ્વર મંદિર*

- **માઈ કી બગીચા**

નર્મદા મંદિરની પૂર્વમાં માઈ કિ બગીયા નામનું એક મનોરમ્ય સ્થળ છે. દંતકથા અનુસાર બાલ્યાવસ્થામાં માતા નર્મદાજી ગુલબકાવલી નામની સુંદર સખી સાથે આ સ્થળે ક્રીડા કરતા હતા. તેથી તેનું નામ માઈ કિ બગીયા પડી ગયું. વાસ્તવમાં ગુલબકાવલી એક વૃક્ષ છે, જે માત્ર આ સ્થળે જ જોવા મળે છે. તેના પુષ્પમાંથી કાઢેલ અર્કથી આંખના રોગો મટી જાય છે તેવી અહીંના લોકોમાં માન્યતા છે.

- **માઈ કા મંડપ**

માઈ કિ બગીયાથી લગભગ આઠ કિ.મી. દૂર માઈ કા મંડપ નામનું સ્થળ છે. લોકકથા અનુસાર માતા નર્મદાના લગ્ન બ્રહ્માજીના માનસપુત્ર સોણ સાથે અહીં થવાના હતા. પરંતુ કોઈક કારણ અનુસાર વિઘ્ન નડતા થઈ શક્યા નહિ. ગાઢ જંગલમાં દુર્ગધારા નદીના કિનારા પર સ્થળ આવેલું છે. અહીં પણ બે કુંડ બનેલા છે.

- **સોનભદ્ર સંગમ :**

માઈ કિ બગીયાથી થોડે દૂર સોનભદ્ર નદીનું ઉદ્ગમ સ્થળ આવેલું છે. સોણ અને ભદ્ર એમ બે અલગ નદીઓ છે અને તેના આ સંગમ પછી સોનભદ્ર નદી કહેવાઈ છે. અહીં સોનભદ્રના જળપ્રપાત પણ છે.

- **કપિલધારા :**



નર્મદા મંદિરથી છ કિ.મી. દૂર કપિલધારા નામનું સ્થળ છે. ગીચ જંગલો વચ્ચે વહી જતી નર્મદાનું પ્રથમ જળપ્રપાત અહીં થાય છે. સો ફૂટ ઉપરથી પડતા આ પ્રચંડ ધોધનું દશ્ય અવિસ્મરણીય છે. અહીં નર્મદા ૨૦ ફૂટ થી પણ વધુ પહોળાઈ ધારણ કરે છે. આ સ્થળે કપિલ મુનિએ સાંખ્યશાસ્ત્રની રચના કરી હતી.

- **દૂધ ધારા :**

કપિલધારાથી એક કિ.મી. દૂર નર્મદાના બીજા જળપ્રપાત આવે છે. મનોરમ્ય છટા સાથે પડતા આ નાનકડા ધોધ પણ સુંદર છે. તેની બાજુમાં આવેલા પથ્થર પર બેસી દુર્વાસા ઋષિએ તપશ્ચર્યા કરી હતી.

- **એરંડી સંગમ :**

આ પણ ખૂબજ પવિત્ર જગ્યા ગણાય છે. અહીં એરંડી અને નર્મદા નદીનું સંગમ થાય છે. કહેવાય છે કે આ સંગમમાં સ્નાન કરવાથી અનેક પાપો નાશ પામે છે અને મનોવાંછિત ફળ પ્રાપ્ત થાય છે.

- **કબીર ચબુતરો :**

સંત કબીરજીએ આ સ્થળે તપ કરીને સિધ્ધિ પ્રાપ્ત કરી હતી. કબીરજીએ આત્મચિંતન કરીને તેના ફળ સ્વરૂપે દોહાઓ અને કવિતાઓની અહીં રચના કરી હતી. તેથી આ સ્થળ કબીર પંથીઓ માટે વિશેષ શ્રદ્ધાનું કેન્દ્ર ગણાય છે.

- **દિગંબર જૈન મંદિર :**

આ વિશાળ દિગંબર જૈન તીર્થ હાલ નિર્માણાધીન છે. મહાવીર સ્વામીની વિશાળ કદની મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવી છે. જ્યારે આ જૈન મંદિર સંપૂર્ણ તૈયાર થઈ જશે ત્યારે અમરકંટકનું સૌથી મોટું તીર્થક્ષેત્ર બની રહેશે.

- **જાલેશ્વર મહાદેવ :**

અમરકંટકથી પેન્દ્રા રોડ જતા રસ્તામાં પડતા આ શિવાલયમાં ૧૧ ફૂટ ઊંચું શિવલિંગ છે. પૌરાણિક મહત્ત્વ ધરાવતા આ મંદિરનો જીર્ણોધ્ધાર હાલ કરવામાં આવ્યો હોય તેવું લાગે છે.

- **અમર કંટકમા રહેવા માટેની માહિતી :**

અન્ય પ્રખ્યાત હિલ સ્ટેશનની માફક અમરકંટકમાં ફાઈવસ્ટાર હોટેલો હજુ થઈ નથી પરંતુ રહેવા માટે સુંદર આશ્રમો છે. અમરકંટકના મુખ્ય રોડ પર લગભગ બધાજ આશ્રમો આવેલા છે. સૌથી વધુ પ્રખ્યાત આશ્રમો આ પ્રમાણે છે :

**(૧) કલ્યાણ આશ્રમ :** ખૂબજ કલાત્મક રીતે નિર્માણ પામેલું અને સુંદર ગાર્ડનવાળું આ આશ્રમ સ્વામિ કલ્યાણદાસજીએ સ્થાપેલું છે. રહેવા માટે સારૂં છે પણ તેમાં રહેવા માટે તેના કોઈ પણ એક ટ્રસ્ટીની ભલામણ જરૂરી છે. જો ટ્રસ્ટીનો ભલામણ પત્ર મળે તો રહેવા જમવાનું ફ્રી છે.

**(૨) મૃત્યુંજય આશ્રમ :** સ્વામી ભજનાનંદ સ્વામીએ સ્થાપેલું આ આશ્રમ પણ ખૂબ જ વિશાળ છે. સંખ્યાબંધ રૂમો છે અને નોમિનલ ચાર્જીસથી રહેવાનું મળી રહે છે. તેમાં કોઈ ભલામણ પત્રની જરૂર નથી. નર્મદા પરિક્રમા કરતા સંઘોને ફ્રી રહેવાનું મળે છે. અહીં જમવાની સગવડતા નથી. તે અમરકંટકની મુખ્ય બજારની નજીકમાં છે.

**(૩) શાંતિ કુટી :** બિલકુલ મૃત્યુંજય આશ્રમની બાજુમાં શ્રી રામેશ્વરાચાર્યજી મહારાજ દ્વારા સ્થાપવામાં આવેલું આ શાંતિ કુટી આશ્રમ પણ સુંદર છે અને રહેવા માટે સારૂં છે.

આ સિવાય પણ બીજા નાના મોટા આશ્રમો આવેલા છે અને રહેવાનું મળી રહે છે. અહીં મોર્ડન ટુરીસ્ટ સેન્ટર જેવી ચહલપહલ નથી કે નથી આધુનિક રેસ્ટોરન્ટસ અને હોટેલો. અહીં મોટેભાગે નર્મદા પરિક્રમા કરવાવાળા શ્રદ્ધાળુઓ દેખાતા હોય છે.

- **નર્મદા પરિક્રમા :**

હિંદુ ધર્મમા પરિક્રમાનું ખૂબજ મહત્ત્વ છે. મંદિરમાં ભગવાનના દર્શન ત્યારે પરિપૂર્ણ ગણાય, જ્યારે આપણે ભગવાનની પ્રદક્ષિણા કરીએ. એવી રીતે માતા નર્મદા દેવીની પણ લોકો અનન્ય ભક્તિ ભાવથી ખૂબજ કઠીન પરિક્રમા કરે છે. **નર્મદા નદીની સંપૂર્ણ પરિક્રમા કરવા માટે અંદાજીત ૩૫૦૦ કિલોમીટરનો પગપાળા પ્રવાસ કરવો પડે છે અને તેને ત્રણથી ચાર મહિના લાગે છે.** એટલું નહિ, નર્મદા પરિક્રમાનો માર્ગ પણ ખૂબજ કષ્ટદાયક છે. ગીચ જંગલોમાંથી પસાર થતા હિંસક પ્રાણીઓ અને આદિવાસી લુટારાઓનો સામનો કરવો પડે છે. વળી પરિક્રમા વાસીઓને જાતે રસોઈ બનાવવી પડે છે અને તેનો સામાન પણ ઉંચકવાનો હોય છે. તેમ છતાં ઘણા આસ્થાવાન લોકો આવી પરિક્રમા આદરતા હોય છે. જ્યારે નર્મદા મૈયા અને તેની પરિક્રમાની વાત કરીએ ત્યારે કચ્છના શ્રી અમૃતલાલ વેગડને કેમ ભૂલી શકાય? તેઓએ સહદંપતી ત્રણ વખત પરિક્રમા કરી છે અને તેના વિષે ઘણા પુસ્તકો પણ લખ્યા છે. જો માતા નર્મદા અને તેના પ્રાકૃતિક સૌંદર્ય વિષે વધુ જાણવું હોય તો તેના લખેલા પુસ્તકો અવશ્ય વાંચવા. ■

*બીજાના હિતમાં પરોવાયેલો સજ્જન વિનાશ થાય તો પણ વેરવૃત્તિ પામતો નથી. ચંદનનું વૃક્ષ કપાતાં પણ કુહાડીની ધારને સુવાસિત કરે છે.*

***– વેદવ્યાસ***

# રહીમદાસજી

જીનલ સોલંકી - માંડવી

તાજેતરમાં જ તા. ૨૫થી ૨૭ ડિસે., ભુજ મધ્યે સાહિત્ય પરિષદમાં જવાનું થયું. એ સમયે શ્રી ભદ્રાયુ વચ્છરાજાને સાંભળવાની તક મળી. "માતૃભાષા" પ્રત્યેની ચિંતા અને ચિંતન અંગેનું એમનું વક્તવ્ય ખરેખર આરપાર નીકળી ગયું. એમણે ખૂબ સરસ કહ્યું કે, આપણું બાળક ગુજરાતી ભાષા ભણશે જ નહિ તો એ આપણા આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતા, મીરાંબાઈ, ઝવેરચંદ, ઉમાશંકર આ બધાને કઈ રીતે વાંચશે? સમજશે? આચરણમાં મુકશે...?



*રેખાંકન : જીનલ સોલંકી*

ત્યારે ફરી મને અહીં અતુલભાઈ સોનીની આ કોલમ "રસાસ્વાદ" શરૂ કરાવવા અંગેની દીર્ઘદૃષ્ટિના દર્શન થયાં... સારૂં, આ "રસાસ્વાદ" ના બહાને હું પણ મારી ભાષાથી, મારા વારસાથી નજીક રહું છું અને વાચકને પણ આ રીતે નજીક લાવવાની કોશિશ કરૂં છું.

આજે મારે પરિચય કરાવવો છે "રહીમ દાસજી" નો.

ગઈ કાલે જ મેં મારી શાળામાં ધો. ૭ માં "મુઘલ કાળ" સામાજીક વિજ્ઞાનનો પાઠ ભણાવ્યો. આપ પણ સૌ મુઘલ શાસન અંગે પરીચિત જ હશો. બાબરે મુઘલ વંશનો પાયો નાખ્યો પછી એમનો પુત્ર હુમાયુ ગાદી પર આવ્યો. પણ શેરશાહ સામેની લડાઈમાં હારી જતાં હુમાયુને ૧૫ વર્ષ સુધી રઝળપાટ કરવી પડી. આ સમયે તેને ત્યાં પુત્ર અકબરનો જન્મ થયો. જ્યારે અકબર માત્ર ૧૩ વર્ષના હતા ત્યારે જ તેમના પિતા હુમાયુનું અવસાન થયું. આથી ૧૩ વર્ષના અકબરને એ સમયે હુમાયુના મિત્ર 'બહેરામખાન' રાજ્ય વહીવટમાં મદદ કરતાં હતાં.

અને આ બહેરામખાનના પુત્ર તે "રહીમ દાસજી."

મુસલમાન હોવા છતાં તેમણે પોતાની રચનાઓમાં હિંદુત્વને સ્થાન આપ્યું છે જે તેમની ધર્મ નિરપેક્ષતાના દર્શન કરાવે છે. દિનકરજીના કથનાનુસાર, "અકબરે પોતાના દીન-ઈલાહીમાં હિંદુત્વને જે સ્થાન આપ્યું હશે, તેનાથી કંઈક ગણું વધું સ્થાન રહીમે પોતાની કવિતાઓમાં આપ્યું. રહીમના વિષયમાં એમ કહેવાય છે કે "તેઓ ધર્મથી મુસલમાન અને સંસ્કૃતિથી શુદ્ધ ભારતીય હતાં."

આવા કલમ અને તલવારના ધણી તરીકે, માનવપ્રેમના સુત્રધાર તરીકે જાણીતા કવિશ્રી રહીમ દાસજીના દોહા માણીએ.

★ *બિગરી બાત બને નહીં, લાખ કરો કિન કોય*
*રહિમન ફાટે દૂધ કો, મથે ન માખન હોય"*

રહીમ દાસજી કેટલી મોટી વાત કહે છે કે, તમે સમજી વિચારીને વ્યવહાર કરો કારણકે એક વખત વાત બગડી ગઈ તો ફરીથી બનાવવી ખૂબ મુશ્કેલ છે. ખૂબ સરસ ઉદાહરણથી તેઓ સમજાવે છે કે, એકવાર દૂધ ફાટી જાય પછી તેમાંથી માખણ બનતું નથી.

આવી જ વાત તેમણે પોતાના બીજા દોહામાં પણ કરી છે કે

***"રહિમન ધાગા પ્રેમ કા, મત તોરો ચટકાય***
***તૂટે ફિર ના જુરે, જુરે ગાંઠ પરી જાય."***

★ *"રહિમન દેખી બડેન કો, લઘુ ન દીજીએ ડારિ*
*જહાં કામ આવે સુઈ, કહા કરે તરવારિ."*

રહીમ દાસજી કલમ અને તલવાર બંને ઉપાડતાં. એટલે આ શબ્દ પણ તેમની રચનાઓમાં આવે છે. કેટલું સરસ કહે છે કે, મોટી વસ્તુઓને જોઈ ક્યારે નાની વસ્તુઓ ફેંકી ન દેવી જોઈએ કેમ કે જ્યાં સોય કામ આવે ત્યાં તલવાર શું કરી શકે...?

★ *"જો રહીમ ઉત્તમ પ્રકૃતિ, કા કરી સકત કુસંગ*
*ચંદન વિષ વ્યાપે નહીં, લિપટે રહત ભુજંગ."*

આપણે કાયમ બોલતા હોઈએ છીએ કે, "સંગ તેવા રંગ." આ બાબતને રહીમદાસજી અહીં ખોટી પાડે છે. તેઓ કહે છે કે જે મનુષ્ય પહેલાંથી ખૂબ સારા સ્વભાવના છે એના પર કોઈ ખરાબ સોબત અસર નથી પાડી શકતી. કદાચ એટલે જ ઝહેરીલાં સાપ સાથે રહેવા છતાં પણ ચંદનમાં ઝેર આવી જતું નથી...

★ *"બડે કામ ઓછો કરૈ, તો ન બડાઈ હોઈ*
*જ્યાં રહીમ હનુમત કો, ગિરિધર કહે ન કોઈ."*

રહીમ દાસજીની આ રચનામા દૃષ્ટિપાત થાય છે કે એમણે આપણા હિંદુશાસ્ત્રોનો પણ ઊંડો અભ્યાસ કર્યો છે. એમણે કેટલું સરસ કહ્યું છે કે, હનુમાનજી અને કૃષ્ણે બંને પર્વતો ઉઠાવ્યા હતાં છતાં પણ શ્રી કૃષ્ણને "ગિરિધર" નું બિરૂદ મળ્યું કારણ કે શ્રીકૃષ્ણે આખા નગરની સેવા માટે આ કામ કર્યું હતું.

રહીમદાસજીના આવા તો અનેક દોહા છે પણ સ્થળ સંકોચના કારણે મારે અટકવું પડે છે.

આપણી પેઢીને આપણા આવા કવિઓ, સંતો, એમની રચનાઓથી પરીચિત કરાવીએ એટલી અપેક્ષા, આશા...

બસ આપણો આ ભવ્ય વારસો લુપ્ત ન થઈ જાય એ પહેલાં જાગી જઈએ. ■

મીતા'સ કોર્નર

# સબસે ઊંચી પ્રેમ સગાઈ

**મીતા એન. સોલંકી**

હેપ્પી ન્યુ ઈયર, ઓલ ફ્રેન્ડસ!

સમગ્ર જગત સંબંધોના તાણાવાણાથી બંધાયેલું છે. સામાજીક જીવનમાં મોટાભાગે લોહીના સંબંધો અને સ્નેહના સંબંધો વચ્ચે જીવન જીવાતું હોય છે.

તમામ માનવ સંબંધો મૂળભૂત રીતે ઋણાનુબંધ આધારીત હોય છે.

સુંદર વાક્ય વાંચેલું કે : "અજાણ્યા જેવુ કશું હોતું નથી જગતમાં. જે છે એ બધું હજી ન બનેલા મિત્રોજ છે!"

વર્ષાથી આ પ્રશ્નો ચર્ચાતા રહે છે કે લોહીના સંબંધ અને સ્નેહના સંબંધોમાં ચડિયાતું શું? જો કે સરખામણી યોગ્ય નથી કારણ કે બન્નેનું કૂળ અને મૂળ અલગ છે! લોહીના સંબંધ વારસામાં મળે છે, જ્યારે સ્નેહના સંબંધો પસંદગીથી સ્થાપવામાં આવ્યા હોય છે. જેથી અનુકુળ અને આનંદદાયક જોવા મળે છે.

લોહીના સંબંધોથી દાઝેલા લોકોના મોઢે આ વાક્ય પ્રચલિત થયું છે કે – 'સગા હોય, એ વ્હાલા ન હોય. વ્હાલા હોય, એ સગા ન હોય!' જો કે મને આ તારણ અતિશયોક્તિભર્યું લાગે છે. દરેક કેસમાં આ તારણ સાચું ન હોય પરંતુ જયારે સગા દગો દે છે ત્યારે સ્નેહ હૂંફ આપે છે. માલિકીભાવ, સ્વાર્થ, ગણતરી અને ઈર્ષ્યાના તત્ત્વ દાખલ થાય ત્યારે સંબંધ ઉષ્મા ગુમાવે છે.

'ઓશો' ની વાત છે કડવી પણ એ કહે છે કે 'જે પ્રેમ માંગે છે તેને ક્યારેય પ્રેમ મળી શકે નહિ. જે પ્રેમ વેચે છે એને જ પ્રેમ મળે છે!' પ્રતિધ્વનિના સિદ્ધાંત પર આખું જગત ચાલે છે. જે આપો, એ મળે છે.

લોહીના સંબંધો ઘનિષ્ઠ હોય છે જલદી તૂટતા નથી. સર્જન મેડિકલ આચારસંહિતા મુજબ પોતાના લોહીના સગાનું ઑપરેશન કરી શકતા નથી.

બે વિરોધાભાસી કહેવત સાંભળી હશે કે 'ડાંગ મારીયેથી પાણી જુદું ન પડે.' તો બીજી તરફ 'આંગળીથી નખ વેગળા તે વેગળા.' આ ઉક્તિ ઘણી વખત ખોટી સાબિત થતી હોય છે.

કોઈ મા-બાપને વૃદ્ધાશ્રમમાં મોકલી દે છે. એજ રીતે કોઈ વૃદ્ધોની સેવા પણ કરે છે. તો કયો સંબંધ ઊંચો સાબિત થયો? સ્નેહનો જ.

સગા ભાઈ-બહેનના સંબંધો બગડે. પતિ કરતાં પ્રેમીકા વધુ ગમતી હોય! છૂટાછેડા લઈ ફરી એજ જગ્યાએ સાથે લગ્ન કરનારાને શું કહેવું! સાળીને ઘરવાળી બનાવનાર બનેવી કે સગી બહેનનું ઘર ભાંગનાર બેને કયો સંબંધ મહત્ત્વનો ગણ્યો? સ્નેહનો જ ને?

આમાં કોનો કેટલો વાંક?

સંબંધોના સમીકરણો એટલા બધા અટપટા છે કે તેનુ એનાલિસીસ કરીને થાકી જશો કે આમ કેમ થયું? એનો જવાબ નહીં જડે.

બધી માથાકૂટ છોડીને સંબંધોનો સીધો અર્થ કાઢતા વાક્યની સીક્સર :

*"સબસે ઊંચી પ્રેમ સગાઈ"*

## HAPPINESS

Happy times are here again,
Not because situations have altered;
or not because hopes have emerged,
But because, I have decided to be happy;
I've decided to move with a happy spirit.

I see light; I see life,
I see fulfillment; I see the new path.

Everything around is the same,
Same people; same circumstances.
But something has faded;
Dark corner of my heart has faded;
Situations that layed me down have faded.

I permit miracles to unleash,
I permit the Universe to work for me
Cuz now, I've pushed myself towards my passion;
And I'm on an eternal journey!

Nothing can bring me down,
Not even their continuous efforts to backstabb me;
Not even identified problems;
And not even a single particle of Universe can lay me down.

Because, journying through happiness is satisfying,
Though the distance travelled is Infinity!
And the time taken, Eternity!

***Muskan Ketan Soni***
***Bhuj (Kutch)***
***(Std.-12)***

# મનની શક્તિનો વિકાસ

કિરણબેન સોની - રાયપુર

આપણે સૌ જાણીએ છીએ કે... જ્યારે બાળક જન્મે છે ત્યારે એ આ દુનિયા અને પ્રકૃતિથી અજાણ હોય છે. પણ જયારથી એ આંખ ખોલે ત્યારથી તેનામાં શીખવાની પ્રવૃત્તિ જોવા મળે છે. ધીરે ધીરે બાળક સ્પર્શ, ગંધ, સ્વાદ, જોવું, સાંભળવું, ચાખવું, હલાવવું આવી ક્રિયાઓથી શીખવાની કોશિશ કરે છે. અને આમ જ એની ઉત્સુકતા વધવાથી પ્રાકૃતિક રીતે જ એના મસ્તિષ્કનો વિકાસ થાય છે.

આમ તો દરેક વ્યક્તિનો પોતાનો માનસિક દૃષ્ટિકોણ અને અભિગમ જુદા જુદા હોય છે અને અભિવ્યક્ત કરવાની પોતાની આગવી રીત હોય છે. પોતાની સમજ બુદ્ધિનો ઉપયોગ કરીને પોતાનો દૃષ્ટિકોણ અને અભિગમ બીજાની સામે પ્રસ્તુત કરે છે. અને આ સમજ, બુધ્ધિ અને દૃષ્ટિકોણ બાળપણનાં જ કરેલાં અનુભવો પર વિકસિત થયાં હોય છે.

પ્રાચીનકાળથી લોકો આવી દૃશ્ય પધ્ધતિનો પ્રયોગ માહિતી મેળવવા, સમજશક્તિ વધારવા અને પ્રતિનિધિત્વ કરવા અને આયોજન કરવા માટે કરે છે. વર્ષોથી આપણે કોઈ પણ વસ્તુનો રૂપ, રંગ, સ્વાદ, ગંધની સાથે આપણી જોડાયેલી સંવેદનાઓને યાદ કરતા હોઈએ છે. અને એ વસ્તુનો નામ લેતાં જ એ વસ્તુની બધી ખૂબીઓ પ્રાકૃતિક રીતે જ આપણા મસ્તિષ્કમાં, સંવેદનાઓ સાથે જોડાઈને યાદ આવે છે એના માટે મસ્તિષ્ક પર વધારે જોર નથી કરવું પડતું. ઉદા. : જેમકે (કોઈ ફળ) કેરી. આનું નામ લેતા જ, કેરી, રૂપ રંગ સ્વાદ, ગંધ અને આપણી સંવેદનાઓ આપણે કલ્પી લઈએ છીએ. નામ સાંભળતા જ મોઢામાં પાણી આવે છે. કેમકે આપણે એ ફળને જોયું. ચાખ્યું અને માણ્યું છે.

આમ જ Mind - Map એક ટેકનિક છે જે આપણા મસ્તિષ્કની ઊર્જાનો, વિચાર અભિવ્યક્ત કરવામાં આપણી મદદ કરે છે. આ એક એવી સશક્ત ગ્રાફિક ટેકનિક છે, જે મસ્તિષ્કની ક્ષમતાને ખોલવા માટે એક સાર્વભૌમિક ચાવી પ્રદાન કરે છે.

આ ટેકનિકના પ્રણેતા ટોની બુઝાન અને બેરી બુઝાન છે. એમણે માઈન્ડ મેપની પરિકલ્પના બનાવી અને વ્યક્તિના વિચારવા અને શીખવાની ગતિ અને ક્ષમતા વધારી શકે એવી ટેકનિકનું પ્રારૂપ તૈયાર કર્યું. આવો જાણીએ શું છે આ ટેકનિક?

આપણું મસ્તિષ્ક કમ્પ્યુટરથી પણ વધારે ઝડપી છે. પણ દરેક વ્યક્તિ એનો માત્ર ૧૦ થી ૩૦% જેટલો જ ઉપયોગ કરી શકે છે. કેમ કે આપણું શરીર, મન અને બુદ્ધિ વચ્ચે એક સામ્યતા સ્થપાતી નથી. એમાં એકાગ્રતાની કમી, સ્વભાવ અને આદતો અને રોજિંદા શારિરીક અને માનસિક કાર્યો અને તણાવની વચ્ચે આપણા આઈડિયાને ક્રમવાર બેસાડી શકાતા નથી અને એ આઈડિયાને જરૂરી એવું દરેક પાસું આપણે વિચારી શકતા નથી અને કોઈપણ આઈડિયામાં કે પ્રયોગમાં જો એકપણ પાસું કમજોર હોય તો Idea Flop થવામાં વાર નથી લાગતી.

આ જ ક્ષમતાને ક્રમવાર આપણા Mind Map મસ્તિષ્કમા જગ્યા આપે છે. આપણે જાણતા સમજતા અથવા અચેતનરૂપથી પ્રત્યેક દૃશ્ય, ધ્વનિ, સ્વાદ, ગંધ અને સંવેદનાને ગ્રહણ કરતા હોઈએ છીએ.

Mind Map : આ જે બધી જાણકારીઓનો ઉપયોગ કરીને આપણા મસ્તિષ્ક માટે એક ચિત્ર તૈયાર કરે છે. જેને યાદ કરવામાં સરળ પડે છે અને ચિત્રને અનુક્રમ અને વર્ગીકરણો દ્વારા આપણા વિચારોને એક ગતિ આપે છે.

આ ટેકનિક બાળકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઓફિસવર્ક અથવા બિઝનેસ કરતા દરેકને માટે ઉપયોગી છે.

વિદ્યાર્થીઓ જો પોતાની તર્કશક્તિથી પ્રોબ્લેમ સોલ્વ કરી શકે તો ભવિષ્યમાં પણ એ જ તર્કશક્તિ અને બિઝનેસ કરવામાં પણ કામ આવી શકે.

- **માઈડ મેપની સંરચના :**

વ્યક્તિનો વ્યાપક બૌધ્ધિક શક્તિને નિયંત્રિત રાખવા અને પ્રયોગમાં લાવવા માટે Mind Map માં અનુક્રમ અને વર્ગીકરણનો ઉપયોગ કરીને સંરચના કરવામાં આવે છે. એના માટે

(૧) મૂલક્રમ

(૨) વિચારો *અને*

(૩) બેઝીક ઑર્ડરિંગ – આઈડિયાને સમજવું.

*અને પછી પોતાને નીચે પ્રમાણેના પ્રશ્નો પોતાની જાતને પૂછવા*

(૧) કઈ જાણકારી જોઈએ? (Basic Idea)

(૨) મારો નિશ્ચિત લક્ષ્ય શું છે?

(૩) શું કામ? ક્યાં? કેમ? કોણ? શું? કયો? કેવી રીતે? ક્યારે?


આ પ્રશ્નોને વર્ગીકરણ કરી શાખાઓના રૂપમાં, નીયોજીત રીતે આકાર આપવામાં આવે છે.


પછી એ Basic Idea પર વિચારતા મગજમાં ચાલતાં સૌથી પહેલા દસ શબ્દો લખીને એક બિંબ બનાવાય છે. અને પછી સામાન્ય શિર્ષકના અંતર્ગત આવતા એ શબ્દોમાંથી કોને જોડી શકાય? એ વિચારો સાથે Mind Map ને શિર્ષક, અનુક્રમ અને વર્ગીકરણ કરી શાખાઓનું નિર્માણ કરવામાં આવે છે.

દરેક શાખાને કોઈ એક કલર અને શબ્દો દ્વારા એક આકૃતિ બનાવવામાં આવે છે, જે ધીરે ધીરે કરોળિયાના જાળા જેવી દેખાય છે અથવા Map આકારની દેખાય છે. આ Map સુનિયોજીત અને સારા દેખાવવાળી મનને ગમતી, દૃશ્યોને સારી રીતે દેખાડતી હોવી જરૂરી છે.

જેમ સારા અક્ષરો આપણને વાંચવા ગમે છે અને મસ્તિષ્ક પર જોર લગાવવું પડતું નથી એમ જ સારા પ્રાકૃતિક દશ્ય, આકૃતિઓ આપણા મગજને યાદ કરવા સરળ પડે છે. એ યાદ રાખવું.

ઉદા. તરીકે આપણે Happiness ના વિષયમાં વિચારીએ. મૂળ શબ્દ Happiness આપણો મૂળ વિષય બને છે. (જુઓ ચિત્ર-૧)







એ પછી ખુશ રહેવાના કારણો અને એ પછી ખુશી મેળવવાની તકનિકો. (જુઓ ચિત્ર ૨)

એના દરેકના કારણોને વર્ગીકરણ કરી જોડતા જવું. આ જ ચિત્રને આગળ વધારી એનો સંબંધ કઈ વસ્તુથી હોઈ શકે. એના કારણો લખવાના.

આમ Happiness વિષય પર વિસ્તૃત વિવરણ તૈયાર થશે.(જુઓ ચિત્ર ૩)




અને આ વિષય પર આપણી સ્મરણશક્તિ વધારે પરિષ્કૃત અને શક્તિશાળી બનતી જશે.

આપણી સ્મરણશક્તિ એક ઉત્પ્રેરણ પ્રક્રિયા દ્વારા કામ કરે છે. જે સંયોજનોના માધ્યમથી શબ્દ અને એનાથી જોડાયેલા અન્ય શબ્દો સુધી ફેલાય છે.

આમ ધીરે ધીરે મનમાં એક આકૃતિ બનતી જશે અને પછી આપણા દિમાગ પર જોર લગાવ્યા વગર એક પછી એક શબ્દો અને વિચારોનાં સંયોજનનું જાળ તૈયાર થશે. આકૃતિને પેનથી કાગળ પર બનાવો (ઉતારો) અને સામે રાખીને યાદ કરો. દસ દિવસ પછી ફરીવાર પેલી આકૃતિ પર ફક્ત એક નજર નાખો અથવા Happiness ના કારણોનો વર્ગીકરણ કરી આકૃતિ બનાવો. તમારા આશ્ચર્યની વચ્ચે આ પૂરી આકૃતિ તમે ફરીથી બનાવી લેશો.

- **માઈન્ડ મેપ બનાવવાના નિયમો :**

(૧) વિષયવસ્તુનું મહત્ત્વ દર્શાવવા શબ્દો અને ચિત્રોનો પ્રયોગ કરવો

(૨) હંમેશા એક જ કેન્દ્ર બિંદુ (બિંબ) નો પ્રયોગ કરવો

(૩) એકથી વધુ રંગોનો પ્રયોગ કરવો. લાઈનની ઉપયોગિતા અને મહત્ત્વ દર્શાવવા માટે એને જાડી કે પાતળી બનાવો અને સંબંધો દર્શાવવા તીરનો પ્રયોગ કરો.

(૪) અનિવાર્ય સંકેત શબ્દો લખવા અથવા ચિત્રોનો પ્રયોગ કરવો. ઉદા. Happiness માટે Smilyનો પ્રયોગ, વિ.

(૫) સહ સંવેદનોનો પ્રયોગ કરવો.
ઉદા. દરેક વસ્તુને દશ્ય, રૂપ, રંગ, ગંધ સ્વાદ અથવા આપણી એ વસ્તુ સાથે જોડાયેલી સંવેદનાનો પ્રયોગ ચિત્ર સાથે કરવો. જેમ કે સૂરજની ગરમી માટે વરાળ અથવા પસીનો.

(૬) અનુક્રમ અને સંખ્યાક્રમનો પ્રયોગ કરવો.

(૭) સૌથી જરૂરી, આ ચિત્ર સ્પષ્ટ અને પ્રિન્ટીંગ કરેલા ચિત્ર જેવો દેખાય.

જેના માટે તમારે એકથી વધારે Mind Map ચિત્રો બનાવવાની મહેનત લાગશે. પરંતુ જ્યારે તમે આ કામમાં એકદમ જ માહિર થઈ જાઓ તો એક જ વારમાં સારી રીતે Mind Map બનાવી શકશો.

- **Mind Map ના લાભો :**

(૧) નોટ્સ બનાવવામાં બચતો સમય

(૨) નીરસ, Boring નોટ્સની અપેક્ષા, જોવામાં ઉત્પ્રેરિત કરવાવાળાં, બહુરંગી અને બહુઆયામી માઈંડ-મેપને ગ્રહણ અને યાદ કરવા મગજને માટે સરળ અને રસપ્રદ હોય છે.

(૩) વાસ્તવિક મુદ્દાઓ પર એકાગ્રતામાં વૃદ્ધિ થાય છે.

(૪) શીખવાની ગતિ અને ક્ષમતાનો વિકાસ થાય છે.

(૫) સ્મરણ શક્તિ વધે છે.

(૬) રચનાત્મક ક્ષમતા અને વિચારોનો ભરપૂર વિકાસ થાય છે.

(૭) કોઈપણ વિષયવસ્તુને એના દરેક પાસા પર વિચારવા અને એને ક્રમવાર બેસાડવામાં મદદ મળે છે.

(૮) નિર્ણય લેવાની ક્ષમતા ઝડપી બને છે. મસ્તિષ્કની કાર્ટિકલ ક્ષમતાઓનો લગાતાર ઉપયોગ કરવાથી મસ્તિષ્ક સતર્ક અને ગ્રહણકારી બને છે. જેનાથી આપણી કલાત્મક નિપુણતાનો વિકાસ થાય છે.

(૯) Mind Map ના ઉપયોગથી દ્રઢ નિશ્ચય અને આત્મવિશ્વાસ જેવા ગુણ સ્વાભાવિક રીતે આવતા જાય છે જેનો ઉપયોગ પ્રભાવશાળી રીપોર્ટ અને Presentation તૈયાર કરવામાં મદદ મળે છે. ■

Youth Corner

# Failure.... is the Stepping Stone to "Success"

**Palak Barmeda - Raipur**

Failure is one of the toughest things to deal with and happens so frequently in life. On various levels, that learning to deal with it can aid how we approach all types of endeavour. No one likes experiencing failure, but every attempted goals includes the possibility of failure as well as that of success.

To grow, we must keep reaching out for these new experiences. Failure feels so bad because it directly affects our ego and sense of identity in relation to the world around us.

Failure can make us feel ineffective, inadequate and isolated. A person who had fail feel like nothing will happen good with them now and they get deppressed feel irritated at any point of discussion. But let me tell that this stage of failure is only temporary and will pass.

Try to take advantage of failure by analyzing what would have done differently and rest assured that you will never suffer the same failure again. Try to find your inner talent, do something which makes you happy. It is not necessary that educated person only get respect and success. A talented person also get the same dignity and respect. Many of students get fail in exams and get deppressed but that is not the time to get deppressed. It is the time when you get up and show the world that what if you fail in exam, you still have that spirit to do something. Show the world that you have talent and you can prove yourself.

Understanding our failures is a key component in dealing with them and being able to move on to new goals and projects.


Throughout the life much of what we experience is based on what we have experienced in the past.

If we take the time to think more about success than failure, we will find more success than failure in our daily lives.

If we remember that failure is just a lesson that was too big to learn with success, we all realize that everything in life is about learning.

I want to encourage you to keep going on whatever you are striving.

If you get "knocked down" get back up again like all of these other famous people. Show them that it takes a lot of "failures" to get what you want.







Just a little message — "If you fail, never give up HOPE." ■

---

In my childhood, I used to go to the temple with my Grandma. The temple had flights of stairs. I used to ask her why can't they build the temple on the ground? Why do you have to climb the stairs at each and everyday temple?

The answer she gave me was interesting. She said you need to rise above your level in terms of:

***YOUR ENVY, YOUR GREED, ANGER, EGO AND ALL EVIL PARTS OF YOUR LIFE. IT ALSO SUGGESTS THAT YOU HAVE TO CLIMB THE STEPS ONE BY ONE. YOU CAN'T JUST JUMP OFF FROM FIRST STEP TO LAST STEP. THAT IS THE CYCLE OF LIFE. ONCE YOU CONQUER THIS ASPECTS, YOU REACH TOWARDS YOUR INNER CORE SELF.***

May this message be our guiding force.

***Prashant S. Bijlani - Ahmedabad***

# સામાન્ય જ્ઞાન

**સંકલન : પ્રફુલ્લ કંસારા**



*હાલના સ્પર્ધાત્મક સમયમાં દરેક વિદ્યાર્થીને સામાન્ય જ્ઞાનથી માહિતગાર થવું જરૂરી છે. તેનું વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખૂબ મહત્ત્વ છે. સમાજના વિદ્યાર્થીઓને સામાન્ય જ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે હેતુથી 'સામાન્ય જ્ઞાન'નો આ વિભાગ શરૂ કરવામાં આવે છે. નખત્રાણાના શ્રી પ્રફુલભાઈ કંસારાએ વિવિધ માહિતીનું સંકલન કરેલ છે, જે અહીં પ્રસ્તુત છે. આશા છે, 'જ્ઞાતિસેતુ'ના વાચકોને ઉપયોગી જણાશે.*

*– અતુલ સોની*

**૧.** કયા વર્ષે સ્વામી વિવેકાનંદે શિકાગો શહેરમાં ભરાયેલા વિશ્વ ધર્મ પરિષદમાં હાજરી આપી હતી?
(૧) ૧૮૯૨ (૨) ૧૮૯૩ (૩) ૧૮૯૪ (૪) ૧૮૯૮

**૨.** પુષ્કર નામનું સરોવર ક્યાં આવેલું છે?
(૧) રાજસ્થાન (૨) ઉત્તર પ્રદેશ
(૩) પંજાબ (૪) જમ્મુ અને કાશ્મીર

**૩.** કેટલામા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણના આમુખમાં સુધારો કરવામાં આવ્યો?
(૧) ૧૨મા (૨) ૪૨મા (૩) ૪૧મા (૪) ૭૨મા

**૪.** ભારતમાં સામાન્ય વીમાનું રાષ્ટ્રીયકરણ કઈ સાલમાં થયું હતું?
(૧) ૧૯૭૦ (૨) ૧૯૬૫ (૩) ૧૯૭૧ (૪) ૧૯૮૦

**૫.** ગુજરાતમાં પંચાયતી રાજ ક્યારે શરૂ થયું?
(૧) ૧લી મે, ૧૯૬૦ (૨) ૨૬મી જાન્યુ., ૧૯૬૧
(૩) ૧લી એપ્રિલ, ૧૯૬૩ (૪) ૧લી મે, ૧૯૬૩

**૬.** આયોજન પંચની રચના ક્યારે થઈ?
(૧) ૧૫-૩-૧૯૫૦ (૨) ૧૫-૩-૧૯૪૯
(૩) ૫-૪-૧૯૬૦ (૪) ૧૦-૩-૧૯૪૮

**૭.** ચંદ્ર ઉપરથી જો આકાશ જોવામાં આવે તો કેવું લાગે?
(૧) સફેદ (૨) વાદળી
(૩) કેસરી (૪) કાળું

**૮.** પ્રકાશવર્ષ એ શેનો એકમ છે?
(૧) સમય (૨) દળ
(૩) અંતર (૪) પ્રકાશની તીવ્રતાનો

**૯.** ભારતીય મિસાઈલ કાર્યક્રમના પિતા કોને ગણવામાં આવે છે?
(૧) ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ (૨) કે. કસ્તુરીરંજન
(૩) આર. ચિદમ્બરમ્ (૪) કોઈ નહીં

**૧૦.** "સેતાનીક વર્સીસ"ના લેખક કોણ છે?
(૧) વિજય તેન્ડુલકર (૨) વિક્રમ શેઠ
(૩) સલમાન રશ્દી (૪) ખુશવંતસિંહ

**૧૧.** ૮ માર્ચનો દિવસ કયા દિવસ તરીકે ઉજવાય છે?
(૧) રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (૨) આંતરરાષ્ટ્રીય મહિલા દિન
(૩) વિશ્વ સ્વાસ્થ્ય દિન (૪) વિશ્વ પર્યાવરણ દિન

**૧૨.** આપણા દેશમાં લીડ બેંકની યોજના ક્યારે શરૂ થઈ?
(૧) ૧૯૭૧માં (૨) ૧૯૭૫માં
(૩) ૧૯૫૫માં (૪) ૧૯૬૫માં

**૧૩.** મહાનગરપાલિકાનો મુખ્ય વડો કોણ હોય છે?
(૧) સચિવ (૨) કમિશનર
(૩) ડેપ્યુટી મેયર (૪) મેયર

**૧૪.** કેટલામા બંધારણીય સુધારા દ્વારા મતદાન અધિકારની વયમર્યાદા ૨૧થી ઘટાડીને ૧૮ કરવામાં આવી?
(૧) ૬૧ (૨) ૫૧ (૩) ૭૧ (૪) ૬૨

**૧૫.** ગુજરાતનું પ્રસિદ્ધ હમીરસર તળાવ કયા શહેરમાં આવેલું છે?
(૧) અંજાર (૨) પાટણ
(૩) સુરત (૪) ભુજ

**૧૬.** ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ કયા વિસ્તારમાં નોંધાય છે?
(૧) ઉત્તર ગુજરાત (૨) દક્ષિણ ગુજરાત
(૩) સૌરાષ્ટ્ર (૪) કચ્છ

**૧૭.** સાબરમતી આશ્રમમાં 'હૃદયકુંજ'નું શું મહત્ત્વ હતું?
(૧) પ્રાર્થના સભા હોલ (૨) ગાંધીજીનું નિવાસ સ્થાન
(૩) ગાંધીજીનું સભા સ્થળ (૪) રેંટિયો કાંતવાનું સ્થળ

**૧૮.** બંગાળના ભાગલા ક્યારે રદ કરવામાં આવ્યા હતા?
(૧) ૧૯૦૯ (૨) ૧૯૧૧ (૩) ૧૯૦૫ (૪) ૧૯૦૭

**૧૯.** નીચેનામાંથી કયા ક્રાંતિવીર આધ્યાત્મિક બની ગયા?
(૧) સુબ્રમણ્યમ સ્વામી (૨) ગોખલે
(૩) સાવરકર (૪) અરવિંદ ઘોષ

**૨૦.** નીચેનામાંથી કયા ગ્રહની કક્ષા પૃથ્વી કરતા નાની છે?
(૧) શુક્ર (૨) મંગળ (૩) ગુરૂ (૪) શનિ

**૨૧.** આપણા શરીરનો મૂળભુત એકમ કયો?
(૧) લોહી (૨) મજ્જા (૩) કેશવાહિની (૪) કોષ

**૨૨.** ધ્વનિની તીવ્રતા માપવાનો એકમ કયો?
(૧) હર્ટ્ઝ (૨) ડેસીબલ
(૩) રોજન (૪) ઓંગસ્ટ્રોમ

**૨૩.** લોકનાયકનું બિરૂદ કોણે મેળવ્યું હતું?
(૧) ગાંધીજી (૨) સરદાર
(૩) ઇંદુલાલ યાજ્ઞિક (૪) જયપ્રકાશ નારાયણ

**૨૪.** ૧૯૮૪માં ઘટેલી ભોપાલ ગેસ દુર્ઘટના કયા ગેસ સાથે સંબંધિત હતી?
(૧) કાર્બન ડાયોક્સાઈડ (૨) ક્લોરીન
(૩) મિથેન (૪) મિથાઈલ આઈસોસાયનેટ

**૨૫.** ખ્વાજા મોઈનુદ્દીન ચીશ્તીની કબર ક્યાં આવેલી છે?
(૧) સુરત (૨) અજમેર
(૩) જયપુર (૪) જોધપુર

**(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.)**

## વેરીકોઝ વેઈન્સ

**(અનુસંધાન : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)**

શકે છે અને પોતાનું કામ પણ કરી શકે છે. અલબત્ત ઓપરેશન બાદ ડોક્ટરની ભલામણ મુજબ દર્દીએ મોજા (સ્ટોકીંગ) ચાર કે પાંચ દિવસ પહેરવા પડે અને કાયમ માટે હળવી કસરત અને ૩૦થી ૪૦ મિનિટ સવાર-સાંજ ચાલવું જોઈએ. આ બાબત ડોક્ટર જરૂરી સુચના આપશે.

એક અગત્યની વાત. સંતતિ નિયમન માટે મહિલાઓ લાંબા સમય માટે ગર્ભ નિરોધક ગોળીઓ લેતી હોય છે. આ ગોળીઓ માટે ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન હોવું જરૂરી છે. ગર્ભ નિરોધક ગોળીઓમાં ઇસ્ટ્રોજન નામના હોર્મોન રહેલા છે, વળી આ પ્રકારની ગર્ભ નિરોધક ગોળીઓ, લોહીના પરિભ્રમણને સતત કાર્યરત રાખવા વાલ્વને જો આડ અસર કરે તો શરીરના અંગોમાં લોહીની હેરફેરમાં ખલેલ પહોંચી શકે. આથી સ્ત્રીઓ માટે વરીકોઝ વેઈન થવાના જોખમ નકારી ન શકાય. માટે સંતતિ નિયમન માટે ઈચ્છા ધરાવતા પતિ પત્નીએ તેમના ડોક્ટરનો અભિપ્રાય લઈ સંતતિ નિયમન માટેના બીજા શ્રેષ્ઠ વિકલ્પો પસંદ કરવા જોઈએ.

*(સૌજન્ય : www.vikhow.com)*

*(આ બીમારીની માહિતી માત્ર જાણ માટે જ છે. આ બીમારી માટે તમારા ડોક્ટરની સલાહ અચૂક લેવી.)*

## સ્વાસ્થ્યવર્ધક શિયાળો

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

જમાનાના ગામડિયા જીવનમાં ખેતી, પશુપાલન વગેરે પ્રવૃત્તિ હોવાને લીધે વ્યાયામ આપમેળે થઈ જતો હતો. ગૃહિણીઓને ઘરકામ, ઝાડુ-પોતા લગાવવા, કપડા ધોવા, માથે બેડું ઉપાડવા, લીંપણ કરવા વિ.માં સારી એવી કસરત થઈ જતી. આજના આધુનિક યુગમાં માણસ જમીનથી છુટો પડી 'વ્હાઈટ કોલર' જોબમાં ઓફિસ ધંધાનું કામ સુમેળ રીતે કરે છે પરંતુ શ્રમના અભાવે બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, હાર્ટ પ્રોબ્લેમ જેવા રોગો સામાન્ય રીતે વધુ થતા જાય છે. શિયાળામાં વહેલી સવારે ઉઠીને નિયમિત વ્યાયામ કે યોગાસન કરવાથી આપણા શરીરમાં એક અનોખી ઉર્જાનો સંચાર થાય છે, લોહી ફરતું થાય છે અને તેના લીધે રોગ પ્રતિકારક શક્તિ પણ વધે છે. કસરત કરવાથી –

★ આખા શરીરની કામ કરવાની ક્ષમતા વધે છે.

★ હૃદયમાં લોહીનું પમ્પિંગ વધવાથી નવી નવી ધમનીઓ વિકસે છે અને તે કુદરતી બાયપાસ તરીકે કામ કરે છે.

★ કસરતને કારણે ઓછા ઈન્સ્યુલીને લોહીના ગ્લુકોઝ પર નિયંત્રણ આવે છે અને ડાયાબિટીસ થવાની શક્યતા ઘટે છે.

★ નિયમિત કસરત કરવાથી વજન નિયંત્રણમાં રહે છે.

★ નાનપણથી શ્રમ અને જુથ રમતોથી બાળકોમાં સમૂહ ભાવના વધે છે.

કસરત કરવી એમાં માત્ર દૈનિક વ્યાયામ જ નથી પરંતુ બેડમિન્ટન, ટેનીસ, ક્રિકેટ, સ્વિમિંગ જેવી રમતોનો પણ સમાવેશ થાય છે. ઘરકામ અને ઓફિસ કામમાં નવરાશના સમયે ગરદન હલાવવી, હાથપગને હલાવવા, ઉઠબેસ કરવાવાળી પ્રવૃત્તિ કરવી વગેરે રોજીંદા જીવનમાં વણવાથી શારીરિક શ્રમ થાય છે, જે ખૂબ જ સ્વાસ્થ્યવર્ધક છે.

અને આમ શિયાળો અનેક રીતે સ્વાસ્થ્યવર્ધક છે. અને આદુ મસાલાવાળી ચા પીતા પીતા "જ્ઞાતિસેતુ" માટે લેખ લખ્યો – જે આનંદદાયક છે. ■

*ઘડિયાળના કાંટાને તમે અટકાવી શકો નહિ પરંતુ હા તમે પદ્ધતિસરના આયોજનથી સમયનો મહત્તમ ઉપયોગ કરી શકો. સમયનો જે મહત્તમ ઉપયોગ કરી જાણે છે તે જ સફળ છે, તે જ સુખી છે.*

***– ટેનિસન***

# આરોગ્ય વીમો

પ્રશાંત બીજલાણી - અમદાવાદ



*અમદાવાદ જ્ઞાતિના ખજાનચી, શ્રી પ્રશાંત બીજલાણી હાલમાં ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની (ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા)માં ફરજ બજાવે છે. તેમને જનરલ ઈન્સ્યોરન્સ અંગે બહોળો અનુભવ છે. હાલના સમયમાં સારવારનો ખર્ચ ખૂબ વધારે આવે છે ત્યારે મધ્યમ અને ગરીબ વર્ગને ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વિવિધ હેલ્થ ઈન્સ્યોરન્સ અને મેડિક્લેઈમ જેવી વીમા યોજનાઓથી આ મુસીબતમાં રક્ષણ મળી શકે છે.*

*પ્રસ્તુત લેખમાં શ્રી પ્રશાંતભાઈએ આ વિષયમાં માર્ગદર્શન આપેલ છે, તે વાંચકોને ઉપયોગી થશે તેવી આશા છે.*
**— અતુલ સોની**

આજકાલ દિવસે દિવસે જેમ જેમ મોંઘવારી વધતી જાય છે અને બીજી તરફ ખાનપાનની બાબતોમાં મિલાવટ - પરિણામ — અસંખ્ય અણધારી બીમારીઓ. સાથે સાથે મોંઘી થતી જતી તબીબી સારવારે સામાન્ય માણસને તકલીફમાં મૂકી દીધો છે.

આ વખતે આરોગ્ય વીમો સંકટ સમયની સાંકળનું કામ કરે છે. સામાન્ય નાગરીક એટલે કે નોકરીયાત તેમજ રોજીંદુ કમાનાર વર્ગ જ્યારે કોઈ બીમારીનો ભોગ બને છે ત્યારે તેની સારવાર પાછળ જે ખર્ચ થતો હોય છે તે આર્થિક રીતે તેમની કેડ ભાંગી નાખે છે. તેમના ઘરનું બજેટ ડિસ્ટર્બ થઈ જાય છે અને તેને ફરી પાટા પર આવતા ઘણો સમય લાગતો હોય છે.

આવા સંજોગોમાં આરોગ્ય વીમો જ એકમાત્ર વિકલ્પ છે, જેને દરેક પરિવારે અવશ્ય લેવો જોઈએ. પોતાના ઘરના બજેટમાંથી પણ ગમે તેમ કરીને આરોગ્ય વીમો લેવો હિતાવહ છે.

આરોગ્ય વીમો (હેલ્થ ઈન્સ્યુરન્સ પોલીસી) નીચે મુજબ મળી શકે છે : • વ્યક્તિગત મેડિક્લેઈમ પોલીસી અને • ફેમિલી ફ્લોટર પોલીસી.

**• વ્યક્તિગત મેડિક્લેઈમ પોલીસી :**

આ પ્રકારની પોલીસીમાં એક જ પોલીસી હેઠળ આવરી લેવાયેલ દરેક વ્યક્તિ માટે અલગ અલગ વીમાની રકમ હોય છે. દરેક વ્યક્તિ તે વીમાની મહત્તમ રકમની મર્યાદામાં રહીને, આખા વર્ષમાં ક્લેઈમ મેળવી શકતો હોય છે.

**• ફેમિલી ફ્લોટર પોલીસી :**

આ પ્રકારની પોલીસીમાં આવરી લેવાયેલ તમામ વ્યક્તિઓ માટે વીમાની રકમ એક જ હોય છે. એટલે કે આ રકમની મર્યાદામાં, પૂરા વર્ષ દરમ્યાન, ફેમિલીની કોઈ એક અથવા બધી વ્યક્તિઓ ક્લેઈમ કરી શકતી હોય છે.

ઉપરોક્ત બંને પ્રકારની પોલીસીમાં સામાન્ય બાબત એ છે કે તેમાં ફક્ત પરિવારની વ્યાખ્યામાં આવતા સભ્યો તેમજ ડિપેન્ડન્ટ સભ્યોનો સમાવેશ થાય છે.

બંને પ્રકારની પોલીસીઓ હેઠળ મળતા લાભ સમાન છે. ફરક માત્ર એટલો છે કે વ્યક્તિ મેડિક્લેઈમમાં દરેક વ્યક્તિની વીમાની રકમ અલગ હોવાથી ફેમિલી ફ્લોટર પોલીસીના પ્રમાણમાં પ્રિમીયમની રકમ વધુ આવે છે. માટે ફેમિલી ફ્લોટર પોલીસી લેવી વધુ હિતાવહ છે. ઉપરોક્ત બંને પોલીસીઓમાં ફક્ત બેઝીક તફાવત એ છે કે વ્યક્તિગત મેડિક્લેઈમ પોલીસી હેઠળ ક્લેઈમ રકમ પૂરેપૂરી મળવાપાત્ર થાય છે જ્યારે ફેમિલી ફ્લોટર પોલીસી હેઠળના ક્લેઈમમાં, દરેક ક્લેઈમ દીઠ પ્રથમ ૧૦% રકમ કપાઈ જાય છે અને બાકીની રકમ એટલે કે ૯૦% રકમ મળવાપાત્ર થાય છે.

મેડિક્લેઈમ પોલીસી પ્રથમ વર્ષે અમુક રોગો કવર કરે છે. પ્રથમ ૧ મહિનામાં બીમારીથી હોસ્પિટલાઈઝેશનનો ખર્ચ મળવાપાત્ર નથી. એટલે કે પ્રથમ વર્ષ દરમ્યાન ૧૧ મહિનાની પોલીસી મળે છે. તેમ છતાં પોલીસી લીધાના ૧ મહિનામાં જો અકસ્માતથી હોસ્પિટલમાં દાખલ થવું પડે તો તે ક્લેઈમ મળવાપાત્ર છે.

ત્યારબાદ બીજા વર્ષે પોલીસી જો સળંગ રીન્યુ કરવામાં આવે એટલે કે પ્રથમ વર્ષનો પૂરો થતો પોલીસી પીરીયડ અને બીજા વર્ષની પોલીસીનો શરૂ થતો પીરીયડ વચ્ચે કોઈ ગેપ ના હોય તો જ તે પોલીસીનું બીજું વર્ષ ગણાશે. બીજા વર્ષ દરમ્યાન ઉપરોક્ત પ્રથમ વર્ષ દરમ્યાન આવરી લેવાયેલા રોગો ઉપરાંત બીજી અન્ય બીમારીઓ પણ આવરી લેવાયેલ છે. કોઈપણ રોગ જો પોલીસી લેતા પહેલાનો સાબિત થાય તો ક્લેઈમ મળવાપાત્ર નથી.

આવી રીતે વીમેદાર જો પોલીસીના સળંગ (કોઈપણ વર્ષમાં બ્રેક વગર) ૪ વર્ષ પૂરા કરે એટલે કે ૪૮ મહિના પૂરા કરે તો ત્યારબાદ આવા વીમેદારને દરેક પ્રકારની બીમારી — પછી ભલે તે વીમો લીધા પહેલાની હોય તો પણ, માટેનો ક્લેઈમ મળવાપાત્ર થાય છે.

- **ક્લેઈમ કેવી રીતે કરી શકાય?**

જ્યારે કોઈ વીમેદારને હોસ્પિટલમાં દાખલ થવું પડે તો વીમા કંપનીને તેની લેખિતમાં જાણ કરવાની રહે છે. વીમેદારને જ્યારે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે ત્યારે ક્લેઈમ ફોર્મ ભરીને સારવારના તમામ કાગળો જેવા કે હોસ્પિટલનું બીલ, રીપોર્ટસ, દવાના બીલો, એક્સ-રે વગેરે જમા કરાવવાના હોય છે. વીમેદાર, પોતાની બીમારી માટે હોસ્પિટલમાં દાખલ થયાના ૧ મહિના પહેલા થયેલ ખર્ચ અને હોસ્પિટલમાંથી દાખલ થયાના ૬૦ દિવસ બાદનો ખર્ચ મેળવવા હક્કદાર હોય છે.

હવે ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંું. લી. (ભારત સરકારનું સાહસ) અને પંજાબ નેશનલ બેંક વચ્ચે એક સંધિ થયેલ છે, જે હેઠળ વીમેદાર પંજાબ નેશનલ બેંક દ્વારા બેંકમાં ખાતું ખોલાવીને પોલીસી મેળવી શકે છે. આ પ્રકારની પોલીસી રૂા. ૧ લાખથી ૫ લાખ સુધીની મળે છે. જે હેઠળ વ્યક્તિ પોતે – પતિ / પત્ની અને બે બાળકોનો સમાવેશ થાય છે. ઉપરોક્ત બંને પોલીસીઓ કરતાં સૌથી સસ્તી પોલીસી છે તેમ છતાં ઉપરોક્ત બંને પોલીસીઓ હેઠળ મળતા તમામ લાભો આ પોલીસી હેઠળ મળે છે. આ પોલીસી હેઠળ રૂા. ૫ લાખનું પ્રિમીયમ લગભગ રૂા. ૭૪૦૦/- (વાર્ષિક) આવે છે. જેમાં પરિવારના ચારેય સભ્યોનું રીસ્ક કવર થાય છે. આની સામે ઉપરોક્ત બંને પોલીસીમાં પ્રિમીયમ વધારે આવે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે આજે મેડિક્લેઈમ વીમો હોવો ખૂબ જ જરૂરી છે. અમારા અનુભવો પરથી પણ જણાવવાનું કે જો તમે મેડિક્લેઈમ પોલીસી ધરાવતા હો અને ડોક્ટરને આ વાતની જાણ થાય તો ડોક્ટરના વર્તન અને સારવારમાં પણ ઘણો જ ફરક પડી જતો હોય છે. એકવાર આપણી પાસે મેડિક્લેઈમ પોલીસી હોય અને હોસ્પિટલમાં દાખલ થતી વખતે જો પૈસા ના હોય તો નાણાંકીય મદદ કરનારા ઘણા મળી જતા હોય છે. કેમકે તેઓ જાણે છે કે અત્યારે મદદ કરીશું તો તેમના પૈસા ક્લેઈમ દ્વારા પાછા મળી જ જવાના છે. આમ ગંભીર બીમારીના સંજોગોમાં મેડિક્લેઈમ પોલીસી માત્ર હિંમત જ નથી આપતી પરંતુ એક તારણહારની ભૂમિકા પણ ભજવે છે.

***ઉપરોક્ત વિષયમાં વધુ જાણકારી મેળવવા શ્રી પ્રશાંત બીજલાનીનો સંપર્ક કરી શકાશે. મો. ૯૪૦૯૨૫૨૫૧૨***

## ‘જ્ઞાતિસેતુ’ના બે ગણમાન્ય કાર્યકરોની ગમગીન વિદાય

### સ્વ. કનુભાઈ બીજલાણી - અમદાવાદ



સ્વ. કનુભાઈ બીજલાણી અમદાવાદ જ્ઞાતિના ખૂબ નિષ્ઠાવાન અને કર્મઠ કાર્યકર હતા. તાજેતરમાં તા. ૧૫-૧૨-૨૦૧૫ના રોજ ૬૪ વર્ષની વયે તેમનું દુઃખદ અવસાન થયેલ છે. તેઓ મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યા બાદ નાની ઉંમરથી ઓટોમોબાઈલ વ્યવસાય સાથે સંકળાયેલ. તેઓશ્રી સમાજ અને કુટુંબ માટે સારા કાર્યો કરવા હંમેશાં તત્પર રહેતા. સ્વ. કનુભાઈ બીજલાણી અમદાવાદ જ્ઞાતિ મંડળની સ્થાપનાથી જ કારોબારી સમિતિમાં જોડાયેલ. સમાજના દરેક કાર્યમાં તેમનું મહત્ત્વનું યોગદાન રહેલ. જ્ઞાતિ મંડળના ખજાનચીપદે રહીને મહત્ત્વની જવાબદારીઓ પણ સંભાળેલ. તેઓ ‘જ્ઞાતિસેતુ’ પ્રકાશન અંગેની નાણાંકીય બાબતો માટે પણ સેવાભાવે કાર્ય કરેલ.

અમદાવાદ જ્ઞાતિ મંડળ તેમના શાંત, સૌમ્ય અને નિખાલસ સ્વભાવ અને સેવાકીય પ્રવૃત્તિને સદા યાદ કરશે. તેમના પરિવારમાં બંને દીકરાઓ પરીણિત છે અને પિતાશ્રીના કાર્યોને આગળ વધારવા તત્પર છે.

### સ્વ. હેમેન્દ્રભાઈ કંસારા - અંજાર



‘જ્ઞાતિસેતુ’ના સહતંત્રી કુ. એકતા કટ્ટાના પિતાશ્રી સ્વ. હેમેન્દ્રભાઈ કંસારાનું તા. ૨૪-૧૧-૨૦૧૫ ના રોજ અવસાન થયેલ છે. વર્ષ ૧૯૪૮માં જન્મેલ સ્વ. હેમેન્દ્રભાઈ વ્યવસાય અર્થે કેટલાક વર્ષો રાયપુર રહ્યા બાદ છેલ્લા વીસ વર્ષથી અંજાર સ્થાયી થયેલ. તેઓ ‘જ્ઞાતિસેતુ’ના પ્રકાશનના શરૂઆતના વર્ષથી જ અંજાર ખાતે માનદ્ સહયોગી તરીકે સેવાકાર્યમાં જોડાયેલ. આ મુખપત્રનો વ્યાપ વધારવામાં તેમનું મહત્ત્વનું યોગદાન રહેલ છે. તેમની ચીર વિદાયથી કુ. એકતા કટ્ટા અને તેમના પરિવારને પડેલ ખોટ સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને સદ્ગતના આત્માને પ્રભુ ચીર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

# આરોગ્ય વીમા અંગે વિશેષ જાણકારી

અતુલ સોની

## શ્રી પ્રશાંત બીજલાણી સાથે સવાલ-જવાબ

**પ્રશ્ન-૧ :** *હેલ્થ પોલીસી એટલે શું?*

**જવાબ :** કોઈપણ બીમારી કે અકસ્માતના કારણે થતા ખર્ચનું વળતર મેળવવા માટેની વીમા યોજનાને હેલ્થ પોલીસી કહેવામાં આવે છે. જેમાં મેડિક્લેઈમ, વ્યક્તિગત અકસ્માત વીમાનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન-૨ :** *આ પ્રકારનો વીમો કોઈ લઈ શકે?*

**જવાબ :** કોઈપણ વ્યક્તિ આ પ્રકારનો વીમો લઈ શકે. વીમો લેતા સમયે અગાઉ મોટી બીમારી થયેલ હોય કે ઑપરેશન થયેલ હોય તો તેની જાણ કરવી જરૂરી છે અને તે હિતાવહ પણ છે. જેથી વીમાની રકમ મેળવવામાં તકલીફ ન પડે.

**પ્રશ્ન-૩ :** *મેડિક્લેઈમનું વળતર ક્યારે મળે?*

**જવાબ :** વીમા પોલીસી ધારકને ઓછામાં ઓછું ૨૪ કલાક માટે હોસ્પિટલમાં દાખલ થવાનું થાય તો જ મેડિક્લેઈમની રકમ મળી શકે છે.

**પ્રશ્ન-૪ :** *મેડિક્લેઈમમાં કઈ સારવારનો ખર્ચ મળે?*

**જવાબ :** હોસ્પિટલમાં દાખલ હોય તે દરમિયાન થયેલ તમામ ખર્ચ જેવા કે હોસ્પિટલનો રૂમ ચાર્જ, ઑપરેશન ચાર્જ, હોસ્પિટલની ફી, દવાનો ખર્ચ, એક્સ-રે કે અન્ય લેબોરેટરી રીપોર્ટ, એમ્બ્યુલન્સ વાહનનો ખર્ચ મળવાપાત્ર છે.

**પ્રશ્ન-૫ :** *મેડિક્લેઈમ વીમામાં કઈ સારવારનો ખર્ચ ન મળે કે ઓછું મળે?*

**જવાબ :** પોલીસીના પહેલા વર્ષમાં આંખના મોતિયાના ઑપરેશનનો ખર્ચ ના મળે પરંતુ બીજા વર્ષથી બધી સારવારનો ખર્ચ મળે. સામાન્ય રીતે વીમા કંપની દ્વારા વિવિધ પ્રકારની બીમારી માટે મહત્તમ મળવાપાત્ર રકમની મર્યાદા નિયત કરવામાં આવે છે અને તે મુજબ વળતર મળી શકે.

**પ્રશ્ન-૬ :** *વીમાનું વળતર મેળવવા શું કાળજી લેવી જોઈએ?*

**જવાબ :** મેડિક્લેઈમ વીમો હોય તો હોસ્પિટલમાં દાખલ થયાની જાણ વીમા કંપનીને લેખિતમાં / ઈ-મેઈલથી / ફોનથી – ચોવીસ કલાકની અંદર કરવી જોઈએ. આ ઉપરાંત હોસ્પિટલને પણ આ અંગેની જાણ કરવી જોઈએ. તમામ પ્રકારના ખર્ચ બીલો તેમજ પ્રિસ્ક્રીપ્શન અને રીપોર્ટસ સાચવીને રાખવા, જે ક્લેઈમ કરવા સમયે રજૂ કરવાના હોય છે.

**પ્રશ્ન-૭ :** *હોસ્પિટલમાં દાખલ થયા પહેલાનો કે પછીનો ખર્ચ મળે?*

**જવાબ :** હા. હોસ્પિટલમાં દાખલ થયાના પહેલા એક મહિના દરમ્યાન અને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ બે મહિના સુધી સારવાર અંગે થયેલ ખર્ચનું વળતર મળી શકે છે. આથી આ અંગેના તમામ કાગળો સાચવી રાખવા જરૂરી છે.

**પ્રશ્ન-૮ :** *વીમાની રકમ મેળવવા શું કરવું જોઈએ?*

**જવાબ :** વીમા કંપની દ્વારા કેટલીક હોસ્પિટલમાં કેશલેસ યોજના કરવામાં આવે છે. જયાં પોલીસી રજૂ કરવાથી હોસ્પિટલ કોઈપણ રોકડ રકમ વગર સારવાર કરે છે. આમ, વીમા ધારકે હોસ્પિટલમાં કોઈપણ પ્રકારના બીલ ચૂકવવાની જરૂર ન રહે. જો હોસ્પિટલમાં કેશલેસ સગવડ ન હોય તો તમામ ખર્ચનું વળતર મેળવવા વીમા કંપની પાસે દાવો કરવાનો રહેશે. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ એકાદ અઠવાડિયામાં વીમાની રકમ મેળવવા દાવો કરી દેવો જોઈએ.

**પ્રશ્ન-૯ :** *દરેક વ્યક્તિએ કેટલી રકમનો વીમો લેવો જોઈએ?*

**જવાબ :** હાલ જે રીતે સારવારના ખર્ચ વધી રહેલ છે તે જોતાં દરેક વ્યક્તિ પાસે ઓછામાં ઓછો રૂપિયા એક લાખની રકમનો મેડિક્લેઈમ હોવો જરૂરી છે.

**પ્રશ્ન-૧૦ :** *ફેમિલી ફ્લોટર પોલીસી એટલે શું?*

**જવાબ :** કુટુંબના વ્યક્તિએ એક સાથે આરોગ્ય વીમો લે તો તેની કુલ વીમાની રકમમાં કુટુંબની કોઈપણ વ્યક્તિની સારવારનો ખર્ચ મળી શકે. આમ, વ્યક્તિદીઠ કરતાં ફેમિલી ફ્લોટરમાં વીમાની પોલીસી કુલ રકમ સુધી ગણાય છે. ■

*ઈશ્વર એક વાર એક જ ક્ષણ આપે છે અને બીજી ક્ષણ આપતાં પહેલાં તે ક્ષણ લઈ લે છે.*

*– સ્વેટ મોર્ડન*

## MATRIMONIAL



- **Name :** Jiten Pankajbhai Solanki
- **Father's Name :** Pankajbhai Hiralal Solanki
- **Mother's Name :** Harshaben P. Solanki
- **Birth Date :** 20-09-1991
- **Birth Place :** Bhuj, Kutch.
- **Education :** B.E. (Mechanical Engg.)
- **Job Profile :** Adani Ports & SEZ Ltd.
- **M. No. :** 9979183498, 9033903382

## MATRIMONIAL



- **Name :** **Chandan Budhbhatti**
- **Father's Name :** Yogesh Budhbhatti
- **Mother's Name :** Harsha Budhbhatti
- **Address :** 47/668, Opp. Kankali Temple, Kankali Para, Raipur (C.G.)
- **Birth Date :** 15-07-1987, **Time :** 7.08 p.m.
- **Mangalik :** Yes
- **Birth Place :** Raipur (C.G.)
- **Height :** 5'2" ■ **Weight :** 45 Kgs.
- **Education :** B.Arch. & M.Plan (Urban & Regional Planning)
- **Occupation :** Architect & Urban & Regional Planner
- **Hobbies :** Reading, Listening Songs, Sewing, Travelling

## MATRIMONIAL



**Name :**
Radhika Prakashbhai Kansara
**Father's Name :**
Prakashbhai Chunilal Kansara (Business : Cycle parts wholesaler)
**Mother's Name :**
Bhavnaben Prakashbhai Kansara (Housewife)
**Address :** F-10, Mangaldeep Flat, Jodhpur Cross Road, Opp. Pruthvi Tower, Satellite, Ahmedabad-15.
**Birth Date :** 31-12-1991 Time : 8.45 a.m.
**Birth Place :** Ahmedabad
**Height :** 5'3"
**Weight :** 68 Kgs.
**Hobby :** Music, Photos, Beautician, Painting etc.
**Education :** B.Com. from JG College of Comm. (2012), MBA (Finance) from Sal Inst. of Management (2014)
**Profession :** (1) E-procurement technologies Ltd. working since 1st Sept, 2014 (2) Indusind Bank.
**Contact No.:** 9428123733

## MATRIMONIAL



- **Name :** **Pratik Dineshchandra Parmar**
- **Father's Name :** Dineshchandra Chhotalal Parmar
- **Mother's Name :** Indiraben Dineshchandra Parmar
- **Address :** "Kudrat", Gopal Nagar, B/h. Ranchhod Nagar, Keshod-362 220. (Dist.: Junagadh)
- Birth Date : 17-02-1987, Time : 11.20 a.m.
- Birth Place : Junagadh
- Height : 5'8" ■ Weight : 68 Kgs.
- Education : B.A. with English
- Occupation : Proprietor of Mobile Shop
- M. : 9998182334 (Dineshbhai Parmar)

# પગની પીડા – વેરીકોઝ વેઈન્સ

દિલીપ મ. વૈશ્નવ

વેરીકોઝ વેઈનની બીમારીની વાત કરીએ. આર્ટરી એટલે હૃદયમાંથી શુદ્ધ લોહી અંગોના બધા જ કોષોને પહોંચાડનારી ધમની (નસો). અને અશુદ્ધ લોહીની નસો એટલે શિરા (અંગ્રેજીમાં Vein). આ શિરા બધા જ અંગોમાંથી અશુદ્ધ લોહીને હૃદય તરફ લઈ જાય છે. આ તમામ પ્રકારની રક્તવાહિનીઓમાં ઠેરઠેર જગ્યાએ અનેક પ્રકારના વાલ્વ આવેલા હોય છે. જે લોહીને શરીરમાં એક જ દિશામાં ફેરવવા માટે ઉપયોગી બને છે.

'VARICOSE VEIN' શબ્દ લેટીન ભાષાના શબ્દ 'VERICOSUS' માંથી ઉદ્‌ભવ્યો છે. વેરીકોઝનો અર્થ સુજેલું અથવા ગુંચળા આકારનું કહી શકાય. અશુદ્ધ લોહી લઈ જનાર શિરાની દિવાલ અને વાલ્વ નબળા પડી જાય એટલે અશુદ્ધ લોહીને ચોક્કસ દિશામાંથી હૃદય તરફ ધકેલવામાં મુશ્કેલી પડી જાય. તેથી અશુદ્ધ લોહીનો જમાવડો શિરામાં થાય છે. શિરાઓ પણ સુજી જાય. ટુંકમાં આ શિરાઓ અને પેટા શિરાઓ વાંકીચુંકી કે ગુંચળા જેવી થઈ જાય છે. આ એક પ્રકારની, શિરાઓને લગતી બીમારી છે.

આ બીમારી સામાન્ય રીતે પગમાં થાય છે. પણ ક્યારેક શરીરના ગમે તે અંગમાં થઈ શકે. પગમાં થતી આ બીમારી ગોઠણથી પગના પંજાથી માંડીને પગની પીંડી સુધી કે ઘણી વાર સાથળ સુધી થાય છે. આ શારીરિક તકલીફમાં શિરાનું અશુદ્ધ લોહી, વાલ્વ નબળા થઈ જવાને કારણે હૃદય તરફ જઈ શકતું નથી. આથી અસ્વસ્થ લોહી હૃદય તરફ જઈ શકતું નથી. તેથી લોહીનો જમાવડો તે શિરામાં પડી રહે. આમ થવાથી વેરીકોઝ વેઈનના નીચે પ્રમાણે લક્ષણો જોવા મળે છે.

શિરાઓ પહોળી થાય અને ફુલવા લાગે. લોહીનું લીકેજ થાય. શિરાઓ ફુલાય એટલે પગમાં સોજા આવે, પગ દુઃખે, કળતર થાય, પગનો રંગ કાળો પડે છે. ક્યારેક પગની કોઈ પણ જગ્યા પર ચાંદુ પડે રૂઝાવવામાં ક્યારેક લાંબો સમય લે. અંદરની આ નસો ગંઠાઈ જાય અને લાલ લાલ થઈ જાય.

- **આ બીમારીના કારણો :**

વારસાગત પણ એક કારણ છે. પગ સતત લટકતા રહે, ખૂબ લાંબા સમય સુધી સતત ઊભા રહેવું પડે, કસરતનો અને શારીરિક શ્રમનો અભાવ, સર્જરી, શરીરની સ્થુળતા, સગર્ભાઅવસ્થા, કબજિયાત, ખાવાપીવાની કુટેવ, ટાઈટ કપડાં પહેરવા વિ.

- **આ બીમારી કોને થાય?**

ગૃહિણીઓને (ઊભા રસોડા જવાબદાર છે.) સર્જનો અને તેના સહાયકો, જેઓ લાંબા સમય સુધી સર્જરીમાં વ્યસ્ત હોય. પોલીસો, સેલ્સમેન, દુકાનદારો કે મૉલના કર્મચારીઓ – આ તમામ લોકોને દરરોજ લાંબા સમય સુધી ઊભા રહેવાથી તેમજ લાંબા સમય સુધી પગ ઊભા કે લટકતા રાખતા લોકોને મોટી ઉંમરે આ ઉપાધી આવે.

આ બીમારી આમ ગંભીર નથી, પણ ક્યારેક ગંભીર થઈ શકે છે. કોમ્પ્લિકેશન કે ગંભીર પરિસ્થિતિમાં સર્જરી આવશ્યક બને છે.

નિદાન પછી સારવાર પણ ઉપલબ્ધ છે. એલોપેથી, આયુર્વેદ, હોમિયોપથી, નેચરોપેથી વિ. માં સારવાર છે. કેટલીક કસરત ઘરે કરવાથી વેરીકોઝ વેઈનની પીડામાં રાહત મળી શકે. આ માટેની યોગ્ય કસરત, કસરતના શિક્ષક પાસેથી શિખવી જોઈએ. આ તકલીફ હળવી કરવા માટેની ટીપ્સ જોઈએ. :

(૧) ઠંડા, નવશેકા ગરમ પાણીનો શેક કરાય.

(૨) સ્નાન કર્યા બાદ હળવા હાથે કોપરેલ કે ડોક્ટરે લખેલી ક્રીમની માલીશ કરાય.

(૩) આરામ સમયે કે સૂતી વખતે ઓશીકા ઉપર પગ રાખો. અથવા પલંગ પર એવી રીતે સુવો કે તમારા બન્ને પગની પેની ભીંત પર મુકો. આમ કરવાથી પગનું લોહી ઉપરની તરફ જશે.

(૪) ચાલવા માટેના સારા બૂટ પહેરી ૩૦ થી ૪૦ મિનિટ રોજ ચાલો.

(૫) હળવી કસરત અને પ્રાણાયામ કરો.

(૬) વજન સપ્રમાણ રાખો. પોષક આહાર લો.

(૭) લાંબા સમય સુધી ઊભા ન રહેવું, વચ્ચે ચાલતા રહો.

(૮) કપડાં હળવા પહેરો. એટલે કે તંગ કપડાં ન પહેરો.

(૯)પ્રસન્ન ચિત્ત રાખો અને ખડખડાટ હસતા રહો.

(૧૦)પગ પર તમારા ડોક્ટરે સુચવેલા સ્ટોકીંગ્સ (મૉજા) પહેરો. સાધારણ તકલીફ વખતે તમારા ડોક્ટરને મળતા રહો અને તેની જરૂરી સલાહ મુજબ સારવાર લો.

વેરીકોઝ વેઈનની બીમારી જ્યારે ગંભીર બને છે ત્યારે સર્જરી મદદરૂપ બને છે. આજકાલ ચાર પ્રકારની ઓપરેશન પદ્ધતિઓ છે : લેસર, રેડિયોફ્રિકવંસી, સ્ટ્રીપીંગ અને સ્કલેરોથેરાપી. અલબત, આ ઓપરેશન ખર્ચાળ હોવા સંભવ છે, પણ દર્દીને ચીરફાડ થતી નથી પણ અદ્યતન પધ્ધતિથી સરળતાથી સર્જરી થાય છે, જેથી દર્દીને દવાખાનામાં લાંબા સમય સુધી રહેવું પડતું નથી. એકાદ દિવસમાં પેશન્ટ ઘરે જઈ

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૨ ઉપર)

# સ્વાસ્થ્યવર્ધક શિયાળો

સમીર કંસારા - ભુજ

દરેક સવારે એક જાદુ અવશ્ય થાય છે. વહેલા ઉઠવા માટે એલાર્મ સેટ કર્યો હોય, બરાબર સાત વાગે ઘડિયાળના ટકોરા પડે... બસ પાંચ મિનિટ... કહીને રજાઈમાં પાછા જતાની સાથે જ પાંચ મિનિટ પછી સાડા સાત વાગી જાય... બસ, આ સામાન્ય ક્રમ દરેકના જીવનમાં આવતો જ હોય છે. શિયાળાની સવાર એટલે રજાઈમાં પડ્યા રહેવાનો અનેરો આનંદ. કદાચ એટલે જ શિયાળો સૌને ગમતો હશે. નાના હતા ત્યારે દરરોજ સવારે સ્કુલ ન જવા માટે કેટલાય ત્રાગા કરતા. 'હોમવર્ક નથી થયું, યુનિફોર્મમાં ડાઘ છે, પહેલો તાસ ફ્રી છે, સાઈકલ બરાબર નથી ચાલતી વિ...' પણ ખરૂં કારણ તો વહેલા ઉઠવાનું જ હોય... આમ છતાં શિક્ષકો નિબંધ પણ એવો જ આપે... "શિયાળાની સવાર."

જીવન અને ઋતુચક્રને એક ઘનિષ્ટ સંબંધ છે. લીલા શાકભાજી, ફળ, ફૂલ બધા શિયાળામાં સારી રીતે પાકે છે. જ્યારે મનુષ્ય, જીવ-જંતુ – એ બધા શિયાળામાં પોતાના ઘર, દરમાં વધુ પડતા રહે છે. વર્ષ દરમ્યાન શિયાળો, ઉનાળો અને ચોમાસો – એમ ત્રણ ઋતુઓ આવે છે. જ્યારે નાના હતા ત્યારે ઉનાળો બહુ ગમતો કારણકે ઉનાળામાં લાંબુ વેકેશન મળે. સવારે પક્ષીઓના કલરવથી દિવસની શરૂઆત થાય. ઠંડા પાણીના હોજ કે સ્વિમિંગ પુલમાં નાહવાની મજા પડી જાય. ફુવારા નીચે આખો ટાંકો ખાલી કરી દેવાનું મન થાય. પછી વેકેશન સમાપ્ત અને ચોમાસાની શરૂઆત પણ ખરી જ. કાગળની હોળી અને વરસાદમાં નાહવાની મજા. બસ, હવે બાકી રહ્યો શિયાળો... સમજાતું નથી કે કેમ શિયાળાને 'સ્વાસ્થ્ય વર્ધક' કહેવામાં આવે છે?

શિયાળાનું એક આગવું મહત્ત્વ આપણા જીવનમાં છે. ભારતમાં શિયાળો ચોમાસા પછી આવે છે. સ્વાસ્થ્ય માટે શિયાળાનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. વહેલી સવારે ફરવા જવું, ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા, યોગ કરવા, કસરત કરવી વગેરે. માણસના સ્વાસ્થ્ય અને ખોરાક વચ્ચે ઘનિષ્ટ સંબંધ હોય છે. અનેક રોગો પાછળ ખોરાકનો મહત્ત્વનો ભાગ હોય છે. જુના જમાનામાં માણસ ખોરાક તરીકે કુદરતી ફળો, શાકભાજી વગેરેનો ઉપયોગ કરતા હતા. ધીમે ધીમે અનાજ, કઠોળ, વિવિધ વ્યંજનોનો ભરપૂર ઉપયોગ વધતો ગયો. પહેલા લોકો ખોરાક, વ્યવસાય, ઊંઘ વગેરે બાબતો વચ્ચે યોગ્ય સંતુલન જાળવતા રહેતા હતા પરંતુ આજના આધુનિક યુગમાં અનિયમિત ખોરાક, આહારમાં પોષક તત્ત્વોનો અભાવ, તનાવભર્યું જીવન વગેરેને લીધે આપણું સ્વાસ્થ્ય દિવસો દિવસ ઉતરતા ગ્રાપ સમાન બની ગયું છે. આ બાબતમાં સુધારો લાવવા યોગ્ય પ્રયાસો જરૂરી છે. અને તેના માટેનો ઉત્તમ સમય એટલે શિયાળો.

સ્વસ્થ જીવન માટે સૌથી જરૂરી છે પોષણયુક્ત ખોરાક, વ્યાયામ, જીવનમાં આનંદ અને ઉત્સાહ તથા તણાવમુક્ત જીવન. પોષણયુક્ત આહારમાં મુખ્યત્વે ચરબી, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન હોવા જોઈએ. આહાર શક્તિ આપનાર, શરીરને બાંધનાર, રોગ પ્રતિકારક શક્તિ વધારનાર, પાચન શક્તિ વધારનાર હોવો જોઈએ.

શક્તિ આપનાર આહારમાં મુખ્યત્વે અનાજ, ઘઉં, ચોખા, જુવાર, બાજરી, કંદમૂળ – બટાટા, શક્કરીયા, ખાંડ, ગોળ, મધ વગેરેનો સમાવેશ થાય છે.

તો બીજી તરફ શરીરને બાંધનાર ચરબીયુક્ત એટલે કે ઘી-તેલ, માખણ, દૂધની બનાવટો, દહીં, પનીર, કઠોળ વગેરે.

રોગ પ્રતિકારક શક્તિ વધારવા મિનરલ્સ, ફળો, લીલા પાનવાળા શાકભાજી, વિટામિન, રેસાવાળા ફળો વગેરેનું સેવન કરવું.

ઉનાળામાં ખોરાક કરતા પાણી પીવાનું વધુ થતું હોવાથી આપણા આહારમાં ઉપરોક્ત અન્ય વસ્તુઓ કરતાં પાણીનો વપરાશ વધુ હોય છે. જ્યારે ચોમાસામાં લીલા શાકભાજી ઓછા મળે છે. બહાર હરવા ફરવાનું ઓછું હોવાથી ભારે ખોરાક પણ પચતો નથી. આમ, વધ્યું કોણ? "શિયાળો..."

શિયાળામાં સામાન્ય રીતે લીલા શાકભાજી, કઠોળ, ભાજી, ફળો પુષ્કળ પ્રમાણમાં મળે છે. આંબા હળદર, લીલી હળદર, આદુ, ફુદીનો, શેરડી, પાલક, ગ્રીન સલાડ ભરપૂર પ્રમાણમાં લઈ શકાય છે. શિયાળામાં હોજરીને શાંત પાડવા વધુ ખોરાકની જરૂર હોય છે. વિવિધ વિટામિન અને કેલ્શિયમ મેળવવા માટે ડ્રાયફ્રુટ્સ અને ખજુરનું સેવન પણ કરી શકાય છે. ગુંદર અને ગોળ, મળે એમાં સૂકો મેવો એટલે બને સુખડી (ગોળ પાપડી). જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ પોષક છે. શિયાળામાં સૌ આબાલ વૃધ્ધને પસંદ એવો મકરસંક્રાંતિનો તહેવાર એટલે પતંગ ઉડાડવા, લુંટવા સાતે તલ અને સીંગની ચીક્કી અને શેરડીની મજા પણ અનેરી હોય છે. વહેલી સવારથી જ ધાબા પર પતંગ ઉડાડવાની તથા પેચ લડાવવાની અનોખી મજા હોય છે.

આ તો થઈ શિયાળામાં ખાણીપીણીની વાત. હવે તેની સાથે જરૂરી છે વ્યાયામ. સામાન્ય રીતે વ્યાયામ કંટાળાજનક પ્રવૃત્તિ છે. સવારે વહેલા ઉઠીને મોજમજાની જીંદગી અવરોધીને હાથપગ હલાવવા, કસરત કરવી, યોગાસન કરવા. જુના

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૨ ઉપર)

## કેટલીક શીખવા જેવી વાતો

**સંકલન : અતુલ સોની**

વિશ્વના બીજા નંબરના સૌથી ધનિક વૉરન બફેટે ૩૧ બિલિયન ડોલરનું દાન કર્યું તે પછી સી.એન.બી.સી.એ લીધેલા તેમના ટેલિવિઝન ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે કરેલાં કેટલાંક વિધાન વિશ્વભરના ધનપતિઓ માટે જ નહીં પરંતુ દુનિયાભરના તમામ લોકોએ તેમાંથી શીખવા જેવી વાત છે. કેટલીક મહત્ત્વપૂર્ણ વાતો આ પ્રમાણે છે :

★ મેં ૧૪ વર્ષની વયે ન્યુઝ પેપર્સનું વિતરણ કરીને જે બચત કરી હતી તેમાંથી મેં એક નાનકડું ફાર્મ ખરીદ્યું. તમે નાનકડી બચત કરીને પણ ઘણું મેળવી શકો છો. તમે તમારા સંતાનને કોઈપણ ધંધો કરવા પ્રોત્સાહિત કરો. મેં ૧૧ વર્ષની વયે કમાણીની શરૂઆત કરી હતી. પરંતુ આજે મને લાગે છે કે મેં ઘણું મોડું શરૂ કર્યું. મારે તે કરતાંય વહેલા કમાવાનું શરૂ કરવાની જરૂર હતી.

★ બની શકે તેટલી સાદગીથી જીવન જીવો.

★ હું આજે પણ ત્રણ બેડરૂમના નાનકડા ઘરમાં રહું છું. આ ઘર મેં આજથી ૫૦ વર્ષ પહેલાં મિડટાઉન ઓમાહામાં ખરીદ્યું હતું. તમારાં બાળકોને પણ એમ જ શીખવો કે જરૂરિયાત કરતાં વધારાની ચીજવસ્તુઓની ખરીદી કરી પૈસા ન બગાડે.

★ હું મારી મોટરકાર જાતે જ ચલાવું છું. ડ્રાઈવર રાખતો નથી. મારી આસપાસ સલામતી માટે પણ માણસો રાખતો નથી. તમે જે છો તે જ રહેવાના છો.

★ વિશ્વની મોટામાં મોટી પ્રાઈવેટ જેટ કંપનીનો માલિક હોવા છતાં હું મારા માટે પ્રાઈવેટ જેટ વિમાન રાખતો નથી. જીવનની દરેક બાબતમાં કરકસર કરો.

★ હું યોગ્ય વ્યક્તિને જ યોગ્ય કામ આપું છું. મતલબ કે 'રાઈટ પીપલ'ને 'રાઈટ જોબ' આપું છું.

★ તમે એક ગોલ નક્કી કરો અને તમારા માણસોને ગોલ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી વ્યવસ્થા કરો.

★ મોટા મેળાવડાઓ કે હાઈ સોસાયટીના જમેલાઓમાં જઈ હું સમય બગાડતો નથી. એમ કરવાને બદલે હું મારા ઘરે જઈ પોપકોર્ન ખાતાં ખાતાં ટેલિવિઝન જોવાનું પસંદ કરું છું.

★ તમે જે નથી તેનો દેખાડો કરવાનો પ્રયાસ કદી ન કરશો. હું જેવો છું તેવો જ સમાજમાં દેખાઉં તે જરૂરી છે. તમને જે ગમે છે તે પ્રમાણે જીવનનો આનંદ માણો.

★ હું કોઈ ક્રેડિટ કાર્ડ રાખતો નથી. ક્રેડિટ કાર્ડ કદી રાખવું નહિ. હું બેંકોમાંથી લોન લેતો નથી.

★ એક વાત યાદ રાખો કે પૈસો માનવીનું સર્જન કરતો નથી, માનવી જ પૈસાનું સર્જન કરે છે.

★ બીજાઓ જે કરે છે તેમ ન કરો. બીજાઓ જે કહે છે તે સાંભળો અને તમને યોગ્ય લાગે તેમ જ કરો.

★ બિનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી પૈસા બરબાદ ન કરો. તમને જેની જરૂરિયાત છે તે જ વસ્તુઓ ખરીદો.


**દિલીપભાઈ પી. સોની**

**મો. 92288 79689 / 84603 32284**

# શ્રી સ્વામિનારાયણ સુવર્ણકાર હુન્નરશાળા

## A.C. જ્વેલરી ક્લાસીસ

**સોનામાં કામ કરી શકે પછી કોર્ષ પૂરો.**

**ઘાટકામ, રચ-રવા, પ્લાસ્ટર ઓફ પેરીસ પર ફેન્સી કલકત્તી, ઘડતર કામ, મશીનકટ વર્ટીકલ, હેન્ડ મશીન, ખીલાબંગડી કોર્ષ**

એફ-૧૩, પહેલા માળે, પારીજાત માર્કેટ, દેવસાના પાડાની સામે,
સ્વામિનારાયણ મંદિર રોડ, કાલુપુર, અમદાવાદ-૧.

## શું આપના પરિવારના કોઈ સભ્ય કે સંબંધીઓ વિદેશમાં વસે છે?

આપણા સમાજના ઘણા પરિવારો અમેરિકા, યુરોપ, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, દુબઈ, શારજહાં વગેરે સ્થળે વિદેશમાં સ્થાયી થયેલ છે.

'જ્ઞાતિસેતુ'ના આગામી અંકમાં આપણા NRI પરિવારોની વિગતો પ્રસિદ્ધ કરવાની નેમ છે. આથી સર્વે વાંચકોને વિનંતી છે કે આપના વિદેશમાં વસતા પરિવારોની માહિતી આપશો... તેઓ વિદેશમાં ક્યાં વસે છે, કેટલા સમયથી વિદેશમાં સ્થાયી થયા છે, હાલમાં ત્યાં રહી નોકરી / વ્યવસાય કરે છે કે અભ્યાસ કરે છે તે ખાસ જણાવવા વિનંતી છે. તે પરિવારના ફોટોગ્રાફ અને E-mail ID તેમજ ફોન નંબર પણ આપવા વિનંતી છે.

આ સમગ્ર માહિતીનું સંપાદન આદિપુર સ્થિત પ્રો. રસીક મહીચા દ્વારા કરવામાં આવશે. આપની વિગતો વહેલામાં વહેલી તકે 'જ્ઞાતિસેતુ'ના નીચેના સરનામે મોકલવા વિનંતી. આપ આ માહિતી E-mail દ્વારા પણ મોકલાવી શકો છો. આભાર...

**અતુલ સોની**

ઇ-૫૦૪, આર્યમાન નિવાસ, સાંઈબાબા મંદિર સામે, રામદેવનગર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**E-mail :** gnyatisetu@gmail.com • rrmahitcha@yahoo.co.in

## "જ્ઞાતિસેતુ"માં લગ્ન વિષયક – MATRIMONIAL જાહેરાત આપવા અંગે

"જ્ઞાતિસેતુ"માં સમાજના દીકરા - દીકરીઓ માટે લગ્ન વિષયક જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. હાલના સમયમાં એકબીજાથી દૂર રહેતા પરિવારો માટે આ માહિતી ખૂબ ઉપયોગી થાય છે. આ જાહેરાત ૧/૪ (ક્વાર્ટર) પેજમાં પ્રસિધ્ધ થાય છે. જાહેરાત આપવા ઇચ્છતી વ્યક્તિએ ઉમેદવારની તમામ વિગતો જેવી કે નામ, માતા-પિતાનું નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ, શૈક્ષણિક લાયકાત, નોકરી / વ્યવસાયની વિગત, વજન, ઊંચાઈ, મોસાળની વિગત, હાલનું સરનામું તથા સંપર્ક ફોન નંબર લખી જણાવવાના રહેશે. સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ મોકલવાનો રહેશે.

વિશેષમાં, સમાજની દીકરીઓ માટેની લગ્ન વિષયક જાહેરાત નિઃશુલ્ક છાપવામાં આવશે. તે અંગે કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. યુવકો માટેની જાહેરાત ૧/૪ (ક્વાર્ટર) પેજ — બ્લેક એન્ડ વ્હાઈટ માટે રૂા. ૫૦૦/- લેવામાં આવશે.

**આ અંગે વિશેષ માહિતી માટે સંપર્ક : મનુભાઈ કોટડિયા (મો. ૯૯૦૧૨ ૭૫૦૭૮)**

## "જ્ઞાતિસેતુ"ના લવાજમ અંગે

છેલ્લા અગિયાર વર્ષથી "જ્ઞાતિસેતુ" સામાયિક દર બે માસે પ્રસિધ્ધ થાય છે. મારૂ કંસારા સોની જ્ઞાતિના કચ્છ અને કચ્છ બહાર વસતા પરિવારો વિશે, શિક્ષણ, સ્વાસ્થ્ય, સામાજિક વિષયો પર પારિવારિક ઉપયોગી માહિતીનો, આ સામાયિકમાં સમાવેશ થાય છે.

"જ્ઞાતિસેતુ"નું **ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૩૦૦/-** છે તેમજ **આજીવન લવાજમ (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-** છે. લવાજમની રકમ રોકડ / ડિમાન્ડ ડ્રાફ્ટ કે મની ઑર્ડરથી નીચેના સરનામે મોકલવાની રહેશે. આ ઉપરાંત લવાજમની રકમ **"અલ્હાબાદ બેંક"**ની સ્થાનિક શાખામાં નીચે દર્શાવેલ એકાઉન્ટ નંબરમાં ભરીને તેની રસીદની નકલ નીચેના સરનામે મોકલાવી શકો છો.

**બેંક ખાતાની વિગત**

- ★ **ખાતાનું નામ** : **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**
- ★ **ખાતાનો પ્રકાર** : સેવિંગ ખાતુ
- ★ **ખાતા નંબર** : **20008658973**
- ★ **બેંકનું નામ** : અલ્હાબાદ બેંક, એસ.પી. નગર શાખા, અમદાવાદ. ★ **IFSC Code : ALLA0211929**

**શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ**
**C/o. ધવલ જ્વેલર્સ**
ચાંલ્લા ઓળ, માણેકચોક,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

# શ્રધ્ધાંજલિ



**રમેશભાઈ કરસનદાસ બુદ્ધભટ્ટી**

(સંદિપ ભજીયાવાળા) ભુજ- કચ્છ

**સ્વ. તા. ૩ ફેબ્રુઆરી ૨૦૧૫**

પ્રેમથી હાથ ફેરવી બેટા કહેનારા પિતા હવે નહીં મળે,
દુઃખમાં વડલા સમી છાયા આપનાર પિતા હવે નહીં મળે,
સાચો રાહ બતાવનાર પિતા હવે નહીં મળે,
છાના ખૂણે રડી લઈશું આંસુ લુછનાર પિતા હવે નહીં મળે,
માછલી અને ગાયો વાટ જુએ છે તમારી,
એકપણ પળ ભૂલતા નથી, આંખમાં આંસુ વહ્યા કરે છે,
લાડ લડાવનાર પપ્પા તમારી બહુ યાદ આવે છે,
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે.

શોકાતુર

ગં. સ્વ. સરોજબેન રમેશભાઈ બુદ્ધભટ્ટી

સંદિપ રમેશભાઈ બુદ્ધભટ્ટી
નયના સંદિપભાઈ બુદ્ધભટ્ટી
પૂર્વેશ રમેશભાઈ બુદ્ધભટ્ટી
નીલમ પૂર્વેશ બુદ્ધભટ્ટી
દેવ, મંત્ર, પ્રાંજલ

દિનેશકુમાર જેઠાલાલ સોની
દિપાબેન દિનેશકુમાર સોની
દિપકકુમાર ગંગારામ કટ્ટા (નખત્રાણા)
રાધિકાબેન દિપકકુમાર કટ્ટા (નખત્રાણા)
વૈશાખી, મનાલી, દર્શન, નિહીર, દિયા

તથા સમસ્ત કરસનદાસ કેશવજીભાઈ બુદ્ધભટ્ટી પરિવાર



# Season's Greeting

Dear Patron

As year comes to a close and we look ahead to 2016, we wanted to take a moment to say thank you for making us such an exciting, diverse and creative agency.

It is because of you that we come to work each day, challenged and inspired to build great things.

Thanks for affording us this opportunity and for allowing us to share in your artistic process.

Wishing you and yours a happy, healthy and creative New Year,

Jayesh - Amit - Kuldeep

Branding, Designing & Printing — PRINTOGRAPHY 1993 Designer & Consultants — jkg@printography.co.in

Watches, Phones, Mobile, DTH Sales & Service — M TIME & TELECOM — mtime1992@gmail.com

Product, Industrial & Architectural Photography — IMAGEGRAPHY Best Becomes Better — kd@imagegraphy.co.in

Copier Paper & Stationery — OfficeWorld Communication Stationery, Great for business Communication — jkg@primex.co.in

Vijay Plaza, Kankaria Road, Ahmedabad 380022 | Tel. : 2545 4272 / 74 | Cell : 9033 227172 / 73, 98240 66505

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021. Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00